કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું અદ્યતન માસિક

આદ્યતંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત
ઑગસ્ટ–સપ્ટેમ્બર · ૧૯૪૩



સરસ્વતી — વિષ્ણુ ભટ્ટ

૨૩૬



પ્રકાશન તારીખ ૨૮-૧૦-૪૩

ચિત્રો

કાવ્યો


ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

મુદ્રક·બચુભાઈ રાવત; પ્રકાશક · રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પરદેશના ૧૨ શિ., છુટક દસ આના.





ચિત્રલેખા
સૌ. શ્રીમતી નિર્મળાબહેન દેસાઈ

'કુમાર'ના ૨૩૩મા અંકના મુખચિત્ર રૂપે આપેલા રંગચિત્ર 'હુહુયુદ્ધ'નાં ચિત્રલેખા તરીકે વાચકોને એમનું નામ યાદ હશે. આ સામે એમનાંબીજાંબેચિત્રો આપેલાં છે.તેઓ એક સુશિક્ષિત સધન કુટુંબનાં સુપુત્રી અને સંસ્કારસંપન્ન કુટુંબનાં સન્નારી છે મુંબાઇના ટાઉનહૉલમાં ભરાતાં પ્રદર્શનોમાં દર વર્ષે તે લાવણ્યમય મૃદુ ઊર્મિઓવાળાં ચિત્રો રજૂ કરતાંજ રહ્યાંછે.તેમનાચિત્રપ્રસંગોમાંજીવન-ની સ્વસ્થતા ને શાંતિની ઝંખના દેખાય છે.

ઉપર:
અભિષેક-સ્નાન
નીચે:
મેઘાગમન
ચિત્રલેખા
સૌ. શ્રીમતી
નિર્મળાબહેન દેસાઇ



ચિત્રકળાનું શિક્ષણ તેમણે મુંબાઇની સર જે. જે. સ્કૂલ ઑાવ આ-ર્ટ્સમાં લીધું છે;અનેસુવિખ્યાત કલાકારતથાચિત્રાધ્યાપકશ્રી જગન્નાથ અહીવાસી દ્વારા હિંદી ચિત્રકળાની તાલીમ લઈ એ ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રકારની નિપુણતા પ્રાપ્ત કરી છે. મુંબાઈની કળાશાળામાંથી ડિપ્લોમા મેળવનાર તેઓ પહેલાં ગુજરાતી સન્નારી છે. વિશિષ્ટ સર્જન માટેનું એ કળાશાળાનું જાણીતું 'ડૉલી ખરશેદજી પ્રાઇઝ' પણ તેમણે મેળવ્યું છે.

ડિપ્લોમા મેળવ્યા બાદ તેમણે મ્યૂરલ ડેકોરેશન (ભીંતચિત્રો)ને લગતો અભ્યાસક્રમ પૂરો કર્યો અને તે જ શાળામાં એક વર્ષ ફેલો તરીકે નીમાયાં. શાળાના આજ સુધીના ઈતિહાસમાં ફેલો તરીકે નીમાનારાં પહેલાં સન્નારી પણ તેઓ જ છે.

તેમના હાથે આજ સુધીમાં અનેક ચિત્રકૃતિઓનું નિર્માણ થયું છે. અભ્યાસકાળના ત્રીજા વર્ષમાં તેમણે 'અભિષેક' નામક એક ચિત્ર આલેખેલું જેની લંડન આર્ટ સોસાએટીના પ્રદર્શન માટે પસંદગી કરવામાં આવી હતી.

એ શાળાના 'પ્રિન્સિપાલ ગ્લૅડસ્ટન સૉલૉમન સ્કોલરશિપ' ફંડને લગતા પ્રદર્શનમાં તેમનું નૃત્યકારનું ચિત્ર ઉત્કૃષ્ટ કોટિનું ગણાયું હતું ને 'બ્રૉન્ઝ મેડલ' જીતી ગયું હતું. મુંબાઇ ઉપરાંત સીમલા, લાહોર, કલકત્તા, આદિ હિંદનાં શહેરોમાં ભરાતાં ચિત્રપ્રદર્શનોમાંથી પણ તેમનાં ચિત્રો પોતાની ગુણવત્તા વડે અનેક ચન્દ્રકો અને પારિતોષિકો લઈ આવ્યાં છે. ગુજરાતના ઊગતા અગ્રગણ્ય ચિત્રકારોમાં સૌ. શ્રીમતી નિર્મળાબહેન દેસાઇ અવશ્ય વિશિષ્ટ સ્થાન ધરાવે છે.



બીજની કલા

ચિત્રકાર · છગનલાલ જાદવ

રાગ-મંચ

· શિખરિણી ·

૧

લચંતી સાખોથી ક્ષિતિ ઉભરતાં આમ્ર તરુ શાં,
અને રક્તશ્યામે ફલથી લસતાં જંબુવન ત્યાં,
મહા દ્રાક્ષાકુંજે લલિત ઝુમતા પુંજ મધુના
અને ઈક્ષુક્ષેત્રે નરતત ધરાનો રસ કશો!

વિશાળાં બીડોમાં ધણ વિચરતાં શષ્પ ભુજતાં.
શુકોનાં વૃન્દોના કલરવ ફલોનાં વિટપ પે,
પિવાડે ગૌ હેતે પય લિહીલિહી વત્સશિરને,
અને માદા દેતી ચણ વિકસિયા શાવકમુખે.

ત્યહીં ભકતે અન્ન પ્રભુપદ ધર્યાં કૂટ રચીને,
ઉદારે કો જીવે સકલ જનને ભોજ અરપ્યો,
અને પ્હેલી માતા નિજ સકલ સૌભાગ્યરસને
રહી સ્રાવી દેઈ સ્તનમુખ શિશુના મુખ મહીં.

સમસ્તાં ભોજ્યોના મધુભૃત મહા પુદ્ગલસમ
તને પ્રાશ્યો પ્રાશ્યો સભરરસ કેદાર પરમ!

૨

ઉષાની સૌવર્ણી પિચળ નભને ભાલ પ્રકટી,
ખિલી કંકુવર્ણી સરવરજલે કૈં કમલિની,
ઝર્યાં પારિજાતો ઢગ પર ઢગો કુંજકુહરે,
અને આછીઆછી લહર જલને સાગર સ્ફુરી.

ઊઠી બાલા, હૈયે કંઈકંઈ થતા સ્ફોટ અકળ,
અજાણી આશાઓ, રુધિર તણી કૈં રમ્ય સ્ફુરણા,
નવાં અંગો કેરો ઉદય, નવલી ઝંખન મધુ,
રહી પેખી મીઠું રવિકિરણથી રંજિત જગત્.

શુચિ સ્નાને, વસ્ત્રે વિમલ, કચ છુટ્ટે મલપતી,
લલાટે બિન્દી ને અધર પર મુગ્ધ સ્મિત મઢી,
કરે પૂજાથાળી, રુમઝુમત સૃષ્ટિ જગવતી
જઈ થંભી, નામી શિર, શિવપદે અર્પિત થઈ.

ઉગંતી ઊર્મિનાં સ્ફુરણ ધરતી બાલસલિલા
સરિત્ જેવી દુર્ગા ઉર પર ઝિલી સૌમ્ય સુજલા.

· શાર્દૂલવિક્રીડિત ·

૩

ઝૂલે છે નૃપમંદિરે મદભર્યા માતંગ સાલંકૃત,
બાજે ભેર ગભીર ઘોષ સ્વનતી કૈં રાગિણી ઉત્કટ,
ઊંચાં અંબર આંબતાં શિખર કૈં પ્રાસાદનાં પ્રોન્નત,
જ્યાં ઊડે જયરાગરંજિત કંઈ ઊંચા કુસુમ્બી ધ્વજ.

બેઠા ભૂપતિ આસને, ભર સભા, ભટ્ટાર્ક શૌર્યોજ્જવલ,
વાચા નિર્ઝરતી રસાર્દ્ર રસના આગાર વાગીશની,
વાર્તાઓ વિલસંતી દિગ્વિજયની, ગૂઢાર્થ સંકેતની,
ને વીણા સહ ગાન ગાતી રમણી માધુર્યનિષ્યન્દિની.

ગાજ્યાં ત્યાં રણશીંગ, દુંદુભિ પરે ચોટો પડી યુદ્ધની,
શૂરાનાં રુધિરો છલ્યાં, નૃપતિની આંખેથી વહ્નિ ઝર્યા,
સૈન્યો સજ્જ થયાં, હયો ગજદલો ગોરંભિયાં મેઘ શાં,
ને ત્યાં ઊતરી સૌ અધર્મ હણતી આશીષ ધર્માત્મની.

એવો ભવ્ય બલિષ્ઠ ગૌરવભર્યો ઉદ્દીપ્ત-ઓજસ્ સદા
પ્રૌઢપ્રાણ બૃહત્ શ્રવ્યો શું દરબારી કન્નડો સૌખ્યદા.

૪

નીલશ્યામ નિરભ્ર ઘુમ્મટ ઢળ્યો આકાશનો આવરી
સર્વે પ્રાન્ત દિશા તણા, દૃગ મીંચી આત્મસ્થ સંધ્યા થઈ,
રંગોની રમણા ત્યજી ક્ષિતિજ ત્યાં ઝૂકી વિરાગા બની,
ને ઘેરો ઘન ઘોષ કો સ્ફુટ થયો આક્રામતો દૂરથી.

ખોલ્યાં ધ્યાન સમાપીને અખ શિવે કૈલાસના આસને,
દીઠાં સર્વ દિશાથી નીર ધસતાં નારાપતિઓ તણાં
મુક્તામંડિત ફેનચામર ધરી ઉત્તુંગ ભાવોર્મિએ;
ને નારાયણના પ્રફુલ્લ દૃગ શો વ્યોમે ઉદ્યો ચંદ્રમા!

'દેવી! મંગલ યાચવા અહીં પળે, જો આદિ આ સાગર.'
બોલ્યા શંકર, 'લાવ બીન, રચ તું સત્કાર સંભાર સૌ.'
ને છેડ્યો જલનાથનાં જલ સમા ગંભીર મુક્ત સ્વરે
અબ્ધિનાં તલ સપ્ત પૂર્ણ ભરતો કો નવ્ય રાગોત્તમ,

ઊંડી ભવ્ય પ્રલંબ પ્રોન્નત શિરે રેલંત નીરચ્છટા,
ગાહી એમ અખૂટ કોષ રસની મેં માલકોષી ઘટા.

સુન્દરમ્

ભારતીય સંગીતના રાગોના શ્રવણથી મનમાં ઊઠેલાં કેટલાંક ચિત્રો શબ્દબદ્ધ થયાં તેમાંના ચાર અહીં આપ્યાં છે. સંગીતના રાગનાં ચિત્રો તેમજ કાવ્યો એ નવાઈની વસ્તુ નથી. કદાચ ગુજરાતી કવિતામાં આવાં કાવ્યો નવાં હશે. પણ અત્યાર લગીનાં રાગ વિષયક કાવ્યોમાં આ, કાવ્યોની નવીનતા કહેવી હોય તો તે એની અર્વાચીન શૈલીની. આ કાવ્યોનું રૂપ સૉનેટનું છે એ એની નવીનતા નથી; પરંતુ રાગનું આખું ચિત્ર પ્રકૃતિની વિશાળ ભૂમિ ઉપર મંડાઈને પ્રાણી અને મનુષ્યસૃષ્ટિમાં સંક્રાન્ત થતુંથતું પોતાની ગતિને કોક ગાનવભાવમાં સ્થિર કરે છે, એ એની ગતિશીલતામાં, આરોહણમાં અને સમગ્ર ચિત્રની દૃશ્યસામગ્રીના એકાગ્રીકરણમાં એની નવીનતા કહી શકાય. —સુન્દરમ્

*ભારતીય ચિત્રકલાનો ક્રમવિકાસ



કેટલાક વિદેશી મિત્રોએ મારા દેશની કલામાં રસ લઇ એ પ્રત્યે સમભાવ અને આદર બતાવવા આ વ્યાખ્યાન* ગોઠવ્યું એ જાણી મને આશ્ચર્ય થયું; કારણકે મારા દેશવાસીઓએ તો ઉપેક્ષા અને અર્થલક્ષી કેળવણીના ધ્યેયથી પોતાના જીવનમાંથી કલાની પ્રેરણા અને આસ્વાદ ગુમાવ્યાં છે.

૧૮ મી સદી સુધી અમારી આવી સ્થિતિ નહોતી એ બતાવવા માટે પૂરતાં પ્રમાણો મારી પાસે છે. લોકોત્તર કલા ને કલાપરંપરા અમારે ત્યાં હતી. એ કલામાં શિલ્પનાં ઉત્તમ સર્જનો છે. જીવનમાં હમેશના ઉપયોગની વસ્તુઓ પણ અમારે ત્યાં સુંદર હતી. ગૃહજીવનની ઉપયોગી વસ્તુઓમાં દરેકને રંગ અને ઘાટીલા આકાર તરફ આકર્ષણ હતું; નૃત્ય અને ગીતોમાં લય અને તાલ તરફ દુર્લક્ષ્ય કોઈનું નહોતું. નગરના ચોકમાં ગીતો ગાનાર સામૂલી ગવૈયાથી માંડી, મંદિરો અને પ્રાસાદોમાં ગાનારા ઉસ્તાદો અમારે ત્યાં હતા. અમારૂં જીવન રંગ અને રેખાથી વિભૂષિત કોઇ ચિત્રપટ જેવું હતું.

પ્રાચીન પ્રમાણો

ધનિક અને સામાન્ય પુરજનને ચિત્રકલા પ્રત્યે આદર હતો એ બતાવતાં પુષ્કળ પ્રમાણો ભારતના પ્રાચીન સાહિત્યમાં છે. મંદિરો અને પ્રાસાદોનાં ભીંત-ચિત્રોની શૈલી સર્વસાધારણ જનસમાજ પારખી શકે એવી હતી. આવી ચિત્રશાળાનાં વર્ણનો અને કથાવાર્તાઓમાં એના ઉલ્લેખો જોતાં એ ચિત્રો ઊંચી કોટિનાં હતાં એમ સહેજે દેખાય છે. એ ચિત્રો જોઇને પ્રેક્ષકોની આંખો આંસુભીની થતી, એ જોતાં એમને ઉલ્લાસ અને આનંદ મળતો, એવું આપણે વાંચીએ છીએ. દુર્દૈવ એટલું જ કે થોડાં ચિત્રો સિવાય હવે એમાંનું કશું રહ્યું નથી.

વર્ષો પહેલાંના અમારી આ ચિત્રકલામાં કેટલાક વિવેચકો વિદેશી શિક્ષણ ને સાંપ્રદાયિકતા જુએ છે. પરંતુ એમને કલાશિક્ષાના પ્રાચીન સંસ્કૃતિગ્રન્થોની ખબર નહિ હોય. પ્રજાનો મોટો ભાગ જો કલાશિક્ષણથી પરિચિત ન હોય તો એ વિષય પર શાસ્ત્રીય પુસ્તક સંભવે નહિ. વિષ્ણુધર્મોત્તર પુરાણમાં, ચિત્રની ભૂમિકા કેવી રીતે તૈયાર કરવી, કેટલી જાતની પીંછીઓ ઉપયોગમાં લેવી, ઘરમાં મંદિરોમાં અને પ્રજાસમૂહને મળવાનાં આંગણાંની દીવાલો પર કેવાં ચિત્રો હોવાં જોઇએ, એની વિસ્તારથી ચર્ચા કરેલી છે, અને એ મર્યાદાનો ભંગ કરનારને શાપિત ગણેલા છે. એ સમયમાં ચિત્ર વિનાના ઘરને સ્મશાન સમું ગણવામાં આવતું.

ચિત્ર એટલે ચિત્તનું સંવેદન

અંગ્રેજી Picture શબ્દનો અમારે ત્યાં પર્યાય શબ્દ 'ચિત્ર' છે. પરંતુ અંગ્રેજી શબ્દ ચિત્રને કેવળ દૃષ્ટિગ્રાહ્ય માને છે; જ્યારે અમારે ત્યાં તો 'ચિત્ત' શબ્દથી થતો તેનો અર્થબોધ વિશિષ્ટ અનુભવનો સૂચક છે. 'દૃષ્ટિ'નો અનુભવ નહિ, પણ 'ચિત્ત'થી જેનું દર્શન થયું છે—જેની સંવેદના થઈ છે તે જ ચિત્ર.

અમારે ત્યાં 'ચિત્ર-કર્મ-સૂત્ર' નામે ચિત્રકલાનો એક શિક્ષાગ્રન્થ છે. 'ચિત્રષડઙ્ગકમ્' માં પણ ચિત્રકલાનાં છ અંગોનું વિવરણ છે. એ બધાંનું મધ્યબિંદુ ચિત્તના સંવેદનમાં—એના લીલાવિસ્તારમાં સમાયું છે. ચિત્તમાં સંવેદનથી જે સૃષ્ટિ જાગે તેને જ એ કલા રેખાબદ્ધ કરે છે. પછી તેમાં દૃષ્ટિયંત્રના સ્થૂલ નિયમોનાં બંધન નડતાં નથી. એ વખતે તેજ-છાયા નકામાં ઉપકરણો માત્ર છે. ત્યારે તો આકાર અને રંગનાં મૂલ્ય ચિત્તંત્રની કક્ષાથી કરવાનાં હોય છે. ભારતીય કલાનું દૃષ્ટિબિંદુ આવું છે, અને કાલાન્તરે સચવાઇ રહેલાં થોડાં ચિત્રો એની મહત્તા પૂરવાર કરે છે. બુદ્ધ અને શિવનાં શિલ્પો અને ચિત્રો, એ સુંદર સુશોભનો માત્ર નથી, પરંતુ તેઓ લાંબા સમયનાં ચિંતન અને શોધનની ભૂમિકા પરની મનઃસંવેદનાની—ચિત્તંત્રના અનુભવની ઝાંખી કરાવે છે. અને આ નવા જમાનાનો પ્રવાહ એ અનુભવ ધોઈ નાખે એમ નથી.

અજંતાનાં ભીંતચિત્રો જીવનના બધા ય પ્રદેશો ભરી દેતી કલા ને સંસ્કૃતિના પ્રમાણરૂપે ઊભાં છે. આ ચિત્રો કાંઇ શ્રીમંત ચિત્રસંગ્રાહકોના બજારૂ નમૂનાઓ નહોતાં; પણ લાખો ભક્ત હૃદયની અપાર્થિવ આરાધ્યમૂર્તિઓનું ચિત્રકારે કરાવેલું દર્શન હતું. અમારા પૂર્વજોને મન કલા એ વિદ્યાપીઠની ચર્ચાનો વિષય માત્ર નહોતી કે નહોતી એ સામાન્ય સંપ્રાપ્તિ. પરંતુ માનવીનું જીવાનાધારક તત્ત્વ, એના ચિત્તની આરાધના એ હતી.

અજંતાનો સુવર્ણતંતુ

લગભગ આઠમા સૈકામાં આ કલા લુપ્ત થઈ. પછી મધ્ય યુગમાં વિગ્રહ, કલહ અને અહંતાના ઊંડા અંધારામાં અમે ડૂબી જઇએ છીએ. હિન્દુસ્તાનમાં તો કોઈપણ જગ્યાએ અજંતાનો સોનેરી તંતુ જળવાયો જણાતો નથી, પરંતુ બૃહદ્ ભારતનાં સંસ્થાનો (મધ્ય એશિયા, બાલી, જાવા, સિયામ, તિબેટ અને ચીન)માં અજંતાની કલાનાં વારસ અને ઉપહાર સમું રેખાવિધાન સચવાઇ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિના આ સુવર્ણયુગનો નાશ કેમ થયો એ સમજાતું નથી; પરંતુ એટલું તો ચોક્કસ છે કે બૌદ્ધ ધર્મના અનાદરની સાથે એનાં અનુષંગી બધાં ય અંગોની ઉપેક્ષા થવા લાગી, અને એ વિનાશ પછી ભારતીય કલા ફરીથી એ કક્ષાએ પહોંચી નથી.

પશ્ચિમ ભારતની નવી ચિત્રશૈલી

છતાં સર્જન અને સુશોભનોથી ટેવાઇ ગએલું પ્રજામાનસ તો એ સમયે પણ જાગૃત નીવડ્યું; અને પરિણામે પશ્ચિમ ભારતમાં રજપુતાના, માળવા અને ગુજરાતમાં એક નવી જ ચિત્રશૈલી જન્મેલી જોવામાં આવે છે.

આચાર્યો અને પંડિતો એ કાળે ભૂલાતા ધર્મગ્રંથોની નકલો કરાવી લેતા હતા. સ્મૃતિઓ અને પંચતંત્રાદિક કથાઓ વર્ણબદ્ધ થતી હતી. પણ આ વિદ્વાનો અને એમના પુરસ્કર્તાઓને એ શ્રુતિ-સ્મૃતિન માત્ર ઉતારી લેવામાં સંતોષ ન હતો. એમને તો અક્ષર-



આ તથા મથાળાનું ચિત્ર: અજંતા કલાના નમૂના

*મુંબઇમાં પોલાંડના કૉન્સલ એલચી ડૉ. બાનાસિન્સ્કીના આમંત્રણથી બીજા પરદેશી કૉન્સલો તથા મહેમાનો સમક્ષ આપેલું ભાષણ.







ઉપર: (રાજપુત દંપતી) રાજપુત કલમનો નમૂનો; ડાબી બાજુ: મુઘલ શહેનશાહોએ પોતાની સાથે આણેલી શુદ્ધ ઈરાની કલમનો નમૂનો; જમણી બાજુ (નૂરજહાન) રાજપુત કલમમાં ઇરાની શૈલીનો પ્રવાહ મળવાથી મુઘલ દરબારોમાં ખીલેલું નવું કલા સ્વરૂપ: મુઘલ કલમ

દેહની એ વાચના જીવંત ચિત્રોમાં મૂકી જતી હતી. એટલે ગ્રંથો લખતી વખતે જ તેમાં સાથોસાથ લહીઆઓ ચિત્રો પણ કરતા. એમનાં ચિત્તમાં પ્રમાણની નોંધો હતી, પરંતુ એમની કલાશૈલી લિપિ અને ચિત્રના સમન્વય જેવી હતી. કોઇ પ્રમાણ જાણ્યા વિના, આપણે જેમ એકાદ પત્ર લખી શકીએ છીએ એવી જ રીતે, વેગીલી અને જોગદાર શૈલીમાં, ગ્રંથોની વાચના સાથે લખતાંલખતાં જ, એ ચિત્રો સર્જાતાં હતાં. આખી પ્રમાણસંજ્ઞાની આખી હારની હાર અથવા તો ચિત્રની લઘુલિપિ એ કલાકારોએ સર્જી હતી; અને એમાં એટલી કુશળતા એમને વરેલી હતી કે અક્ષરો લિપિબદ્ધ અને ચિત્રબદ્ધ એકીસાથે થઈ રહેતા. એના ચિત્રપ્રસંગોમાં વિવિધતા છે, પરંતુ સાથે અનાકર્ષક એકવિધતા પણ છે. આંખોને કેટલીક વખત અરૂચિકર લાગતાં એ ચિત્રોનું રસપૂર્વક નિરીક્ષણ કરવાથી કથાઓ અને વ્યાખ્યાનો ચિત્રપટમાં વિસ્તારિત થતાં દેખાય છે, અને એ શૈલીથી પરિચિત થઇ ગયા પછી સુંદર આકૃતિની અપેક્ષા રહેતીનથી. (જુઓ–બાજુના કૉલમને છેડે આપેલું ચિત્ર.)

સંગીતલિપિ જેવી આ ચિત્રશૈલી મુખ્યત્વે જૈન કલ્પસૂત્રોમાં જોવામાં આવે છે, તેથી થોડાં વર્ષો પહેલાં એ શૈલી જૈન કલાને નામે ઓળખાતી હતી; પરંતુ થોડા સમય પર ઉપલબ્ધ થએલી પ્રતો જોતાં એ શૈલી પશ્ચિમ ભારતમાં બધે જાણીતી હતી એવી પ્રતીતિ થાય છે. ખંભાતમાંથી ૯મી સદીનાં સુશોભનવાળાં તાડપત્રો મળ્યાં છે. ૧૨મીથી ૧૪મી સદીના થોડા નમૂનાઓ પણ મળ્યા છે. પરંતુ આ બધાયમાં ૧૫મી સદીના પ્રેમકાવ્ય 'વસંતવિલાસ'ની પ્રત સૌથી ઉત્તમ છે.

રાજપુત કલમ

ચિત્રકલાની આ વિશિષ્ટ શૈલીએ રાજસ્થાની નામે એક તળપદી કલમને જન્મ આપ્યો એમાં રાધાકૃષ્ણનાં ગીતો, લોકકથાઓ, રાગરાગિણીઓ તથા રામાયણ ને મહાભારતના પ્રસંગોનાં ઉઠાવદાર, પરંતુ ચિત્રભૂમિની સાથે સમરેખ રહેતી શૈલીનાં ઘણાં ચિત્રો આલેખાવા લાગ્યાં માનવપ્રતિકૃતિઓ એમાં ભાગ્યે જ થતી. પણ એ કલા વિકસીને ૧૬મી સદીમાં મુઘલદરબારમાં થએલા કલાના નવવિધાનના પ્રાતઃકાળમાં મુગલ શહેનશાહોએ આણેલી ફારસી કલાની સામે ઊભા રહેવા જેટલી પ્રૌઢ કક્ષાએ પહોંચી ગઈ.



પશ્ચિમ ભારતની ચિત્રશૈલીનો નમૂનો

મહેલો શણગારવા નિમંત્રેલા બાદશાહી રસાલાના ઇરાની કલાકારો પ્રતિકૃતિઓ કરવા કરતાં સુશોભનો અને શણગાર સજવામાં કુશળ હતા; એથી કરીને, સરખા સિદ્ધાંતોમાંથી પ્રેરણા મેળવતી એ કલા સાથે રાજપુત કલમનો પણ સમાદર થતો હતો. અબુલફઝલ એના 'આઇન-ઇ-અકબરી'માં જણાવે છે, કે ગુજરાત અને મારવાડમાંથી ઘણા ચિત્રકારોનો મુઘલ શહેનશાહોએ સત્કાર કર્યો હતો. પરિણામે એ બે શૈલીઓના પ્રવાહે સાથે મળી જઇને, મુઘલ કલા નામના નવા સ્વરૂપે ઈરાન અને હિંદુસ્તાનમાં અજોડ એવું રંગ અને રેખાનું સૌંદર્ય, માર્દવ ને લાલિત્ય મેળવ્યું છે. આજનો જયપુરના મહાલયનો એ રાજપુત કલાનો ચિત્રસંગ્રહ અદ્યકાલીન કલાકારોને પણ સ્પર્ધા માટે આમંત્રણ આપી રહ્યો છે. પણ દુર્ભાગ્ય એ હતું કે એ રંગો અને એ શિક્ષાપદ્ધતિને સંરક્ષવાના કે સહાય કરવાના આગળ કશા પ્રયાસો થયા નહિ.



પહાડી કલમ : (પદ્મિની)
રાજપુત કલમનું છેલ્લું વિકસેલું સ્વરૂપ

પહાડી કલમ

મુઘલ સામ્રાજ્યના પતન પછી હિમાલયની નજીકનાં રાજસ્થાનોએ કેટલાક કલાકારોને આશ્રય આપ્યો હતો; અને એ શૈલીનાં સુંદર ચિત્રો પહાડી કલમને નામે ઓળખાયાં છે. એ પહાડી કલમ હિમાલયની તળેટીમાંનાં તિહરી-ગઢવાલનાં રાજસ્થાનોમાં ખીલી હતી. રાજપુત અને પહાડી બંને શૈલીમાં ચિત્રિત પ્રસંગો તો એકસરખા છે, છતાં સુરુચિ અને રચનાસૌષ્ઠવમાં રાજપુત કલમથી આ ચિત્રો જુદાં પડી આવે છે.

આ પહાડી રાજ્યોમાં ચિત્રકારોનાં ઘણાં કુટુંબોએ જુદી વસાહતો પણ કરી હતી, પરંતુ એનો કરુણ અંત એવો થયો કે જાણે કોઈનેયે કલાની જરૂર ન હોય! ૧૯૦૫ના ત્યાંના ધરતીકંપમાં ઘણાં કુટુંબોનો નાશ થયો!

અવનતિનો કાળ

અંગ્રેજોના શાસન-સમયમાં તો ભારતીય કલાપદ્ધતિની ઉપેક્ષા જ કરવામાં આવી; એટલું જ નહિ, પણ પ્રોત્સાહન અને સ્વીકારને અભાવે એનો વિનાશ થવા દેવામાં આવ્યો. સરકારી કલાશાળામાં એનું અસ્તિત્વ જ સ્વીકારવામાં આવ્યું નહિ અને વિદેશી કલાશાળાઓનો અભ્યાસક્રમ હિંદીઓ પર ઠોકી બેસાડવામાં આવ્યો. વળી જે હજી ચાલુ છે એ વિદેશી ઢબનું શિક્ષણ પણ એવું ખામીવાળું નીવડ્યું, કે જેથી ઇંગ્લંડ અને બીજા દેશોની પેઠે એમાંથી કશું ઊગી નીકળ્યું નહિ. કલ્પનાના ઉપક્રમમાં જેનાં મૂળ છે એવી હિંદી સંસ્કૃતિની પરંપરા વડે પોષાએલી કળાથી એ શાળાઓનો અભ્યાસક્રમ નિર્લેપ હતો, તેથી એ પારકી કળામાં શક્તિ રહી નહોતી.

નવયુગના પ્રારંભમાં પ્રજાનો સંસ્કારી વર્ગ પાઠશાળાઓ અને વિદ્યાપીઠોમાં પોતાનાં બાળકો મોકલતો થયો. પરંતુ એ સંસ્થાઓએ ગયાં પચાસ વર્ષમાં એમના અભ્યાસક્રમમાં કલા (ભારતીય કલા કે વિદેશી કલા-જે એ વિદ્યાર્થીઓને ચારે બાજુની સૃષ્ટિના સૌંદર્યતત્ત્વનું પાન કરાવે એવી કલા) ને સ્થાન આપ્યું જ નથી. બેડોળ અને ગંદાં મકાનોમાં અમને શિક્ષણ આપવામાં આવતું. અમારા અભ્યાસનાં પુસ્તકો અને સાધનો કોઇ પરદેશી, કચરાની ટોપલીમાં ફેંકી દે એવાં હતાં. અમારા શિક્ષકો અને અધ્યાપકો કલાને થોડા શોખીનોના ઉપયોગની વસ્તુ માનતા. પરિણામે એ તથા એમના જેવા અનેકો કલાનો આનંદ અને ઉપભોગ માણી શકયા નહિ. અજંતા અને ઇલોરા, પશ્ચિમ હિંદી અને જૈન શિલ્પાકૃતિઓ તથા ચિત્રકૃતિઓ, રાજપુત, મુઘલ અને પહાડી કલમ—ભારતના ગૌરવની આ બધી કલાસમૃદ્ધિઓ એમને મન કોયડા રૂપે હતી.

બીજી બાજુ ગ્રીક અને રોમન ઇતિહાસનાં સંભારણાં એમને મન ગરવી કથા હતી; પરંતુ એ છતાં યે એ પ્રજાઓની કળાનાં અંગસૌષ્ઠવ અને હથોટી પણ તેઓ હૃદ્ગત કરી કે પ્રીછી શક્યા નથી. અમારા કેળવાએલા વર્ગ પાસે કળા માટે શબ્દો હતા, પણ લાગણી નહોતી. રોમન અને ગ્રીક કળા વિષે વાતો કરવાની ફૅશન થઈ પડી હતી, પરંતુ એનાં મૂલ્ય કોઇએ જાણ્યાં નહોતાં. ચિરપરિચય અને અભ્યાસ પછી જ કલાદૃષ્ટિ ખીલે છે; અને એને અભાવે અમારા દેશનાં ગીત, નૃત્ય ને ઉત્સવોમાં એમને આનંદ નહોતો મળતો. શાળાના એકે મકાન, એકે પુસ્તક કે એકે પ્રવૃત્તિમાં કલાતત્ત્વ લાવવાની પ્રેરણા નહોતી. આવું છેલ્લાં પચાસ-વર્ષો સુધી ચાલ્યું.

અમારે ત્યાં સમર્થ રાજપ્રકરણી પુરુષો છે, કાયદા પંડિતો ને ડૉક્ટરો છે; અક્ષર પંડિતો પણ છે; પરંતુ કલાકારો અને કલાકૃતિના સંગ્રાહકો તો થોડા જ છે. આવી આ દેશની કલાની અવનતિ થઈ છે. અમારી કલા સુકાઈ ગઇ છે, એથી અમારું ગૃહજીવન સામાન્ય રીતે આનંદ વિનાનું, દુઃખી અને વિકટ છે—આદર્શોના મૂલ્યાંકનમાં અસમાન છે.

વિદેશી અસરની સાબિતી

હિંદી ચિત્રકારને જીવનમાં આવી પરિસ્થિતિની સામે થવાનું હતું. એના સર્જનમાં એણે વિદેશી મૂલ્યો જેવાં કે ભારતીય કલાપરંપરા સ્વીકારવી એનો પણ એ નિર્ણય કરી શકતો નહોતો. એણે દોરેલી પ્રતિકૃતિઓ ફોટોગ્રાફનાં એન્લાર્જમેન્ટ માત્ર હતાં. ઘરનું રાચરચીલું બજારમાંથી લાવી ખડકેલો ઢગલો હતો. વ્યક્તિત્વનો આવિષ્કાર કરતું સ્વતંત્ર સર્જન કરવાનો પ્રયત્ન કોઇએ કર્યો નહિ. એના દેશની કલા વિષે એને ત્યાં પુસ્તકો યે નથી, અને હમણાંહમણાં જે કાંઇ લખાયાં છે તે પણ અંગ્રેજી અને બીજી ભાષાઓમાં છે. અમારી સંસ્કૃતિ ઉપર વિદેશી અસરની આ બીજી સાબિતી છે. અમારા વિદ્વાનો અંગ્રેજીમાં લખ્યાનો ગર્વ માને છે,



જમણી બાજુ: બંગાળામાં ડૉ. અવનીન્દ્રનાથ ઠાકુર અને એમની શિષ્યપરંપરાએ અજંતા અને રાજપુત કલમમાંથી પ્રેરણા લઈ યુરોપીય અને જાપાની શૈલીને વણી લઇને ઉપજાવેલી નવી શૈલીમાં કરેલા હિંદી ચિત્રકલાના પુનર્જીવનના પ્રયત્નનો એક નમૂનો: બુદ્ધ—સુજાતા ચિત્રકાર અવનીન્દ્રનાથ ઠાકુર

જ્યારે જનતાનો મોટો ભાગ અને મધ્યમ વર્ગના લોકો પણ એ પુસ્તકોથી જવલ્લે જ પરિચિત હોય છે. ગરીબ બીચારા કલાકારને એનો ધંધો શીખવાને જ માંડ થોડાં વર્ષો મળે છે, ત્યાં પછી ભાષાશાસ્ત્રનું તો પૂછવું જ શું ? મોટી આશાઓ બાંધી શહેરની કલાશાળામાં જતાં, એનાથી થોડાં વર્ષ પહેલાં જ શીખી ચૂકેલા દેશભાઇઓના (કે કોઈ વખત યુરોપિયન શિક્ષકના) હાથ નીચે એને તાલીમ મળે છે. અને એ શિક્ષકો કેવા હોય છે ? જે કલાપદ્ધતિ અને આદર્શો શીખવવા એમને રાખ્યા હોય છે તે માટે પણ એમને ભાગ્યે જ અવકાશ મળે છે. એથી વિદેશી પદ્ધતિના પણ સારા ચિત્રકારો હિન્દુસ્તાનમાં નથી. યુરોપી ચિત્રકારો સાથે હિંદી ચિત્રકારો સ્પર્ધા તો માંડ કરી શકે એવું હોય છે, એટલે અમારા રાજામહારાજાઓના મહેલોમાં અને આર્ટ ગૅલેરીઓમાં વિદેશી ચિત્રો ખરીદાય છે અને હિંદી ચિત્રકારોને રોટલી પણ મળતી નથી. હિંદુસ્તાનમાં મુસાફરી કરી પોતાના દેશના શિલ્પ ને કલાની મહત્તા પિછાનવાના પૈસા એની પાસે નથી. એનું સાહિત્ય તો છે જ નહિ, અને કલાશાળાને આપેલાં વર્ષો એના ધંધાને તથા એના આદર્શોને સંતોષતાં નથી.

ઇ. ૧૯૧૧માં હું મુંબાઇ આવ્યો ત્યારે ગ્રીક કલાના નમૂનાઓની પ્રતિકૃતિઓ અમારે કરવાની હતી, અને સજીવ આલેખન તો છેક છેલ્લાં વર્ષોમાં (ને તે પણ માનવસમાજના અસ્વચ્છ અને ગંદા નમૂનાઓ પરથી) કરવાનું હતું ! રમૂજ ઉત્પન્ન કરે એવું તો એ હતું કે શિક્ષક અને શિક્ષિતોમાંથી કોઈ પણ એમને આણીશુદ્ધ હિંદી ઢબમાં ગોઠવી યે શકતા નહોતા.

અમારી શાળાઓ આજે કલા અને પ્રેરણાનું વાતાવરણ માગે છે. અમારાં નૃત્યો અને નાટકો સમકાલીન અભિરૂચિના ગંદા આવિષ્કાર જેવાં છે. અમારા બજારની દુકાનો આધુ કેળવણીએ ઉપજાવેલા આદર્શોના દૃષ્ટાંત રૂપ છે. અમારાં વૃત્તપત્રો અને સામયિકોએ જનતાના શિક્ષણ માટે ભારતીય કલા અને સૌંદર્યતત્ત્વની સમીક્ષાની યોજના નક્કી કરી નથી. અમારી પુત્રીઓ ને પત્નીઓ આયાત કરેલી ફૅશનમાં મોહી રહી છે.

પુનર્જીવનનો પ્રયત્ન

પરિસ્થિતિએ આણેલું આ અધ:પતન ડૉ. આનંદ કુમારસ્વામી અને કલકત્તાની કલાશાળાના આચાર્ય મિ. ઇ. બી. હૅવેલ જોઈ શક્યા હતા. ભારતીય કલાના શ્રેષ્ઠ નમૂનાઓનો સમુદ્ધાર કરવા તરફ એમણે લક્ષ પહોંચાડ્યું. એમની મુશ્કેલીઓનું વર્ણન કરવાનું આ સ્થાન નથી પરંતુ એમણે રજૂ કરેલાં મંતવ્યો પોતાનાં કરીને ડૉ. અવનીન્દ્રનાથ ટાગોર અને એમની શિષ્યપરંપરાએ અજંતા અને રાજપુત કલમમાંથી પ્રેરણા લઇને શરૂઆત કરી. કવિવર ટાગોરના શાંતિનિકેતનમાં એ કલાશૈલીનું કેન્દ્રસ્થાન છે. અને લખનૌ, દિલ્હી તથા મદ્રાસમાં એ શૈલીના પ્રતિનિધિઓ છે.

પરંતુ એમણે યે એમની કલામાં યુરોપ અને જાપાની શૈલીને વણી લીધી છે. પ્રાચીન ભારતીય ચિત્રપરંપરાનું શુદ્ધ સ્વરૂપ તો આજે ક્યાંયે અસ્તિત્વમાં નથી. એ બધી ચિત્રશાળાઓ સ્વતંત્ર પ્રયોગો છે. એમની વચ્ચે કશું સામ્ય નથી; અને હોય તો એટલું જ કે એ બધી અજંતા અને રાજસ્થાની પરંપરાનું રૂપ સ્વીકારે છે. પરંતુ એ બધાંયે એ કલાપરંપરા પાછળની માનસિક ભૂમિકા અને પ્રેરણા વિનાનાં છે.

હિમાલય જેવું કામ

અમારા જાહેર જીવનના ઉત્સવો દોરવવાને, અમારી શાળાઓ ઇસ્પિતાલો અને રાજમાર્ગો શણગારવાને અમારે ચિત્રકારો જોઇએ છે; અમારાં બાળકોનાં પાઠ્ય પુસ્તકો માટે અને ધંધા તથા કારીગરીમાં સુશોભનો માટે અમારે ચિત્રકારો જોઈએ છે; અમારા સમાજના વહેવારોમાં ભુલાએલી પ્રકૃતિની સુંદરતા જાળવી રાખવા ચિત્રકારને અમારે પુરોહિત કરીને સ્થાપવો છે; આ તો હિમાલય જેવું મોટું કામ છે. **ર. મ. રા.**



પોણી શતાબ્દીનાં અભિનંદન

આધુનિક ગુજરાતના વયોવૃદ્ધને પીઢસાક્ષર, ગુજરાતી સાહિત્યમાં વિચારપ્રધાન કવિતાઓનો યુગ પ્રવર્તાવનાર કવિ તથા વિશિષ્ટ ગદ્યકાર શ્રી બલવન્તરાય કલ્યાણરાય ઠાકોરને એમના ૭૫ મા વર્ષમાં પ્રવેશવા નિમિત્તે અમે હાર્દિક અભિનંદન આપીએ છીએ.

દીપોત્સવ

· પૃથ્વી ·

દીપોત્સવ વિત્યા અનેક, દીપમાલ ચેતી બહુ
પ્રતિ વરસ વ્યર્થ; સુસ અમ અંતરે સંઘર્યું
ન જ્યાં કિરણુ એક, ના પરખતા ય પૂરી તને
થતી વિલીન તું ત્યહીં ઝબકતી જતી વીજ શી.

અહીં પ્રલયવાત જો સૂસવતા, અને આત્મની
ધીમી સરલ સ્નેહનાં કિરણ વેરતી જ્યોત આ
ધ્રૂજે; પળપળે થપાટ કર વજ્ર શા વીંઝતા
બુઝાવી ક્ષીણ જ્યોત એ પુન: અગાધ અંધારમાં
ધકેલી જગમાનવગણુની હસ્તી મિટાવવા.

દીવાળી, ફરી તું ત્યહીં અફળ વર્ષસંખ્યા વૃથા
વધારીશ? શકીશ વા દીપક ચેતવી વિશ્વમાં
અભિનવ પ્રવાતથી ય લઈ ટક્કરો જે કરે
સચેત ઉરજ્યોત ને બનીશ સત્ય દીપાવલી?



હૈદર જીવાણી

જીવનની મર્મભાવનાનો મલાર છેડીને મુહબ્બત અને માનવતાનાં અમી લુંટાવનાર

બિરાદરીનો બાઉલ સમયમૂર્તિ અને સંત

કબીર

લેખક : કિશનસિંહ ચાવડા

તેરમી સદીના સંધ્યાકાળ અને ચૌદમી સદીના પ્રભાતકાળના સંગમ સમયે આપણા દેશમાં મુસલમાનોનું સામ્રાજ્ય હતું. હિંદુ જનતાના હૃદયમાંથી ગૌરવ, સ્વાભિમાન અને ઉત્સાહ ઓસરતાં જતાં. હતાં એમની સામે જ એમનાં દેવમંદિરો જમીનદોસ્ત થતાં હતાં; એમની જ દૃષ્ટિ સમીપ એમની દેવમૂર્તિઓ અને પૂજ્ય પુરુષોનું અપમાન થતું હતું. હિંદુ જાતિ જાણે પોતાનું પૌરુષ, પોતાની વિભૂતિ હારી બેઠી હતી. એ વિષમ કાળમાં વિભૂતિ અને સામર્થ્યથી હતાશ બનેલી જાતિમાં ભગવાનની શક્તિ અને કરુણાનો સંદેશ લઇને કવિઓએ નવો પ્રાણ પ્રગટાવ્યો. કાળના પ્રતિનિધિ કવિએ સમાજના હૃદયને સંભાળવા અને લીન રાખવા ભક્તિનું મધુર સંગીત ગાયું. ધીરેધીરે ભક્તિનો એ પ્રવાહ એટલો વિસ્તૃત અને પ્રબળ બનતો ગયો કે હિંદુઓ જ નહિ, પણ સહૃદય મુસલમાનો પણ એમાં ભીંજાયા. પ્રેમસ્વરૂપ ભગવાનને સન્મુખ રાખીને ભક્ત કવિઓએ હિંદુ અને મુસલમાન બન્નેને માનવતા ને મુહબ્બતનું એક સમાન રૂપ દેખાડ્યું.

ધાર્મિક સંકુચિતતા, સામાજિક રૂઢિબદ્ધતા, રાજકીય અસહિષ્ણુતા અને આધ્યાત્મિક અધમતાના જીવનચોટામાં માનવ આત્મા મુંગળાતો હતો, એની દૃષ્ટિએ ઝાંઝવાં વળ્યાં હતાં અને એની શક્તિ અપંગ થઈ ગઈ હતી એવે નિરાશાને ટાણે જીવનની મર્મભાવનાનો મલાર છેડીને મુહબ્બત અને માનવતાનાં અમી લુંટાવનાર, બિરાદરીના બાઉલ, સમયમૂર્તિ સંત કબીરનો ઉદય થયો.

કબીર સાહેબનો આવિર્ભાવ થયો તે પહેલાં ગુજરાતમાં સ્વામી માધવાચાર્યજીએ પોતાનો દ્વૈતવાદી સંપ્રદાય ચલાવ્યો હતો. દેશના પૂર્વ ભાગમાં જયદેવના કૃષ્ણપ્રેમસંગીતનું ગુંજન અનેક વિરોધી બળો વચ્ચે પોતાની ચોક્કસ અસર પાથરી રહ્યું હતું. એમાં મિથિલાના કોકિલકવિ વિદ્યાપતિએ પોતાનો સુર મિલાવ્યો. ઉત્તર અને મધ્ય ભારતમાં રામાનુજાચાર્યની શિષ્યપરંપરામાં એ યુગના તેજસ્વી, પ્રતિભાવંત અને ક્રાંતિકારી આચાર્ય રામાનંદે અપૂર્વ અને વિલક્ષણ શક્તિનો પરિચય કરાવ્યો. એટલે જ હિંદુમુસ્લીમ કાપાકાપી અને ભયાનક જાતિદ્વેષના સૈકાઓ પછી રામ-રહીમની એકતાના સનાતન પાયા ઉપર બન્નેની બંધુતાના નવા યુગનો અરુણોદય શ્રી રામાનંદની સમર્થ જીવનપ્રતિભાથી થાય છે. એ વખતે હિંદુમુસ્લીમ વિરોધ, સંસ્કૃતિની વિસંવાદિતા, આચારનાં પરસ્પર વિરોધી જીવનતત્ત્વો અને સ્વાર્થનાં ઘર્ષણોને કારણે હાલહવાલ થતા દેશને ઝાડામાં ઝાડા એટલે સાચા ધર્મના પાયા ઉપર ઐક્ય ને બંધુભાવના નવા સર્જનની પરમ આવશ્યકતા હતી. ચોતરફ ચાલી રહેલા સત્યાનાશમાંથી ઉગરવાનો એકમાત્ર ઉપાય આવો નવો કે ફરી પ્રગટતો પ્રકાશ હતો.

એટલે રામાનંદે કાશીમાં પોતાનો નવો સંપ્રદાય સ્થાપતાંની સાથે જ હિંદુ સંપ્રદાયોની પરંપરાગત પ્રવૃત્તિઓમાં મૌલિક અને ક્રાંતિકારક ફેરફારો દાખલ કર્યા. 'वर्णानाम् ब्राह्मणो गुरु:' એ સૂત્રને બદલે 'ब्रह्म वेत्ति स ब्राह्मण:' એ સૂત્રને તેમણે આગળ કર્યું અને બાહ્યાચાર શુદ્ધિ કરતાં સાચી ભક્તિની તન્મયતાને એમણે મૂલ્યવાન ગણી, અને એવી રીતે, 'જાતિ પાંતિ પૂછે નહિ કોઈ, હરિકો ભજે સો હરિકો હોઇ' એ માનવમાત્રની સમાનતાનું મહાસૂત્ર મધ્યયુગની ક્ષુબ્ધ બનેલી હિંદુ જનતા સમક્ષ પ્રથમ સક્રિય સ્વરૂપે મૂક્યું. શ્રી શંકરાચાર્યથી માંડીને ત્યાં સુધી બધા જ આચાર્યોના મુખ્ય શિષ્યો બ્રાહ્મણો જ સ્વીકારાતા. શ્રી રામાનંદજીએ એ પ્રણાલિકા તોડી. એમના બાર મુખ્ય શિષ્યોમાં બે સ્ત્રીઓ છે; લડાયક કોમના પીપા ઠાકોર, જાટ જાતિના ધનો ભગત, અને વાણંદ સેણો ભગત છે; અને રૈદાસ અંત્યજ અને કબીર સાહેબ જેવા વણકર પણ એમાં છે. રામાનંદજીની આ શિષ્યપરંપરામાં સર્વથી ઓજસ્વી અજોડ કબીરસાહેબ, ભક્તો તથા સંતોની અમર પ્રણાલિમાં સ્થાન પામ્યા અને ધર્મદ્રષ્ટાઓની આકાશગંગામાં તારાની જેમ સ્થિર જ્યોતે પ્રકાશી રહ્યા.

જન્મ અને મૃત્યુ

કબીરસાહેબ વિષે જે થોડી ઐતિહાસિક માહિતી મળે છે તેની, આપણી જનતાની ચમત્કારમંડુતાએ બૂરી વલે કરી નાખી છે. એમને વિષે ચોક્કસ માહિતી તો એટલી ઓછી છે કે તે બધી સીધી નોંધવામાં તો થોડાંક જ વાક્યો જોઇએ. પણ મહાપુરુષોનાં જન્મજાતિનું મહત્ત્વ આપણા દેશમાં બહુ ગણાયું જ નથી. અને એટલે જ આપણે સાધુસંન્યાસીના પૂર્વાશ્રમ વિષે કદિ જ દરકાર કે જિજ્ઞાસા રાખતાં નથી. કારણ આપણા ઘણાખરા ધર્મદ્રષ્ટાઓ, ક્રાંતદર્શી મહર્ષિઓ અને સમયમૂર્તિઓ નીચલા થરના કુટુંબોમાં જન્મીને ઉછર્યા છે અને પોતાની સંસ્કારિતાને પ્રતાપે ને પ્રતિભાને પ્રભાવે અમર થઇ ગયા છે.

સંવત ૧૪૫૬ના જેઠ સુદી પૂર્ણિમા અને સોમવાર એ સંત કબીરસાહેબનો જન્મદિવસ. સાંપ્રદાયિક કથા પ્રમાણે તો કબીરસાહેબનો એ આવિર્ભાવ મનાય છે, જન્મ નહિ. કાશીના લહર તળાવમાં ખીલેલા એક સુંદર પંકજમાં જેઠ પૂર્ણિમાની પ્રભાતે એક તેજ:પુંજ ઊતરે છે અને એ જ બાલસ્વરૂપ ધારણ કરે છે. કાશીનો જુલાહો (વણકર) નીરૂ પોતાની સ્ત્રી નીમા સાથે ત્યાંથી નીકળે છે અને પોતાની તરસ છીપાવવા નીમા જેવી લહરતળાવનાં પગથિયાં ઊતરે છે તેવી જ આ આશ્ચર્ય જુએ છે; અને પછી બંને પતિપત્ની એ બાળકને પોતાને ત્યાં લઈ જઈ મોટો કરે છે. ઐતિહાસિક અન્વેષણ કબીરસાહેબને નીરૂ અને નીમાના જ પુત્ર માને છે. કબીરનાં માતાપિતા અને એમની આસપાસના કાશીના વણકરો એક કે બે જમાનાથી, કે એથી યે થોડા સમયથી મુસલમાન થયાં હતાં, એટલે ખાનપાન, નમાજપદ્ધતિ, સાધુસંતોને બદલે ફકીર-દરવેશોની ઈજ્જત કરવી, કોઈ ધર્મજિજ્ઞાસા હોય તેટલે દરજ્જે બ્રહ્મજ્ઞાનને ઠેકાણે સૂફીઓ અથવા ઓલિયાઓનું જ્ઞાનામૃત મેળવવું, વગેરે બાબતોમાં તેઓ આસપાસની વસતિથી જુદા પડી ગએલા, તથાપિ તેમના પૂર્વજોની તેમને વારસામાં મળેલી હિંદુ સંસ્કૃતિ અને સંસ્કારિતા તરફનો તેમનો મમભાવ તદ્દન ઓસરી ગયો નહોતો. કબીરસાહેબ ઊછરતા હતા તે સમયમાં તે પ્રદેશના


સૂફી શેખ તકી મશહૂર હતા. એટલે ધર્મજિજ્ઞાસા જાગતાં તેઓ પ્રથમ આ સૂફીના શિષ્ય થયા અને એ જ્ઞાન જ્યારે અધૂરૂં લાગ્યું ત્યારે એમણે રામાનંદજી પાસે દીક્ષા લીધી. આમ રામાનંદની જ્યોતિશિખા અસ્ત થઇ તે પહેલાં તેમાં કબીરની જ્યોતિશિખા ભળી અને રામાનંદજીનાં ભક્તિભાવના ને જ્ઞાનમિનાર બન્ને અનુપમ સામર્થ્ય અને પ્રકાશથી દેદિપ્યમાન બની રહ્યાં.

એમના ગૃહસ્થજીવન વિષે પણ મતભેદ છે. ઇતિહાસ અને સંપ્રદાય જુદીજુદી કથાઓ સ્વીકારે છે અને પ્રચારે છે. સંપ્રદાય કહે છે કે 'લોઈ' કબીર સાહેબની શિષ્યા હતી, અને ઇતિહાસ કહે છે કે લોઈ કબીરની પત્ની હતી, અને કમાલ તથા કમાલી બન્ને લોઈનાં જ સંતાન હતાં. અને આગળ ચાલતાં, એ સંત અને આચાર્યના મૃત્યુ વિષે પણ પાછો એ જ મતભેદ આવીને આગળ ઊભો રહે છે. કબીરસાહેબને હિંદુ અને મુસલમાન બંને જાતિના શિષ્યો હતા. એટલે મગહરમાં એમના મૃત્યુ પછી શબની અંત્યેષ્ટિક્રિયા વખતે મુસલમાનો તરફથી બિજલીખાં પઠાણ અને હિંદુઓ તરફથી કાશીરાજ વીરસિંહ અગ્રણીઓ તરીકે હાજર હતા. હિંદુઓની ઈચ્છા શબને અગ્નિસંસ્કાર કરવાની હતી અને મુસલમાનો શરીરને સમાધિસ્થ કરવા માગતા હતા. મતભેદને કારણે તલવારો ચાલે એવી સંભાવના હતી. ત્યાં અકસ્માત પવનની લહરથી શબ ઉપરની સફેદ ચાદર ઊઘડી ગઇ, અને સૌના આશ્ચર્ય વચ્ચે શબને ઠેકાણે નર્યાં ફૂલનો જ શરીરાકાર દેખાયો. આખરે અરધાં ફૂલો હિંદુઓ અને અરધાં મુસલમાનો લઇ ગયા. હિંદુઓએ પોતાનાં ફૂલોને અગ્નિસંસ્કાર કર્યો અને એની ભસ્મ ઉપર કાશીમાં સમાધિ ચણાવી જે હજીયે કબીરચોરાને નામે મશહૂર છે.મુસલમાનોએ પોતાનાં ફૂલો મગહરમાં દાટ્યાં અને ઉપર કબર ચણાવી. સંપ્રદાયના ભક્તોમાં એ બંને યાત્રાનાં સ્થળો છે. આ કથાની વાસ્તવિક્તામાં કદાચ અવિશ્વાસ આણીએ, પણ રૂપકની દૃષ્ટિએ તો આ સ્વરૂપ અપૂર્વ અને ભવ્ય છે. જીવન આખું રામ-રહીમની એકતા સાધી ભગવાનની ભક્તિને કાજે જે જીવ્યા અને સદ્‌જ્ઞાનનો પ્રકાશ વિસ્તાર્યો એ મહાત્મા મૃત્યુ પછી પણ પોતે નિર્મેલું બિરાદરીનું સાયુજ્ય અખંડ રાખવા કુસુમની સુગંધ જેવું પોતાના જીવનનું અમર તત્ત્વજ્ઞાન મૂકી સંવત ૧૫૭૫માં સત્યનામ પામ્યા.

સમયમૂર્તિ અને સુકવિ

આમ,વિગતોની અને હકીકતોની દૃષ્ટિએ મૂઠીમાં જ માય એટલી અલ્પ સામગ્રી એ કબીરનું જીવન નથી. એમના જીવનનું સાચું સ્વરૂપ તો છે એમની ચિરંજીવ કવિતા, એમની ભવ્ય ભર્ગમયી મર્મભાવના અને એમની અપૂર્વ તથા અનુપમ પ્રેમસાધના.

વેદ, ગીતા અને ઉપનિષદોએ કવિને ક્રાન્તદર્શી દ્રષ્ટા કહ્યો છે. વેદમાં તો એના પ્રત્યેક દેવને 'કવિ' માન્યો છે. દેવો 'કવિ' એટલા માટે કે તેઓ સૌંદર્ય અને આનંદનાં સ્વરૂપો અને ભૂમિકાઓમાં જ હમેશાં વિહાર કરતા હોય છે. કવિની મુખ્ય પ્રેરક શક્તિઓ ત્રણ : ૧ આનંદ–સૌંદર્ય, ૨ સત્ય અને ૩ સામર્થ્ય. કવિતા એ કાંઈ જીવનના વ્યક્તિગત કે વિરાટ હેતુઓ સાધવા માટે નથી. કવિતાસર્જન વડે ભલે નવા યુગની ઉષા ઊઘડે, જીવનની કોઈ અમૂલ્ય આવશ્યકતા પૂરી થાય અથવા કોઈ વિશિષ્ટ યુગસ્વરૂપનું ઘડતર થાય; પરંતુ કવિતાની મૌલિક શક્તિઓ તો સૌન્દર્ય અને આનંદ જ છે, એમ વેદના ક્રાન્તદર્શી કવિઓએ ઉચ્ચાર્યું છે. વર્ડ્‌ઝવર્થ જાણે આ સત્યનું સમર્થન કરતો હોય તેમ કહે છે: Poets are the heralds of philosophy. શેલીએ માનવ હ્રદયમાં સમયે સમયે જે દૈવી અંશ પ્રસ્ફુટિત થાય છે તેને જાગૃત કરવાનું ગૌરવ કવિતાને આપ્યું છે. હૉરેસ તો લગભગ



વણકરનો ધંધો કરતાંકરતાં સાચી તો જે જુલાયાએ માનવ-આત્માની ચાદર વણી. સંત કબીરનું મુઘલ કલમનું એક પ્રાચીન ચિત્ર (બ્રિટિશ મ્યૂઝિયમ–લંડનમાં સંઘરાએલું)

ઉપનિષદની પારે જઇને કહે છે કે કવિતાનો ઉદ્દેશ મનુષ્યને આનંદ આપવો અને તેને વિકસિત કરી આપવો તે જ છે. રવીન્દ્રનાથ એને સૌન્દર્યની સાધના અને મસ્તી કહે છે. મૅટરલિંક અને કાર્લાઈલ પણ આને જ મળતો કાવ્યનો હેતુ જણાવે છે.

કબીર સાહેબે આ જ સત્ય, સુંદર અને અનંતની ઉપાસના કાવ્ય રૂપે કરી છે. કબીર સાહેબના સમય સુધી, ચંદ બરદાયી અને વિદ્યાપતિ ઠાકુરને બાદ કરીએ તો, હિંદી સાહિત્યના ભક્તિયુગના પ્રથમ પ્રતિભાવંત અને તેજસ્વી કવિ તરીકે કબીરનાં જ દર્શન થાય છે. એમણે લગભગ ૭૫ ગ્રંથો રચ્યા છે. એમની બધી જ કવિતા કાવ્યકલાની દૃષ્ટિએ સર્વોત્તમ નહોતી, છતાં હિંદી કાવ્યસાહિત્યમાં એમની કાવ્યપ્રતિભા એક મોટું સીમાચિહ્ન ગણાય છે; કારણ કે એમણે પોતાના સમકાલીન જીવન-ઝંઝાવાતમાંથી જે નવીન તત્ત્વો પ્રકટાવ્યાં, જે સ્વતંત્ર વાતાવરણ રચ્યું, પોતાની કવિતામાં જે તાજી હવા, રૂઢિબદ્ધ માનસને આંચકા દેતી અને તોડી પાડતી જે ચમત્કારિક ચિંતનભરી વિચારસરણી અને સરળ અકૃત્રિમ ભક્તિભરી જીવનસાધના પ્રગટાવી, એને કારણે એ સમકાલીન પ્રજાના પલટાતા અને પલટાએલા માનસના પ્રતિનિધિ બની ગયાં.

કબીરની જીવનસાધના ભક્તિ કરતાં જ્ઞાનની વધારે છે; એટલે સૂરદાસ કે મીરાંના જેવાં આત્મસમર્પણથી ભીંજાએલી સંવેદના વડે

ભરપૂર, લલિત, મૃદુ અને મધુર ભક્તિગીતો એમણે ઘણાં નથી લખ્યાં, પરંતુ જેટલાં રચ્યાં છે તેમાં જ્ઞાન અને નીતિનાં ભજનો કરતાં વધારે ભીનાશ છે. એટલે એમની કવિતામાં જ્યાંજ્યાં પ્રેમભક્તિનાં તીવ્ર સંવેદનો લહેરાય છે, ઊંડી અને અસહ્ય વેદના તથા ઉત્કટ વલવલાટ પછીના સાક્ષાત્કારથી થએલું શુદ્ધ જ્ઞાન શબ્દ રૂપ લે છે, ત્યાંત્યાં શુદ્ધ કવિતાનાં દર્શન થાય છે. એ પોતાના અંતઃકરણમાં દિવ્ય આનંદનાં દર્શન કરે છે અને એમનાથી બોલાઇ જાય છે:

કબીર રેખ સિંદુર અસ કાજર દિયા ન જાય,
નૈનન પ્રીતમ રમી રહા દુજા કહાં સમાય.

આનંદના અતિરેકમાં સાધકની વૈખરી મૂક બની જાય છે અને તે પરા વાણીમાં બોલે છે :

નૈહરવા હમકા નહિ ભાવૈ.
સાંઈકી નગરી પરમ અતિ સુંદર, જહં કોઈ જાય ન આવે;
ચાંદ સૂરજ જહં પવન ન પાની, કો સંદેશ પહુંચાવે
દરદ યહ સાંઇ કો સુનાવે.

પંડિતોની કાગળમાં લખેલી, અને ભક્તોની આંખે દેખેલી—અંતઃકરણમાં અભનુવેલી વાતનો ક્યાં મેળ ખાય ?

મૈં કહતા હૌં આંખિન દેખી, તૂ કહતા કાગદ કી લેખી,
મૈં કહતા સુરઝાવનહારી, તૂ રાખ્યો ઉરઝાઇ રે.

જીવનની ગૂંચને પંડિત વધારે ગૂંચવે છે, જ્યારે ભક્ત એ ગૂંચને ઉકેલે છે; એટલે એ બંનેનાં જીવનવ્રત તો ન્યારાં જ છે. સાચો પ્રેમ 'એ'નો પડદો નથી રાખતો :

જો દિલ દિલહીમેં રહે, સો દિલ કહું ન જાય,
જો દિલ દિલસે બાહિરા, સો દિલ કહાં સમાય ?

મીરાંનું સ્ત્રીહૃદય જે અવસ્થાનો અનુભવ કરે છે તે, પુરુષ હોવા છતાં, કબીર પણ અનુભવે છે. ભક્તિની સંવેદનામાં સ્ત્રી-પુરુષનો ભેદ જ નથી. મીરાં ગાય છે :



મોગરમાં આવેલી કબીરની સમાધિઓ: આગળના ભાગમાં છે તે હિંદુ સમાધિ છે, જેમાંની નાની દેરી સમાધિ છે, અને મોટું તે મંદિર છે. ડાબી તરફ દૂર જે મિનારાવાળો ઘુમ્મટ દેખાય છે તે ત્યાંના જ મુસ્લિમ મઠનો છે.

સખીરી મેરી નિંદ નસાની હો,
પિયા કો પંથ નિહારત સબ રૈન બિહાની હો.

કબીર ગાય છે :

હું બારી મુખ ફેર પિયારે, કરવટ દે મોહિં કાહે કો મારે.

કબીરના જીવનની આ લયલીનતામાંથી શુદ્ધ કવિતા પ્રગટી છે. જ્યાં ભક્તિની અકથ્ય વેદનાથી કે અસહ્ય સંવેદનાથી પોતાના ભાવો એમણે પ્રગટ કર્યા છે ત્યાં માધુર્ય, કોમળતા ને લાલિત્ય આપમેળે આવ્યાં છે. એટલે ઘણી સંવેદનાઓની ઉત્કટતામાં, ભાવની તન્મયતામાં, પ્રેમની સાધનામાં, પ્રિયમીલનની ઝંખનામાં કબીર મીરાં અને સૂરદાસની સાથે બેસે છે.

પણ કબિર તો કવિ ઉપરાંત આચાર્ય પણ હતા; એટલે એમની ઘણી કવિતામાં કાવ્યકલાના અંશો કરતાં ઉપદેશ, જ્ઞાન અને નીતિનાં તત્ત્વો વધારે હોય એ સ્વાભાવિક છે. અને એ જમાનો જ એવો હતો કે જેમાં કબીરને એકલા કવિ રહેવું પાલવે એમ નહોતું. કબીરે કવિતા ખાતર કવિતા નથી કરી. એમની વિચારધારા સત્યની શોધમાં વહી છે, એટલે એમની વાણીમાં સાચી વાતો કહી દેનાર માણસ જેવી બીજા જ પ્રકારની મિઠાશ છે. સહૃદય ઉમંગની લહરોમાં જે સહજ વિદગ્ધતા એમની ઉક્તિઓમાં છે તે અત્યંત ભાવમય છે. એમની શૈલી સરળ સચોટ અને વિશિષ્ટ લક્ષ્યવેધી છે. ભક્તિનાં કાવ્યોમાં જેમ એ મીરાં ને સૂરદાસની પંક્તિમાં બેસે છે, તેમ મુક્તિનાં કાવ્યોમાં એ નાનક, દાદુ, સુંદરદાસ વૃંદ ને રહીમ એ સર્વ રહસ્યવાદી એટલે મરમી કવિઓમાં સર્વ શ્રેષ્ઠ સ્થાને છે.

પ્રભુના દરબારમાંથી પોતાને જે દેહ મળ્યો તેને સત્કર્મોનું ચંદન કે પાપકર્મોના ડાઘ લગાવ્યા વિના, જેવું નૈસર્ગિક એ શરીર મળ્યું હતું તેવું જ હરિને ચરણે એમણે પાછું ધરી દીધું.

ઝીની ઝીની બીની ચદરિયાં
સાંઇકો સીયત માસ દસ લાગે, ઠોક ઠોક કર બીની ચદરિયાં,
સૌ ચાદર સુરનર મુની ઓઢી, ઓઢી કિ મૈલી કિની ચદરિયાં.

કપડાંમાં ભલે અત્તરના ડાઘ લાગે કે પાનની પિચકારીના લાગે, પણ અંતે તો એ બંને ય ડાઘ જ છે, અને તેથી ખરાબ છે. આત્માને માટે તો પુણ્ય તથા પાપનાં બંધનો સમાન રૂપે માન્યાં છે. આવી અદ્ભુત સાધનાના સાધક કબીર, ઉપદેશક જ્ઞાની અને આચાર્ય તો હતા જ, પણ ભક્તિથી ભીંજાએલા, અને માનવતાની વેદનાના અધિકારી એવા કવિ પણ હતા.

મરમી અને મરજીવા

પરંતુ કબીરસાહેબની અમરતાની સંજીવની તો એમની મર્મભાવના છે. જ્ઞાન વિનાની ક્રિયા એ આંધળાનો પ્રવાસ છે, અને ક્રિયા વિનાનું જ્ઞાન એ અપંગની દૃષ્ટિ છે. જ્ઞાન, કર્મ અને ભક્તિના અપૂર્વ સમન્વયમાં જ કબીરની મર્મભાવનાનું સૌન્દર્ય છુપાએલું છે; એટલે જ એમની રહસ્યવાદી સર્જના શક્તિશાળી, મૌલિક અને હૃદયંગમ છે. કેટલા યે કવિઓનાં અંતઃકરણમાંથી મર્મભાવના ઝરણાં જેમ વહી છે. એમણે એનો સાક્ષાત્કાર કરીને મૌન સેવ્યું છે. કેટલા યે યોગીઓએ આ દિવ્ય ગુહ્યાનુભવોમાં પોતાને અપ્રકટ વહેવડાવી દીધા છે. એટલે આ મર્મભાવનાની પરિભાષા મોટે ભાગે મૌન છે. પરંતુ મરમી જ્યારે પ્રિયમીલનના અદ્ભુત આનંદનો અનુભવ પામે છે ત્યારે ક્યારેક એની સંવેદના વાચા ધારણ કરે છે, એનું દર્શન રૂપ પકડે છે. એવા મરમીની વાણીમાં ઘણુંખરું તત્ત્વ ભણી સંકેત જ હોય છે. અને આ સંકેત—સંજ્ઞા જ એની વાણીનું પરમ સૌંદર્ય હોય છે.

મરમાની-ઉદ્દેશપ્રાપ્તિમાં ત્રણ અવસ્થા હોય છે. પહેલી અવ-

સ્થામાં વ્યક્તિ અનંત શક્તિ સાથે પોતાનો સંબંધ જોડવા તત્પર થાય છે. એ સંસારની સીમા વટાવીને એવા લોકમાં પહોંચે છે જ્યાં ભૌતિક બંધનો નથી, સંસારના નિયમો નથી, જ્યાં શારીરિક અવરોધોની એને પરવા નથી. એ ઇશ્વરની સમીપ પહોંચે છે અને એની દિવ્ય વિભૂતિઓને જોઇને આશ્ચર્યમુગ્ધ બની જાય છે. મરમીની આ પ્રથમ પરિસ્થિતિ છે. બીજી અવસ્થા ત્યારે આવે છે જ્યારે આત્મા પ્રભુને પ્રેમ કરવા માંડે છે. ભાવનાઓ એટલી તીવ્ર બની જાય છે કે આત્મામાં એક પ્રકારનો ઉન્માદ આવી જાય છે. આત્મા જાણે પ્રકૃતિનું સ્વરૂપ ધારણ કરીને આદિપુરુષને પોકારે છે અને પ્રેમ કરે છે. સંસારની બધી વસ્તુઓ એની દૃષ્ટિ સામેથી હઠી જાય છે. આશ્ચર્યમુગ્ધ થઈ જવાની અવસ્થા એ વટાવી જાય છે. અને પોતાના આરાધ્યને એ પ્રેમ કરવા માંડે છે. આ પ્રેમ એટલો પ્રબળ હોય છે કે એની સામે વિશ્વની કોઇ વસ્તુ ઊભી રહી શકતી નથી. એ પ્રેમપ્રવાહમાં સર્વ વાસનાઓ અને કામનાઓ તણાઇ જાય છે; સર્વ ભાવનાઓ પ્રબળ વેગથી એક જ દિશા તરફ વહી જાય છે; રહે છે માત્ર એક જ વસ્તુ, અને તે પ્રેમ. ત્રીજી અવસ્થામાં આત્મા અને પરમાત્માનું એટલું એકીકરણ થઇ જાય છે કે એ બન્નેમાં કંઈ ભિન્નતા નથી રહેતી. આત્મા પોતાનામાં પરમાત્માનું અસ્તિત્વ ચરિતાર્થ કરે છે અને પરમાત્માના ગુણો પ્રગટ કરે છે. આ અભિન્ન સબંધ જ મરમીની સાધનની સાર્થકતા છે.

આત્મા અને પરમાત્માનો આંતરિક સંબંધ સ્થાપવાની ને સિદ્ધ કરવાની ગુપ્ત કલા એ જ મર્મભાવના છે. જ્યારે આત્માને અનુભવ થાય છે કે પરમાત્મા મને વિશ્રામ કરાવે છે ત્યારે એને એક પ્રકારનું ગૌરવ લાગે છે, અને ગૌરવનો આનંદ મૌનમાં પરિણમે છે. મરમીનું ધ્યન મૌન હોય છે. એમાં બોલવાની શક્તિ નથી હોતી, અને બોલે છે ત્યારે એ ભાંગીતૂટી વૈખરી ભાવનું અધૂરૂં પ્રદર્શન બની રહે છે. આત્મા જેમ પરમાત્માના સંયોગથી આનંદી અને મસ્ત બને છે તેમ પરમાત્મા પણ પોતાનું સ્વરૂપ પોતાનામાં મેળવાને સુખી થાય છે, અને પરમાત્મા અને આત્માના આ અનંત સંયોગની અવસ્થામાં પરમાત્મા પોતે આત્મા દ્વારા આ વિશ્વમાં બોલે છે :

> મુઝકો કહાં ઢુંઢે બંદે
> મૈં તો મેરે પાસમેં.

મરજીવા અને મરમી કબીરની પ્રેમસાધનાનું આ જ રહસ્યમય સૌન્દર્ય છે.

ઉપસંહાર

[રવીન્દ્રનાથ ઠાકુર]

ભોજ રાજાના દેશમાં જે છોકરી સવારના પહોરમાં દેવમંદિરમાં ગીત ગાવા જાયછે તેતો ક્યાંકથી મળી આવેલીછોકરીછે.

આચાર્ય કહે છે, 'એક દિવસે પરોઢમાં એક સૂર મારે કાને પડ્યો. ત્યાર પછી તે દિવસે જ્યારે હું છાબ લઇ પારૂલ વનમાં ફૂલો વીણવા ગયો ત્યારે આ જ છોકરી ફૂલ-ઝાડ તળેથી મળી આવી.'

ત્યારથી આચાર્ય એ છોકરીને પોતાના તંબૂરાની જેમ ખોળામાં રાખીને ઉછેરી છે. તે બોલતાં શીખી ન હતી ત્યારનું એના ગળામાં ગીત જાગેલું.

હવે તો આચાર્યનો કંઠ ક્ષીણ થઈ ગયો છે; આંખે પણ બરાબર દેખાતું નથી. છોકરી તેને નાના બાળકની પેઠે સાચવે છે.

કેટલાયે યુવાનો દેશપરદેશથી આ છોકરીનાં ગીત સાંભળવા આવે છે. આ જોઇને કોઇકોઈ વાર આચાર્યની છાતી કંપી ઊઠે છે; કહે છે, 'જે ડાંખળી ખરી પડવા આવી હોય તેને ફૂલ પણ છોડી જાય છે.'

છોકરી કહે છે, 'તમારા વગર એક પળ પણ ન જીવું.'

આચાર્ય તેને માથે અને મોઢે હાથ ફેરવી કહે છે, 'જે ગીત આજે મારો કંઠ છોડી ગયું છે, તે જ ગીતે તારામાં રૂપ લીધું છે. તું જો મને હવે છોડી જાય તો તો હું મારી ચિરજન્મની સાધનાને ખોઈ બેસું.'

૨

ફાગણ માસની પૂર્ણિમાએ આચાર્યના પ્રધાન શિષ્ય કુમારસેને ગુરુચરણે આમ્રની એક મંજરી મૂકી પ્રણામ કર્યા. કહ્યું, 'માધવીનું હૃદય મેં જીત્યું છે. હવે જો પ્રભુની સંમતિ મળે તો બેય જણાં મળી આપનાં ચરણની સેવા કરીએ.'

આચાર્યની આંખોમાંથી પાણી પડવા લાગ્યું. તેમણે કહ્યું, 'લાવ જોઉં મારો તંબૂરો, અને તમે બંને રાજા અને રાણીની જેમ મારી સામે આવીને બેસો.'

તંબૂરો લઈ આચાર્ય ગાન ગાવા બેઠા. સાહાનાના સૂરમાં દુલહા-દુલહનનું ગીત ઉપાડ્યું અને કહ્યું, 'આજે મારા જીવનનું છેલ્લું ગીત ગાઈશ.'

એક પદ ગાયું. ગીત હવે આગળ ચાલતું નથી. વરસાદનાં ટીપાંથી ભરાઇ ગએલા જૂઇના ફૂલની જેમ હવામાં કંપતું કંપતું ખરી પડે છે. અંતે તંબર કુમારસેનના હાથમાં દઇને બોલ્યા, 'વત્સ, આ લે મારૂં વાજિંત્ર.'

ત્યાર પછી માધવીના હાથને તેના હાથમાં મૂકીને બોલ્યા, 'આ લે મારો પ્રાણ.'

ત્યાર પછી બોલ્યા, 'મારૂં ગીત બેય જણાં મળીને પૂરૂં કરો; હું સાંભળું.'

માધવી ને કુમારે ગીત ઉપાડ્યું તે જાણે આકાશને પૂર્ણચંદ્ર કંઠ મેળવીને ગાતાં ન હોય!

૩

એ જ વખતે બારણે રાજદૂત આવી ઊભો. ગીત થંભી ગયું.

આચાર્યે ધ્રૂજતાંધ્રૂજતાં આસન પરથી ઊઠીને પૂછ્યું, 'મહારાજનો શો આદેશ છે?'

દૂતે કહ્યું, 'તમારી દીકરીનું નસીબ ઊજળું છે; મહારાજે તેને બોલાવી છે.'

આચાર્યે પૂછ્યું, 'તેમની શી ઈચ્છા છે?'

દૂતે કહ્યું, 'રાત પૂરી થતાં કુંવરીબા કાંબોજ ભણી પતિને ઘેર પધારવાનાં છે; માધવીને તેમની સાથે જવાનું છે.'

પરોઢ થયું, રાજકુંવરી ઊપડ્યાં.

મહારાણીએ માધવીને બોલાવીને કહ્યું, 'મારી પુત્રી પરદેશમાં જઇને ખુશ રહે તેનો ભાર તારા ઉપર છે.'

માધવીની આંખમાંથી આંસુ પડ્યાં નહિ, પણ અનાવૃષ્ટિના આકાશમાં જાણે તણખા ઊડ્યા.

૪

રાજકુંવરીની મયૂરપંખી પાલખી આગળ જાય છે અને તેની પાછળપાછળ જાય છે માધવીની પાલખી. તે પાલખી કિનખાબથી ઢાંકેલી છે. તેની બંને બાજુએ છે પહેરો.

રસ્તાની ધારે, ધૂળમાં, વાવાઝોડાંથી ભાંગી પડેલી પીપળાના ડાળની જેમ આચાર્ય પડી રહ્યા, અને કુમારસેન સ્થિર થઇને ઊભો રહ્યો.


પંખીઓ પલાશની ડાળીઓમાં ગીત ગાતાં હતાં; આમ્રમંજરીઓના ગંધથી પવન આકુળ થઈ ગયો હતો. પરદેશમાં રખેને રાજકુંવરીનું મન ફાગણમાસની કોઇક સાંજે, અચાનક, પલ માટે પણ બેચેન બની જાય એની ચિંતામાં રાજમહેલના લોકોએ ઊંડા નિશ્વાસ નાખ્યા.

વિનોદ મેઘાણી

[રવિબાબુના મૂળ બંગાળી પુસ્તક 'લિપિકા'માંથી અનુવાદ]

એક દોરડાને આશરે

અવકાશમાં—જમીનથી અરધો માઈલ ઊંચે, અને એક મહાકાય ઝેપલિનમાંથી લટકતા ૨૦૦ ફૂટ લાંબા દોરડાને છેડે અકસ્માતે લટકી રહેલા એક નવજુવાન છોકરાના ભયાનક અનુભવની કથા



આ વાર્તામાં વર્ણવેલા પ્રસંગનો સાચો ફોટોગ્રાફ: જેમાં દોરડાના છેડાની આસપાસ દોરેલા કુંડાળામાં, ફુરચા ઊડી ગએલા બે કમનસીબ છોકરાઓમાંનો એક, દોરડા પરથી નીચે પડતો અને બીજો પડવાની તૈયારીમાં બતાવવામાં આવ્યો છે. વાર્તાનો નાયક કૉવર્ટ જેને વળગી રહેલો તે દોરડું અને બીજાં દોરડાં, સ્પષ્ટતાને ખાતર ફોટોગ્રાફમાંથી ઉડાવી દીધાં છે.

દસમી મેના દિવસે યુનાઇટેડ સ્ટેટ્સના નૌકાદળના મથકમાં હુકમ આવ્યો કે આવતી કાલે બસો નાવિકોએ જંગી હવાઈ જહાજ ઍક્રોનને જમીન પર ઉતારવામાં મદદ કરવા જવાનું છે. જગતના એ સર્વોત્કૃષ્ટ હવાઈ જહાજ વિષે હાથ લાગ્યું તેટલું સાહિત્ય મેં વાંચ્યું હતું, તેથી તેને જોવાને હું બહુ જ ઉત્સુક તો હતો જ; એટલે જ્યારે મને ખબર પડી કે ઍક્રોનને ઉતારવા જનારી ટુકડીમાં હું પણ ચુંટાયો છું, ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો.

અગિયારમી મેના દિવસે પરોઢિયામાં બહુ જ વહેલા નાસ્તો લેવડાવી અમને પૅરેડ ગ્રાઉન્ડ પર લઇ જવામાં આવ્યા. ત્યાં અમારે માટે હાજર રહેલી મોટર બસોમાં બેસીને અમે લૂના આર્મી ટ્રેઈનિંગ કૅમ્પ તરફ રવાના થયા, જેના મેદાનમાં હવાઇ જહાજને ઉતારવાને માટે એક કામચલાઉ મૂરિંગ માસ્ટ ઊભો કરવામાં આવ્યો હતો. નવમાં થોડી મિનીટો બાકી હતી ત્યાં વાદળાંમાંથી બે વિમાનો સડસડાટ કરતાં નીચે આવ્યાં અને કૅમ્પ ફ્રાઅર્ની આગળ ઊતર્યાં. તરત જ અમને ખબર પડી કે ઍક્રોન પરનાં છ વિમાન માંહેનાં એ બે હતાં, અને હવાઈ જહાજને સલામત ઉતારવા માટે જરૂરી સૂચનાઓ આપવા સારૂ ચાર ઑફિસરોને તેમાં આગોતરા મોકલવામાં આવ્યા હતા.

તરત અમને બધાને કતારમાં ગોઠવી દેવામાં આવ્યા અને ઍક્રોન જ્યારે મેદાન પર ઊતરે ત્યારે શું કરવું તેની સૂચનાઓ આપવામાં આવી. હજી સૂચનાઓનું કામ માંડ પૂરૂં થયું હશે ત્યાં તો વિમાનોનો કોઇ મોટો કાફલો આવતો હોય એવો ઘેરો અવાજ કરતી મોટરોની ઘુઘવાટી માથા પર સંભળાઇ, અને થોડી જ વારમાં ગૌરવભર્યું ઍક્રોન નજરે પડ્યું. એક જંગી રૂપેરી સિગાર જેવા ઘાટના એ મહાન હવાઈ જહાજને દમામભેર વાદળાંમાંથી નીચે ઊતરતું જોવું એ ખરેખર અદ્ભુત-રમણીય દેખાવ હતો.

ઍક્રોન જમીનથી બસોક ફીટ જેટલું દૂર રહ્યું હશે, ત્યાં તેના મોરાનું દોરડું નીચે નાખવામાં આવ્યું અને તરત મૂરિંગ માસ્ટના તારની જોડે તેને જકડી લેવામાં આવ્યું. માસ્ટનાં યંત્રો ધમધમાટ અવાજ કરવા લાગ્યાં, દોરડું ટાઈટ થતું ગયું અને પછી જેમજેમ તે વીંટળાતું ગયું તેમતેમ હવાઈ જહાજ માસ્ટ તરફ ખેંચાવા લાગ્યું.

પછી બીજાં નાનાં દોરડાં જહાજમાંથી નીચે ફેંકવામાં આવ્યાં અને અમને એંશી નાવિકોને તે પકડીને જહાજને સ્થિર કરવાનો અને તેને માસ્ટ તરફ લઈ જવાનો હુકમ થયો. હું પણ આ ટુકડીમાં હતો, એટલે હવાઈ જહાજના ખોખામાં મોરા નીચે આવેલી એક નાની બારીમાંથી લટકતા એક દોરડાને મેં પણ પકડી લીધું.

એવામાં એકાએક ગરમ પવનનો સુસવાટો આવ્યો અને ઍક્રોનનાં દોરડાં જોરથી ખેંચાયાં. એને લીધે જબરા આંચકા સાથે તે જમણી બાજુ નમી ગયું, અને તેને સ્થિર કરવાને દોરડાં ખેંચતા મારા સાથીદારોને મેં જમીનથી અદ્ધર ઊપડતા જોયા. મૂરિંગ માસ્ટના મથાળા પરના ઑફિસરોને હવાઇ જહાજમાંથી હુકમો અપાતા હું સાંભળી શક્યો હતો. પણ જ્યાં સુધી છોડી દેવાનો હુકમ ન મળે, ત્યાંસુધી લટકી રહેવાની જ અમને સૂચનાઓ આપવામાં આવી હતી, અને છોડી દેવાનો હુકમ મારા સાંભળવામાં આવ્યો જ નહોતો; એટલે જમીન પર પગ ટકાવી રાખતાં પણ મને ઘણી જ મુશ્કેલી પડતી હતી છતાં, હું મારા દોરડાને જોરથી ખેંચી રહ્યો હતો.

ત્યાં તો એકાએક હું એક સખત આંચકાભેર પચીસ ફૂટ ઊંચે હવામાં ખેંચાઇ ગયો! પૃથ્વી મારાથી દૂર ને દૂર નીચે જતી હતી અને જગતના સર્વોત્કૃષ્ટ હવાઈ જહાજને જોવા મળેલી હજારો માનવોની મેદની પર હું અદ્ધર લટકતો હતો! મેં જો તે સમયે તરત દોરડું છોડી દીધું હોત તો સહીસલામત નીચે પડ્યો હોત; પરંતુ તેમ કરવાથી નીચે કેટલાક લોકોને ઈજા થવાના ભયે હું ટીંગાઈ જ રહ્યો. ભયંકર આપત્તિ આવવાની હતી તેની મને કલ્પના યે ન હતી.

હું તો એમ જ ધારતો હતો કે થોડીક ક્ષણોને માટે ઍક્રોન આમ ઊંચે ગયું હશે અને તરત જ પાછું ઠેકાણે આવી જશે. પણ એટલામાં મારી નજર નીચે ગઈ અને મારાં ગાત્ર ગળી ગયાં! "મેં જોયું તો

ઍંક્રાનને મૂરિંગ માસ્ટ સાથે જોડી રાખતો તાર તૂટી ગયો હતો અને કોઈ અમર્યાદ વેગથી મને ખેંચતું ઍંક્રાન હવામાં ઊંચે ચડ્યે જતું હતું! પૃથ્વી મારા પગ નીચેથી એટલી ઝપાટાબંધ દૂર ને દૂર નીચે સરતી જતી હતી કે એ જોઈ મને તમ્મર આવવા લાગ્યાં. હવે તો દોરડાનો એ છેડો અને તેના પર લટકી રહેવાની મારી શક્તિ સિવાય મારી અને મૃત્યુ વચ્ચે બીજું કાંઈ રહ્યું નહોતું!

હું આશરે દોઢસોક ફીટ ઊંચે હવામાં ગયો હોઈશ ત્યાં મેં બીજા બે નાવિકોને મારી જ માફક દોરડાંઓ પર લટકતા જોયા. પણ તે પછીની જ ક્ષણે મેં જે દૃશ્ય જોયું એ જોઇને તો હું ભયથી બેભાન જેવો થઇ ગયો! એ બેમાંના એકને તેની પકડ છોડતો અને પૃથ્વી તરફ ગબડતો મેં જોયો. તે પૃથ્વી પર પછડાયો એવો જ તેનો દર્દમય ચિત્કાર હવામાં ગુંજતોગુંજતો મારા કાને અથડાયો અને એ સાંભળીને, હતી તેટલી હિંમત ભેગી કરી હું મારા દોરડાને બચબચાવીને જોરથી ચોંટી રહ્યો. પછી મેં બીજા સાથીદારની સ્થિતિ જોવા તેના તરફ જોયું. અમે ત્યારે અઢીસો ફીટની ઊંચાઈએ પહોંચ્યા હતા. જેવી મેં તેના તરફ નજર કરી તેવો જ મેં તેને પણ હિંમત હારીને દોરડું છોડી દેતો તથા પહેલાના હાલે જમીનદોસ્ત થતો જોયો!

'હવે તારો વારો છે, બચ્ચા કૉવર્ટ,' મેં મારી જાતને કહ્યું, અને ધ્રબકતા હૃદયે દાંત કચકચાવીને દોરડાની પકડ વધુ સજ્જડ કરી.

થોડીક મિનિટમાં તો હું પૃથ્વીથી પૂરા પાંચસો ફીટ ઊંચે જઈ પહોંચ્યો; અને હવાઇ જહાજમાંના અફસરો જહાજને ફરીથી કાબૂમાં લાવી શકે તે પહેલાં કેટલોક સમય જશે તેની ચિંતા કરવા લાગ્યો.

જહાજમાંથી છૂટતા એક પછી એક હુકમો હું સાંભળી શકતો હતો. એકાએક ઍંક્રાન પરની આઠે મોટરો ધમધમાટ અવાજ કરવા લાગી. મારાં આંગળાં તો ક્યારનાં યે દુખવા માંડ્યાં હતાં, એટલે હજી થોડા જ દિવસો પહેલાં અમારા નેવલ સ્ટેશનમાં કોઇએ મને અઢી હજાર ડૉલરનો વીમો લેવડાવવા માંડ્યો હતો તે નકારવા માટે હવે હું પસ્તાવા લાગ્યો!

સાધારણ સંજોગોમાં તો, હું માનું છું કે, હું બસો ફીટના એ દોરડા પર હાથ વતી ચડી ગયો હોત! પરન્તુ અત્યારે તો હું કેવી કટોકટભરી સ્થિતિમાં હતો તેનું મને પૂરેપૂરૂં ભાન હતું; કેમકે હવાઈ જહાજની જે નાની બારીમાંથી મારૂં દોરડું લટકતું હતું, ત્યાં પહોંચવાને માટે મારૂં બળ બહુ જ ઘટી ગયું હતું. અત્યારે તો લટકી રહેવા કે નીચે પડવા સવાય ત્રીજું હું કાંઈ જ કરી શકું તેમ નહોતો.

ધીમે ધીમે મને મારી આંગળીઓ લપસતી લાગી. અરેરે, આ દોરડામાં એક જ ગાંઠ ક્યાંક હોત તો? મેં ઊંચે નજર કરી. પણ ત્યાં તો હતો આસ્માની આકાશનો અમાપ વિસ્તાર, તેમાં દોડતી થોડી વાદળીઓ અને મહાકાય ઍંક્રાનની રેખાઓ. પછી મેં નીચે દૃષ્ટિ કરી તો પૃથ્વી એક માઈલ જેટલી નીચે લાગી! એ જોતાં નીચે પડવાના વિચારમાત્રથી જ મને ધ્રુજારી આવી ગઈ. દોરડાને વળગી રહેવામાં જો નિષ્ફળ જાઉં તો મારા રાઇરાઈ જેટલા ફુરચા જ ઊડી જાય તેમ હતું!

પણ એવામાં તો મારી નજરે એક એવી વસ્તુ પડી, જે જોઈને મેં છુટકારાનો દમ ખેંચ્યો. એ હતો, મારા પગથી પંદર ફીટ જેટલે નીચે દોરડામાં વણી લીધેલો, દસેક ઇંચ જેટલો લાંબો લાકડાનો કટકો!

તરત જ મને એક વિચાર સૂઝ્યો. મેં મારા જમણા પગ વડે દોરડાને આમળો લઈ મારા ડાબા પગને બ્રેક તરીકે વાપર્યો અને ધીમેધીમે એ લાકડાના કકડા તરફ નીચે સરકવા માંડ્યું. અંતે લાકડાનો કટકો બરાબર મારા સાથળ નીચે આવ્યો કે મારૂં વજન તેના પર ટેકવી મેં બેઠક જમાવી. પડી જવાનો ભય આમ નાબૂદ થયો, એટલે હવે મેં એક હાથ વતી દોરડું પકડી રાખી બીજા હાથને આરામ આપવા અને તેનાં અકડાઈ ગએલાં આંગળાંમાં લોહી વહેતું કરવા તેને છૂટો કરીને લંબાવવા માંડ્યો. આમ વારાફરતી કરવાથી થોડી મિનીટમાં મારા હાથોમાંથી દુઃખ અને બધિરતા જતાં રહ્યાં. મેં ઊંચે જોયું તો એ જંગી હવાઈ જહાજ તેની બધી મોટરો ચાલુ કરીને ધૂમતું જણાયું; અને નીચે નજર કરી તો અત્યંત નીચે, પાથરેલા નકશા જેવા દેખાતા સાન ડીઆગો શહેર પર અમે ચક્કર લેતા માલૂમ પડ્યા!

લાકડાના એ કટકા પર હું ભાગ્યે જ અર્ધો કલાક બેઠો હઈશ ત્યાં તો મારા સાથળોમાં દુખાવો શરૂ થયો! અને તેને પરિણામે મારા પગોમાં બધિરતા આવતી જણાઈ. હવે મારી અધીરાઇ વધવા માંડી. હવાઈ જહાજમાંનાં માણસો મારી સ્થિતિ વિષે શું કરવા ધારતા હતા? તે જ સમયે એક ભયપ્રેરક વિચાર મને સ્ફુરી આવ્યો. હું અહીં લટકતો હતો તે વિષે ઍંક્રાન પરના માણસો શું અજ્ઞાત તો નહિ હોય? ઍંક્રાનની મોટરોના ધમધમાટ કરતા અવાજને ડુબાવી દેવા જેટલી મોટી બૂમ હું પાડી શકું એ તો અશક્ય જ હતું છતાં જિજિવિષાને વશ થઇને મે એક હાથને મોઢા આગળ રાખીને જોરથી બૂમ મારી: 'આ જહાજને તમે નીચે ઉતારવાના જ નથી કે શું?

અને મારા આશ્ચર્ય વચ્ચે, મારૂં દોરડું લટકતું હતું તે બારીમાં એક માથું દેખાયું અને અવાજ આવ્યો, 'જોરથી બેસી રહેજે, છોકરા! બરાબર લટકી રહેજે! તને બચાવવાને દરેક શક્ય ઉપાય લેવામાં આવે છે. સૂર્યાસ્ત થયા પહેલાં અમે નીચે ઊતરવાનો પ્રયત્ન કરી શકીએ નહિ, ત્યાં સુધી બરાબર ચિટકીને લટકી રહેજે, અને પહેલી જ તકે અમે તને ઉપર ખેંચી લઈશું.'

પાછળથી મને જાણ થઇ હતી કે હવાઈ જહાજના ઑફિસરે મને બસો ફૂટ નીચે લટકતો જોઈ ધાર્યું હતું કે હું દોરડામાં ગુંચવાઈ ગયો હતો અને કાં તો બેભાન અવસ્થામાં અથવા તો મુડદા રૂપે ત્યાં લટકતો હતો! એ તો જ્યારે અમાએ મને બૂમ મારતો સાંભળ્યો ત્યારે જ તેઓએ જાણ્યું કે હું મારી જિંદગી માટે લટકી રહ્યો હતો!

લાકડાના કટકા પર હું એકાદ કલાક બેઠો હોઇશ, ત્યાં તો મારા નીચેના અવયવોમાં અસહ્ય પીડા થવા લાગી. હવે હું તે કોઈપણ ભોગે સહન કરી શકું તેમ નહોતો, એટલે નિરૂપાયે, મારૂં સમતોલપણું ખોવાના તેમજ અવકાશમાં ફેંકાઇ પડવાના જોખમે પણ હું ફરી દોરડા પર હાથ વતી ચડવા લાગ્યો. આમ, લાકડાનો કટકો બરોબર મારા પગની નીચે આવ્યો ત્યાં સુધી હું ઉપર સરક્યો કેટલીક મિનીટો સુધી તો મારા અચોક્કસ પગનો ભરોસો નહિ રાખતાં, મેં મારા વજનને મારા હાથ વતી જ ટેકાવી રાખ્યું. તરત જ લોહીનું ફરતું શરૂ થતાં બધિરતા નાસવા માંડી અને મને નિરાંત વળી.

બીજા એક કલાક સુધી તો હું આમ વારાફરતી એ લાકડાના કટકા પર બેઠો ને ઊભો. મારા હાથ દોરડું પકડીપકડીને થાકી જાય ત્યાં સુધી હું ઊભો રહેતો; અને પછી લાકડાનો કટકો મારા સાથળોમાં પેસવા લાગે ત્યાંસુધી હું બેસી રહેતો. પણ હવે એક નવો ભય પેદા થયો. ઠંડીથી મારૂં શરીર બધિર થતું જતું હતું. રોજિંદા સફેદ ડકના યુનિફોર્મ સિવાય મારા શરીર પર બીજું કાંઈ જ નહોતું!

ઊંચાઈ બદલાઇ જવાથી ત્રીસ ડિગ્રી ઘટી ગએલા ટેમ્પરેચરમાં એક કલાકના સાઠથી સિત્તેર માઈલની ઝડપે હવામાં હું ઘસડાતો હતો. પ્રથમ તો મારૂં આખું શરીર ઠંડું થવા લાગ્યું; પછી મારા હાથ-પગ બહેરા પડી ગયા. જ્યાં સુધી હવાઈ જહાજ સૂર્યતેજમાં ફરતું હતું, ત્યાં સુધી તો મને બહુ અસર થઇ નહિ, પરન્તુ જ્યારે તે નીચાં લટકતાં વાદળાંઓમાંથી પસાર થયું ત્યારે તો મારાં પાતળાં કપડાં

બરફ જેવાં જ લાગ્યાં.

ખાત્રીપૂર્વક વખત ગણવાનું મારી પાસે કોઇ સાધન નહોતું, પરન્તુ સૂર્યની ગતિ પરથી મને લાગ્યું કે હું દોરડા પર આશરે એ કલાક સુધી હતો. તે દરમિયાન હું એટલો બધો ઠંડો થઇ ગયો કે મેં ધાર્યું કે હવે એક પણ મિનીટ વધારે લટકી શકીશ નહિ. હું જમીન તરફ જોવા લાગ્યો અને મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે તમ્મરની જરા પણ અસર વિના હવે હું નીચે નિહાળી શકતો હતો.

ફરી હવાઇ જહાજના માણસો પર મને ગુસ્સો આવવા લાગ્યો. મને લાગ્યું કે મને મદદ કરવાને તેઓ કાંઈ જ કરતા નહોતા. એમને થોડીક સરસ્વતી સંભળાવવાની ઈચ્છાથી હું લાકડાના કટકા પર ઊભો થયો, ત્યાં તો દોરડું જરા ખેંચાયું હોય એમ મને લાગ્યું. ઊંચે જોતાં હવાઇ જહાજની બારીમાંથી બહાર આવતા અને દોરડાને ખેંચતા બે હાથ મેં જોયા. હવે તો સ્પષ્ટ હતું કે મને હવાઇ જહાજમાં ખેંચી લેવાને તેઓ મહેનત કરતા હતા; એટલે હું ચૂપ રહ્યો અને નવી પ્રકટેલી આશાથી દોરડાને વળગી રહ્યો.

પણ એટલો વખત તો જાણે એક યુગ જેવડો મને લાગ્યો. 'આ અમારો ઉતાવળ કેમ નહિ કરતા હોય?' હું મનમાં મોટેથી બબડ્યો. તે જ સમયે દોરડાને એક ખીજો આંચકો લાગ્યો. ઊંચે જોતાં મારી અને હવાઇ જહાજની વચ્ચેનું અંતર થોડા ફીટ ઘટ્યું હોય તેમ લાગ્યું. મારા દોરડાને ખેંચતા એ હાથોને હું હજી નિહાળી શકતો હતો.

હવાઇ જહાજને હવે પવનના જબરદસ્ત સપાટા અથડાવા લાગ્યા; અને દર વખત તે ઉપર ખેંચાતા મારા દોરડાને એટલું તો ઝુલાવી દેતા હતા કે જાણે હમણાં નીચે નાખી દેશે! મેં નીચે દૃષ્ટિપાત કર્યો તો જોયું કે અમે મહાસાગર ઉપર ઊડી રહ્યા હતા!

એવામાં એક વિમાન નીચેથી ઉપર આવ્યું અને મારાથી થોડે છેટે ઊડીને પસાર થયું. જેવું તે પાસે આવ્યું કે વિમાનીએ તેના વિમાનની પાંખ સીધી કરી, પોતે કૉકપિટમાં ઊભો થયો અને હવાઇ જહાજની બારીમાંના હાથ તરફ નિશાની કરી. મને સ્પષ્ટ સમજાયું કે મને હિંમત ટકાવી રાખવા ઉત્તેજવા માટે જ એ હતું, અને જહાજ પરના માણસો મને ઉપર ખેંચી લેવાને પ્રયત્ન કરતા હતા તે તરફ મારું ધ્યાન ખેંચવાનો એ પ્રયત્ન હતો. મેં તેને ઓળખી કાઢ્યું કે સવારે કૅમ્પ નીઅના આગળ જમીન પર ઉતરેલા ઍક્રોનનાં બે વિમાનોમાંહેનું જ એક એ હતું, એટલે તો મારી ખાત્રી થઇ કે મારું અનુમાન સાચું હતું.

હું લટકતો હતો તે દોરડાના બસો ફીટ હવે ધીરેધીરે અદૃશ્ય થતા ગયા. મારા દોરડા સાથે મથી રહેલા બે હાથોને હું જોઈ શક્યો હતો. મને આશ્ચર્ય તો એ જ થતું હતું કે હવાઈ જહાજનો કમાન્ડર મને ઉપર ખેંચી લેવાને વધારે માણસો કેમ નહિ લગાડતો હોય?

આખરે જેવો હું તે બારીની કિનારને લગભગ સ્પર્શી કરી શકું એટલો નજીક જઇ પહોંચ્યો કે તરત જ બારીમાંથી એક કર્કશ અવાજ ગાજ્યો: 'તારો હાથ ઊંચો કર' ડાબા હાથ વતી દોરડાને પકડીને મેં મારો જમણો હાથ લંબાવ્યો. તરત જ મારો હાથ જાણે રીંછને પકડવાના પાંજરામાં પકડાયો હોય તેમ જકડાયો અને મને બારી વાટે ઝેરથી અંદર ખેંચી લેવામાં આવ્યો.

બારીથી હવાઈ જહાજની અંદર પાછા જવાના રસ્તાની સપાટી સાથે જ્યારે મારા પગનો સ્પર્શ થયો, ત્યારે સહીસલામતી અને રાહતની કેવી અકથનીય લાગણી મારી પર ફરીવળી હતી! આખરે હું સહીસલામત હતો. રબર પાથરેલા એ રસ્તા પરપણ કઠણતાની લાગણી અનુભવતો અને મારા થાકેલા સ્નાયુઓને આરામ આપતો, થોડીવાર તો હું હાથપગ પહોળા કરીને તુતક પર જ સૂઇ રહ્યો. એક ઑફિસર એક હાથમાં સ્મેલિંગ સૉલ્ટની અને બીજા હાથમાં ઍમોનિયાની શીશી લઈને આવ્યો. તેણે એક શીશી મારા નાક આગળ ધરી, પણ તે ખસેડી નાખીને હું ઊભો થયો! 'મને એની જરૂર નથી;' મેં કહ્યું, 'પણ કાંઇક ખાવાનું હોય તો આપો.'

ઑફિસરની પાછળ પાછળ જહાજમાંના લાંબા સાંકડા રસ્તા વટાવતો હું ખાણાના ઓરડા આગળ જઈ પહોંચ્યો. ત્યાં ઍક્રોનના કપ્તાન, કમાન્ડર રોઝનડાહલે મને આવકાર આપ્યો. તેણે મારી સાથે હાથ મિલાવ્યા અને મારા દૈવી બચાવ માટે મને અભિનંદન આપ્યાં, અને પછી મને શું ખાવાનું ગમશે તે પૂછ્યું.

'બેકન અને ઈંડાં,' મેં જવાબ આપ્યો. 'અને થોડી કૉફી.'

મેં જમવાનું શરૂ કર્યું. કૅપ્ટને પણ મને સાથ આપવા કૉફીના કપનો હુકમ આપ્યો અને દોરડા પર લટકવાના મારા અનુભવ વિષે વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવા માંડ્યા.

તે જ ક્ષણે એકાએક મને એક ભયપ્રદ વિચાર આવ્યો! જ્યારે હું જમીન પરથી હવામાં અધ્ધર ખેંચાઈ ગયો ત્યારે કૅમ્પ ક્રીઅર્નીં આગળ છાપાંના ડઝનેક રીપોર્ટરો હતા, એટલે આ અકસ્માતના સમાચાર ટેલીફોન, તાર, કેબલ કે રેડિયો દ્વારા અમેરિકાના સર્વ ભાગમાં ફેલાવી દેવામાં આવશે; અને હું અહીં સહિસલામત હતો તેના સમાચાર મળે તે પહેલાં એ સમાચાર ઑકલાહૉમામાં મારાં માતાપિતાને પહોંચી જાય તો? આ ખ્યાલ આવતાં જ હું એટલો ગભરાઈ ગયોકે ખોરાક ગળામાં ચોંટી ગયો ને હું લગભગ ગુંગળાઇ ગયો.

'કૅપ્ટન!' હું તરત બોલી ઊઠ્યો, 'મારાં માતાપિતાને હું સહીસલામત છું તે જણાવવાને તમે રેડિયો સંદેશ મોકલી શકશો?'

'તેની ચિન્તા ના કર, છોકરા;' કૅપ્ટને જવાબ આપ્યો, 'તને જહાજ પર ખેંચી લેવામાં આવ્યાં તે જ ક્ષણે સંદેશો મોકલવામાં આવ્યો છે. આ રહી તેની નકલ.' એમ કહી તેણે મારી આગળ ટેબલ પર એ સંદેશો મૂક્યો. તે કૅમ્પ ક્રીઅર્નીંના નેવલ રેડિયો ઑપરેટરને આપવામાં આવ્યો હતો અને નીચે મુજબ હતો:

'કૉવર્ટ ઓ. કે. (સહીસલામત). તેને કાંઈ ઇજા થઇ નથી. આખો વખત બહુ જ શાન્ત હતો, અને આ અનુભવને પોતાની જિંદગીના એક નવા જ અનુભવ રૂપ તે ગણે છે.'

બપોર પછીનો બધો સમય મેં એ મહાન હવાઈ જહાજ પર ફરવામાં અને તેની રચના જોવામાં જ ગાળ્યો. કૅપ્ટન રોઝનડાહલે મને બધું બતાવવાને અને સમજાવવાને માટે એક ઑર્ડર્લી આપ્યો હતો. મને તે જોવામાં બહુ મઝા પડી. સાન ડિયેગો પ્રદેશ અને મહાસાગર પર મોટાં ચક્કરો લેતા અમે ફરતા હતા, ત્યા કન્ટ્રોલ-કારની બારીઓમાંથી બહારનાં રમણીય દૃશ્યો જોવામાં મને સ્વર્ગીય આનંદ આવ્યો.

સાંજે હવાઈ જહાજને ભારે બનાવવા જેટલું હૅલીઅમ ઠર્યું, તેવા જ અમે કૅમ્પ ક્રીઅર્નીં તરફ ઊડ્યા અને નીચે ઊતર્યા. આ સમયે નીચે ઊતરવામાં કાંઈ મુશ્કેલી નડી નહિ.

જેવો હું મૂરિંગ માસ્ટ બીલ્ડિંગમાં દાખલ થયો તેવા જ મારા સાથીદારોએ મને ઉત્સુકતાથી ઘેરીને ઊંચકી લીધો અને પોતાના ખભા પર બેસાડીને બહાર લઇ ગયા. ત્યાં આશરે બેએક ડઝન જેટલા રીપોર્ટરો તેમજ તેટલા જ ફોટોગ્રાફરોને મારે બેટવું પડ્યું.

છાપાંવાળાઓએ હું ભ્રમિત થઈ ગયો ત્યાં સુધી પ્રશ્નોની પરંપરાથી મને ગુંગળાવી દીધો. ફ્લૅશ લાઈટો ઝબુકવા માંડી. મારી દોરડાની સફર કરતાં પણ વધારે તો એ લોકોએ મને ગભરાવી મૂક્યો.

ત્યાર પછીના થોડાક દિવસો માટે તો સાન ડિયેગો નેવલ એ-

નિંગ સ્ટેશનમાં મને મળવા માટે આવતા થીએટર મૅનેજરો, ચલચિત્રના ઉત્પાદકો, છાપાંના પ્રતિનિધિઓ ને ફોટોગ્રાફરોનો પ્રવાહ અસ્ખલિત વહી રહ્યો. મારી આ આપવીતીની હકીકત વાર્તા રૂપે લખી આપવાને મને પૈસાની સુંદર રકમો ધરવામાં આવતી હતી. થીએટરના માણસો મને સ્ટેજ ઉપર અને ચલચિત્રના એજન્ટો મને ફિલ્મમાં ખેંચી જવા ઈચ્છતા હતા.

આ બધી લલચાવતી માગણીઓનો વર્ષાદ વરસતો જોઈને એક દિવસ સ્ટેશનના કમાન્ડર, કૅપ્ટન સિકલેર ગૅનને મને ઑફિસમાં બોલાવ્યો.

'કૉવર્ટ,' તેમણે કહ્યું, 'અત્યારે તારા મનમાં શુ ચાલી રહ્યું છે તે હું જાણું છું. આ બધી માગણીઓથી તું અને તારાં કુટુંબીજનો સારા પૈસા પેદા કરી શકો. પણ મારી સલાહ તો તે બધાને ના પાડવાની છે. તું બહુબહુ તો થોડાક હજાર ડૉલરો કમાઈશ અને તેટલી જ ત્વરાથી તેમને વાપરીશ. અને પછી તારૂં સાહસ થોડા સમયમાં જ ભૂલાઇ જશે. પછી તું પાછો અમારી પાસે આવીશ અને આ બધા છોકરાઓ કહેશે, 'જુઓ, આ પૈસા ખાતર નૌકાદળ તજનાર વીર!'

'કૅપ્ટન ગૅનન' મેં જવાબ આપ્યો, 'હું માનું છું કે તમે સાચા છો. હું નૌકાદળમાં નાવિક થવાને જ આવ્યો છું, ને જે જગ્યા માટે હું નોંધાયો છું તેને જ હું વળગી રહીશ.'

જગજીવન ખુશાલ મિસ્ત્રી



આ વાર્તાનો નાયક કૉવર્ટ
અને પેલું દોરડું

દાદાજી

મનસુખલાલ મ. ઝવેરી

તે દી' હજી સાંજ નમી ન'તી, અને
નિશા તણી દૂર હતી જ કાલિમા;
પ્રભાતમાંથી વિકસી રહેલ એ
મધ્યાહ્નની માંડ ફૂટી હતી કળી.

ત્યાં તો 'ભાઇ, ઘરે ચાલો.' આવ્યું તેડું નિશાળમાં;
નાનેરા ધ્રૂજતા પાદે અમે ઘેર તદા ગયા.

આપત્તિનો સ્પષ્ટ ન'તો જ ખ્યાલ કૈં,
છતાં અદીઠે ભય કંપી હું રહ્યો;
તપી રહ્યો ભાદરવો હતો છતાં
દિશા સહુ ધૂંધળી દેખી હું રહ્યો.

આવતા ભયના ઓળા છવાઈ ઉરમાં રહ્યા,
નાનાશા ઉરમાં ઘેરાં ઘમસાણ મચી રહ્યાં.

卐

અને ઘેર હતી છાયા ફેલાઈ ગૂઢ ગ્લાનિની;
બેન, ભાઇ, બધાં કેરા વદને વ્યગ્રતા હતી.

આપની વાડીનાં પુષ્પો નાનાંમોટાં બધાં મળી
આપની પ્રાણશય્યાએ ગૂઢ ભાવે રહ્યા નમી.

પુણ્ય શી શ્વેતવર્ણી ને ભવ્ય ભાસ્કરના સમી
પોઢી'તી આપની કાયા શ્વેત શય્યા ભરી ભરી.

ઢાળ્યાં'તાં લોચનો ઊંડા આપનાં આત્મસાગરે,
માપવા મૂલ્ય મોતીનાં, મૂલવી મૂલ્ય બહારનાં.

નિશ્ચેષ્ટ ઇન્દ્રિયો કેરા બુઝાતા દીપકો હતા,
ભવ્ય વક્ષઃસ્થળે માત્ર ઉચ્છ્વાસો મન્દ ચાલતા.

ભાલ ચન્દનચર્ચાથી વિશાળું ઓપતું હતું,
પુષ્પાદિકે પુજાએલું દિવ્યતા વપુ ધારતું.

દીપ ને ધૂપની વાસે, ગીતાના પુણ્ય મંત્રથી
બન્યું'તું ગૃહ ગાંભીર્યે ધામ શું ધર્મરાજનું!

卐

બપોર નમતા ચાલ્યા, ઘૂંટાતી ગૂઢતા ગઈ,
આપની કુલવલ્લીનાં પુષ્પોની મ્લાનતા વધી.

ગભરૂ મુજ હૈયે યે ચાલ્યો ઓથાર વાધતો,
અમંગળ તણા આછા ઓછાયા હું નિહાળતો.

આપનાં ઊઘડ્યાં ત્યાં તો ધીરે લોચનપોયણાં,
ને એકત્ર થએલાં સૌ સ્વજનોને નિહાળિયાં.

પુત્રીઓ, પૌત્ર ને પુત્ર, દૌહિત્રો, કુલની વધૂ
ભગિની, ભાગિનેયો ને ભત્રીજા, ભર્યુંભાદર્યું
કુલ આ રિદ્ધિરાજંતું નિહાળી અન્ત્ય વાર, એ
મિચાયાં તુષ્ટ નેત્રો ને પોઢયા શાન્તિ સનાતને.

卐

આવા મંગલ મૃત્યુથી કૃતાર્થ આપનું થયું
રિદ્ધિસિદ્ધિથી રાજંતું યશસ્વી દીર્ઘ જીવન.

કિન્તુ આપ જતાં, ઊડી અમારું છત્ર તો ગયું,
હતું સર્વ છતાં જાણે શૂન્ય સર્વસ્વ થૈ ગયું.

'બેટા! બેટમજી!' કેરા મારે તો બોલ દોહ્યલા
દાદાજી! આપને ચાલ્યે સદા કેરા બની ગયા.

ને હતી કુંજની છાયા આપે વાવેલ આમ્રની,
તો યે જીવનમાં વ્યાપી શૂન્યતા સહરા તણી.

માતા તો શિશુ મૂકીને સિધાવી સ્વર્ગમાં હતી,
પણ આપની હૂંફે ના કદિ એ ખોટ સાલતી.

આપની દૃષ્ટિની દીપ્તિ પથ મારો ઉજાળતી,
આપની વાણી હૈયામાં સ્વપ્નલીલા લસાવતી.

વિલાતાં વાણી એ મૌને, શમતાં દીપ્તિ દૃષ્ટિની,
હરાતાં આપની હૂંફ, નમાયો હું બની ગયો.

ને હતી મિત્રના જેવા પ્રેમોદાર પિતાજીની
સુખચ્છાયા, છતાં જાણે નિરાધાર થઇ ગયો.

કુલસ્થંભ સમા આપ: ન જાણું, આપને હતો
વાર્દ્ધક્યે પૌત્ર હું એકમાત્ર ટેકણલાકડી.

પરંતુ શૈશવે મારા એક આશ્રય આપનો
પા પા પગ કરી ધીમાં મને ડગ ભરાવતો.

મારો આશ્રય ચાલી એ જતાં હું લથડી પડ્યો,
દાદાજી! આપની દીપ્તિ વિલાતાં પથ વીસર્યો.

ને રહ્યો જીવને ઘેરા આથડી અન્ધકારમાં,
ધ્યેયહીન સમો ઢૂંઢી રહ્યો હું જળઝાંઝવાં.

દિવસો વીતતા ચાલ્યા, માસ ને વર્ષ વીતિયાં,
એમ પચ્ચાસ વર્ષોનાં વહાણાં વાઇ શમી ગયાં.

પચ્ચીસી એક આખી? હા, હજી તો વાત કાલની,
જ્યારે આપ સિધાવ્યા'તા સંગમાં ધર્મરાજની!

卐

અને પચ્ચાસ વર્ષોમાં દાદાજી! શું શું ના થયું?
સમૂળું પલટી ચાલ્યું પૃથ્વીનું જીર્ણ ખોળિયું

માનવી માનવી હૈયે મન્થનો ઘોર જાગિયાં,
ઝંઝામાં ડોલિયાં તંત્રો ધર્મ, રાજ્ય, સમાજનાં.

પશુમાં માનવી મ્હોર્યો, માનવે પ્રકટ્યાં પશુ,
કસાણીએ ચડ્યું આખું સત્ત્વ સંસ્કારલક્ષ્મીનું.

આપણા કુલની કુંજે પણ ચક્ર કંઈ ફર્યો,
ન્હોતાં તે ઊગિયાં કૈં ક, હતાં તે કૈંક આથમ્યાં.

અને શિશુ મટી આજે, વિતાવી નવયૌવન,
નિહાળું જીવનૌઘે હું ઓટ થાતી પળે પળે.

તો યે કૈં વાર દાદાજી! શોક વા હર્ષની ક્ષણે,
હજી યે હું રહું ઝંખી: 'અત્યારે આપ હોત તો!'

卐

'આપ જો અત્યારે!' અરેરે! દિલમુગ્ધતા!
હૂંફાળા આપના હૈયા તણી શી હોત તો દશા?

આપે વાવી'તી જે કુંજે વરદાયી વસન્તને,
રિદ્ધિ રોળાઈ તેની ને ફરી હેમન્તપાશ એ.

પુષ્પોનાં રંગસૌન્દર્યો, સુવર્ણી કૂંપળો. તણાં,
ને હાસ્યો આથમ્યાં લોલ લતાયૂથ લલામનાં.

સૂકાં, પીળાં, ખરેલાં ત્યાં પાંદડાં આથડી રહ્યાં,
આપે કોરેલ માર્ગોને સરોડાં આવરી રહ્યાં.

તેમાં ભમી ભમી વાયુ ઘડીમાં અટ્ટહાસથી
નિસાસો ધ્રૂધવે, પાછો ઘડીમાં ડૂસકાં ભરીઃ
ભેંકાર ક્રન્દને તેના, દિશાકાલ રહ્યાં ભરીઃ
અશ્વત્થામાની છાયા શું સદા કાજે અહીં ખડી!

દાદાજી! કુંજ કેરી એ કમનીય કલા કહીં?
ને વિરૂપ, અભદ્રા ક્યાં એહની છવિ આજની?

ૐ

આપ ક્યાં પૌરુષે સ્ફોતા, ભવ્યમૂર્તિ, મહામના?
ક્યાં હૈયાદૂબળા, રંક, આ અમે દીનદામણા?

શૈશવેથી શિલાઓના થર કર્કશ વીંધતો.
ધરતીના ઉરે વ્હેતાં મોંઘાં અમૃત ધાવતો

ત્રિકાની ઝડીઓ, તીખા સપાટા શૈત્યના અને
ગ્રીષ્મની વહ્નિઝાળોના સહી દુઃસહ ચઢંને.
વાધતો વાધતો ચાલ્યો દાદાજી! વડ આપનો.
તિતિક્ષા તપની મૂર્તિ દૃઢમૂલ બની રહ્યા.

સ્વાશ્રયે આપના હયામહીં સીંચી'તી ધીરતા,
સંસારાનુભવે દીધી હતી વિરલ દક્ષતા.

વજ્ર જેવું સહિષ્ણુ ને સુકુમાર શિરીષશું,
અભયે અતિ ઓજસ્વી, આભિજાત્યે સુધાભર્યું.
વિસામો કૈંક હૈયાંનો, પ્રેરણાધામ કૈંકનું,
હતું સાગરગંભીરું દાદાજી! ઉર આપનું.

સત્યનિષ્ઠ, સુધાસ્વાદુ મુખે વાણી વિરાજતી,
સીમા સંતોષ કેરી સૌ સિદ્ધિઓને સુહાવતી.

સંશયો શમતી સર્વે શ્રદ્ધાની અચલ દ્યુતિ
રહી'તી આપને અર્પી બાહ્યાભ્યન્તર સ્વસ્થતા.

ભાવનાપૂત સાધ્યું'તું આપે કર્મનું કૌશલ,
અભયે મૃત્યુને જીત્યું, પૌરુષે જીત્યું જીવન.

ૐ

ને અમે આપના જેવા પ્રતાપી પૂર્વજો તણા
વંશજો કામણા આજે આથડી શૂન્યમાં રહ્યા.

હૈયાને ધૃતિ અર્પતી શ્રદ્ધાની દ્યુતિ આથમી,
સંશયે બ્હાવરી બુદ્ધિ આમતેમ રહી ભમી.

ૐ

સત્ય, પ્રેમ, અહિંસા ને ભાવના સ્વાર્પણો તણી
સાચી? કે સત્ય છે માત્ર જ્વાલા શું જઠરાગ્નિની?

ધ્યેય શું? સુખ કે શાન્તિ? ઇષ્ટ શું? ભુક્તિ મુક્તિ વા?
ધર્મ શું? પ્રાણપુષ્ટિ કે દેહનું માત્ર ધારણ?

હશે જીવન અંતે શું? વાસનામૂલ યંત્રની
આત્મહીન ગતિ માત્ર વર્તમાને જ રાચતી?

આયુઃસરણિ વા જન્મી ગૂઢ કો અન્ધકારથી,
અલવ્યા અન્ધકારે જે જઈ અન્તે વિરામતી?

કે અકસ્માત કેરી એ હશે દીર્ઘ પરંપરા?
ફલાવાપ્તિ હશે વા એ કર્મના વજ્રબન્ધની?

પાત્રે પ્રારબ્ધના એનો વહેતો ઓઘ શું હશે?
હશે વા પુરુષાર્થે એ રચતું નિજ પાત્રને?

હશે એ ક્ષણની લીલા? કે તપસ્યા સદાતણી?
હશે એ સાધ્ય અંતે? કે સાધ્ય કોકનું સાધન?

ને હશે મૃત્યુ શું? અન્ત હશે એ દૃષ્ટિસૃષ્ટિનો?
વા હશે તોરણદ્વાર નવા કોઇ પ્રદેશનું?

ભૂમિ ભેદગની જ્યાંથી વ્યક્તિ પાછી ન કો ફરે?
કે નેપથ્ય, નટો જેમાં વેષભૂષા નવાં ધરે?

રણની ભૂમિ એ, જેમાં લુપ્ત થાતી સરસ્વતી
માનવી પુરુષાર્થોની, ત્યાગની, હર્ષશોકની?

રાગદ્વેષ, પ્રપંચો ને જયા જયતણી વળી
રાગની સરણી જેમાં, ભૂમિ એ ચિરશાન્તિની?

શું હશે મૃત્યુના ધામે? ફરી ત્યાં મળવું થશે
આપને? મીઠડી બાને? પ્રિય પેલા ભભૂતને?

કે પછી વ્યક્તિમત્તા આ વિલોપાતાં સમાવું ત્યાં
એક આનન્ત્યના પારાવારે અંતે અનન્ત થૈ?

કે હશે ભ્રમણા એ સૌ હૈયાને માત્ર ધૂતતી?
દશા તો ન હશે મૃત્યુ ગતિ કેરા વિરામની?

ૐ

તર્ક ને સંશયો કેરા ઝંઝામાં ઝૂલતી ગતિ
બુદ્ધિના મન્દ તેજેથી શકે ના માર્ગ નીરખી.

શ્રદ્ધાનો તાંતણો તૂટ્યો: ભાવના ન કશી મળી:
ધ્યેયહીન ગતિ વ્યસ્ત જીવને રહી એકલી.

ભૂતની ભૂમિમાં જામ્યાં અમ મૂળ ઉખેડીને,
વર્તમાનની વેળુમાં અમે જીવન રોપિયાં!

ભાવિની ક્ષિતિજે આડે પડદા ભયના ઝૂલે,
કાલત્રય તણી સિદ્ધિ અમારી 'આજ'માં શમે.

ને અમે બળ હૈયાનું અને ચૈતન્ય પ્રાણનું
ગુમાવી, ગણતા આજે સારસર્વસ્વ દેહને.

ૐ

આપ જો હોત અત્યારે! काल कलयतां तणी
ક્રીડા આ જોઇ દાદાજી! સ્થિતિ શી હોત આપની?

આપથી કાળ કેરાં શૌ પૂર ખાળ્યાં ખળાત આ?
આપથી જાત શૌ હોઠો દૈવનો દુર્વિપાક આ?

એથી તો ન ભલું કે આ પ્રાણનું પુષ્પ આપનું
ખીલી, મ્હેકી, ફળી, ફાલી ચડ્યું શ્રીહરિને પદે?

ૐ

હરિએ અર્પ્યું તે ગોજી હરિના પ્રિય કાર્યમાં,
અર્પવું હરિને અન્તેઃ જીવને એહ ભાવના
આપે ધારી'તી દાદાજી! ને યાવજ્જીવ એહનું
અનુષ્ઠાન કર્યું આપેઃ પછી કાર્યે રહ્યું જ શું?

આપ તો જીવને જીત્યા; મૃત્યુમાંથી ય અંજલિ
અમૃતત્વતણી પીને મૃત્યુંજય બની ગયા.

કર્મકૌશલમાં સાચું છુપાયું તત્ત્વ યોગનું,
કર્મયોગમહીં સત્ય જીવને જયનું વસ્યું;
જીવને જ્યી તે સાચો ઈશાન અમૃતત્ત્વનો
ક્યાંથી ભય નડે એને મૃત્યુની યમમેખનો ?

卐

ભય એ અમને સાચો, જેને ક્ષુદ્ર જિજીવિષા
મૃત્યુ ને નાશને માર્ગે ધકેલી સર્વદા રહી.

કિન્તુ દાદાજી ! મિથ્યા શું આપની સર્વ સાધના
થશે આમ જ ? ટાણે એ અમને ન બચાવશે ?

એ બને કેમ ? વિશ્વે ના વેડફાતું કશું કદિ.
કેમ તો વેડફાયે આ સાધના શુભ આપની ?

દીનહીન છતાં યે આ અમે વંશજ આપના,
આપના પ્રાણમાંથી આ પ્રકટી પ્રાણની પ્રભા.

ભાન ક્યારેક હૈયામાં અવશ્યે એહ જાગશે,
અને અન્તરની મૂર્છા દાદાજી ! એ નિવારશે.

ત્યારે દાદાજી ! કુંજે આ ફરીથી પ્રિય આપની,
ગાંગશ્યે મધુરી વીણા બજી રહેશે વસન્તની.

卐

ॐ नमः पितृदेवाय। દાદાજી ! આ હું આપનો
લાડીલો પૌત્ર અર્પું છું આજ આ હૃદયાંજલિ.

આપની સ્મૃતિનાં પુષ્પો દાદાજી ! પુણ્યપાવન
પૌત્રના રંક હૈયામાં સદાનાં છે સજીવન.

ને હજી મીચું નેત્રો ત્યાં ભવ્ય ને ગૌર આપની
પ્રસન્નાકૃતિ પેખું હું સ્મિતસંજીવને ભરી.

અને અદ્ભુત કેવો આ દાદાજી ! જય આપનો ?
કે આંહી કાળ પોતે આ નિજ કર્તનધર્મને
વીસરી, નિજ હસ્તેથી કંડારી મૂર્તિ આપની,
મારા અન્તરમાં એને રોપી, રક્ષી સદા રહ્યો,
એની પ્રત્યેક રેખાને પ્રતિક્ષણ સમારતો !
વાણીથી કેમ રે ગાયો મહિમા જાય એહનો ?

સ્વજન

હતી વિજન વાટ એ; રવ જરીય ના; કેડીયે
ઠરે દૂર ક્ષિતિજમાં વિલીન થઈ ઉરે પ્રશ્ન કો
જગાડતી કદીય આ વિકટ પંથ પૂરો થશે ?
અને પવનલ્હેરમાં નવલ ગાન કો ગૂંજતું:
ઉઠાવ પગ, વાટને વિજન માન ના; સાથમાં
ઊભો છ દ્રઢતા સમો સ્વજન એક તારી કને.।

લલિત ગિ. ભટ્ટ

પ્રશ્ન

સરિતાનાં મીઠાં વિમલ જલ કેરા જીવનની.
સમાધિ ખારા આ ઉદધિમહીં નિર્મી શીદ હશે ?

હસિત બુચ

તોફાને ત્રાસતા સર્વે માની હૃદયોદધિ-
તણા; કિન્તુ મળી એને માંગ રત્ન તપોનિધિ.

'अग्निकेत'

દાદીમાનો ઢોલિયો

• પૃથ્વી •

અહીં જ બસ બા ! સદાય ઢળતો હતો ઢોલિયો,
અહીં જ ગણુકા ર્ક્યાં વરસ એકસો સાતના;
અહીં જ ત્રણ પેઢીનાં બુઝવિયાં તમે પાલણાં,
અહીં જ લચતો બચેલ ફુલડે હતો માંડવો.

કુટુંબકલહો, વળી દુઃખદ વંશવિચ્છેદ બા !
અહીં જ નિરખ્યા તમે, કરુણમૂર્તિ ગાંધારી શાં !
અનેક સુખદુઃખના સ્મરણના પટારા સમો,
સુનો ઝુરખવા થરે આહહ ! એ જ આ ઓરડો !

હવે નયન બા ! બધે જ તમને રહે ઢૂંઢતાં,
પિયાસ તમ દર્શની અવ રહી છ પીડી જ કે—
જરાક નજરે ચડે જીરણ, વૃદ્ધ કો ખોળિયું,
બિછાવું બસ રોજ અંતર તણું અહીં ઓરડે,
પલંગ બનું પોઢવા સકલ વિશ્વવૃદ્ધત્વને
અને સકલ વૃદ્ધમાં વિલસત દિસો બા તમે.

બાલમુકુન્દ દવે

સહેજ ચ્યુતિ

(અનુષ્ટુપ–સાનેટ)

સિતારે મંજુ તારેથી વહેતી સૂર આવલિ,
અનેરી વાયુ વેરાયે, રંજતી મગ્ન ઉરને,
છતાં એ વાદને જામી માધુરી સ્હેજમાં સરે,
ખંડિતા એક જો શ્રુતિ જરાકે વાદ્યથી ઝરે !

પ્રશસ્ત શિલ્પીના હસ્તે કંડારી ભાવની છટા
દિવ્ય કો મૂર્તિના મુખે, રોપેલી અંગ અંગમાં;
ઓચિંતી એ છતાં ભાંગે, લગીરે હાથથી કદી,
તૂટેલી, સ્હેજ, પાળેથી નાસતી રૂપની નદી !

વળી કો ઊર્મિ લ્હેરતી ભાવની રમણા થકી
આલેખી સુંદરી મુખે નેત્રની પલ્લવીકથા;
કદાપિ રંચ છેકાયે, ત્વરાથી ચિત્રની મજા
વેડાઇ વ્યર્થશી જાયે. ન્હાની ના એ કદિ સજા !

સૌન્દર્યો એમ જે સાધ્યાં સમગ્ર જીવને મથી
વેરાઇ વાતમાં જાયે સહેજે ચ્યુતિ જો કરી !

રતિલાલ છાયા

ખરૂં ને ખોટું

• અનુષ્ટુપ •

અમોલાં મોતીઓ નાનાં પડેલાં ઉદધિ તલે
પ્રકાશ–ઉજ્જ્વલાં તો યે ચડે ના લોકદષ્ટિએ !
કિન્તુ લોકો રહે જોઈ બની આશ્ચર્યમુગ્ધ શાં
અટવાતાં વૃથા, હીણાં સાગરશંખ છીપલાં !

જશભાઈ કા. પટેલ


આદર્શોનિ અધવચ મુકે એ છ ઉત્કર્ષહાનિ,
ભાંગ્યાકેડે ઉર પસરવું એ ખરી જિન્દગાની.

શં. શ્રી.

કસોટી

સામાન્ય જ્ઞાન, બુદ્ધિવિકાસ અને વિચારશક્તિની દૃષ્ટિએ મગજની કસોટી કરે એવા થોડા પ્રશ્નો આ નીચે આપ્યા છે, એના ઉત્તર તો પૃ. ૨૦૯ ઉપર આપ્યા જ છે; પણ તે જોવાની ઉતાવળ કર્યા વિના તમે આ પ્રશ્નોનો કેટલા ટકા સાચો ઉત્તર આપી શકો છો તે તો જુઓ :

(૧) બે બાપ અને બે દીકરા સાથે જમવા બેઠા. દરેકે બરોબર એકએક લાડુ ખાધો; અને છતાં ત્રણ જ લાડુ ખવાયા. એમ કેમ બન્યું ?



(૨) એક એવી સળંગ લીટી દોરો કે જે ઉપર દર્શાવેલી આકૃતિમાંના બધા લંબચોરસોની બધી બાજુઓને તૂટ્યા વિના છેદતી ચાલી જાય.

(૩) સુગ્રીવે વાલીને માર્યાનું વર્ણન રામાયણના કયા કાંડમાં આવે છે ? કિષ્કિંધા કાંડમાં કે સુંદર કાંડમાં ?

(૪) નીચે જણાવેલા વિખ્યાત વાર્તાલેખકોમાંથી કોણે પહેલવહેલી 'સબમરીન'ની યોજના પોતાની કલ્પનાદષ્ટિથી વાર્તામાં ગૂંથી. એચ. જી. વેલ્સ ? જુલે વર્ને ? ટર્જેનેવ ? બાલ્ઝાક ?

(૫) એક ભરવાડ પાસે ૧૭ ઘેટાં હતાં. તેમાંનાં ૯ સિવાયનાં બધાં મરી ગયાં ? તો બાકી કેટલાં રહ્યાં ?



(૬) આ આકૃતિમાં એવા બે કાપ મૂકો કે જે વડે પડતા ત્રણ કટકાને ગોઠવવાથી એક સમચોરસ બને.

(૭) એક સ્ટીમર ઉપર દોરડાની નીસરણી લટકે છે. તેને ૧૦ પગથિયાં છે. દરેક પગથિયું એકબીજાથી ફૂટને છેટે છે, અને છેલ્લું પગથિયું બરોબર પાણીને અડેલું છે. એવામાં ભરતી ચડવા માંડે છે ને તેનું પાણી દર કલાકે ૭ ઇંચ ચડે છે. તો ત્રીજે પગથિયે પાણી ક્યારે ચડશે ?

મસાલાવાળું પાન

એક મહત્વાકાંક્ષા...... અને એનો અંજામ

શામજી આમ તો મૂળજી જેઠા મારકીટની નવી ગલીમાં ગુમાસ્તો હતો; છતાં એ માણસ નહોતો મટી ગયો.

માણસ નહોતો મટી ગયો, કારણ કે એ પહેલાંપરથમ માણસ હતો, અને પછી ગુમાસ્તો, ઉઘરાણી કરવાવાળો કે નામું ઢસડવાવાળો જે હોય તે હતો.

એ માણસ હતો એ કારણે જ એનામાં કેટલીક ટેવો હતી, જે ટેવોને એના શેઠે કુટેવ તરીકે ઓળખાવી હતી.

એમાંની એક મુખ્ય કુટેવ ચોપાટીએ ફરવા જવાની હતી.

એમાં બીચારા શામજીનો પણ શો વાંક ? વાંક જ જો કોઇનો કાઢવો હોય તો તે ઘર્ઘર ઘૂઘવતા દરિયાનો, સામી ક્ષિતિજે સાગરને ચૂમતા આકાશનો કે ઘરાકને લલચાવતા વેપારીની જેમ અવનવાં રંગ-પટોળાં પાથરતી સંધ્યાનો જ કાઢી શકાય.

શેઠ ભૂલેશ્વર મોકલે કે ભોઈવાડામાં ઉઘરાણીએ જવાનું કહે, પણ ચોપાટીના બૅન્ડસ્ટૅન્ડને બાંકડે બેસીને ભૂંજેલી શીંગ ખાધા વિના પાછો ફરે તો એ શામજી જ નહિ ! માધવબાગ ગયો હોય કે કોટમાં ફરતો હોય, પણ ઘડિયાળનો નાનો કાંટો છ ઉપર આવે ને મોટો બારે પહોંચવાનો થાય, કે તુરત શામજીના પગ મરીન ડ્રાઇવ તરફ વળી જ જાય.

પણ રખેને શામજીને ચોપાટિયા ને વાલકેસરિયા લાલાઓની જમાતમાં ગણી બેસતા ! એ નહોતો સૌન્દર્યપિપાસુ રસિયો જીવ કે નહોતો બહેકી ઊઠેલ ફૂલફટાક સહેલાણી. એ તો સીધોસાદો ગામડિયો આદમી હતો.

નવી ગલીની દુકાનમાં ચલ્લી અને નાનકલાકની આંખને અબખે પડે એવી એકધારી થપ્પીઓમાં દિવસભર દટાઇ રહેતો માણસ સાંજ પડ્યે મલબાર હિલની ઠંડી લહર, ચોપાટીનાં પાણી-પૂરી કે શેકેલી શીંગ કે પાનપટ્ટી—

હા, એ પાનપટ્ટી ! મુંબઇનો મોટામાં મોટો 'રોમાન્સ' શામજીને આ પાનપટ્ટીમાં લાગેલો.

અલબત્ત, પાનપટ્ટી એ શામજીને કાંઈ મેટ્રો સીનેમા જેવું કુતૂહલ નહોતું. દેશના ગામડામાં એક ખોજાની દુકાને દાળિયા, મમરા, ભૂતડો, કચુકા, આંબલી અને શેકેલી માંડવી સાથે હમણાં હમણાં એક ખૂણે પાનનું ફૂંડું રાખવાનું પણ શરૂ થયું હતું.

પણ એ ધૂળિયા ગામના ધૂળિયા રસ્તાઓની ગાડું એક ધૂળ ભરેલ કૂંડાની; પીંપળના પાંદ જેવડી જેવડી ચોરવાડી નાગરવેલની પાંદડીઓ, ઠીકરાના લોટકામાં ભરેલો કાંકરીવાળો મેલો ચૂનો, ગાંગડિયો કાથો, મહાદેવને મંદિરેથી આણેલી સોપારી...અને અહીં ?

હથેળીમાં તો સમાય પણ નહિ એવડાં, ફાફડા ફાફડા જેવડાં કપૂરી, બનારસી, મઘઇ—પૂરાં નામે ય ક્યાં યાદ રહે છે ?

અને એમાં નાખવાની ચીજો ? ચૂનો ચોપડે છે કે માખણનો પીંડો એય વરતાતું નથી; એ તો ઠીક, પણ મશાલા ય કેટલી ભાત્યે-ભાત્યના ને જાત્યેજાત્યના ! વાં ગામડે તો એલચીનો દાણો ય કોકની જાન આવી હોય ને આણવર મોટા જીવવાળો હોય તો વળી મોંમાં મૂકવા પામીએ. આંહી એલચી અને લવીંગ તો કાંઇ ગણત્રીમાં જ નથી, પણ બીજા મશાલાઓની એકસરખાં ઢાંકણાવાળી શીશીઓ પણ કબાટની માંડણીમાં ન સમાતાં પડુંપડું થાય છે.

ચોપાટી ઉપરનું એ મસાલાવાળું પાન આસ્વાદવાની શામજીની તલપ હવે તો અસહ્ય બની હતી. એક દિવસ ખાલી ખિસ્સામાં હાથ રાખીને બીતાંબીતાં એણે પાનનો ભાવ પૂછ્યો. અને જ્યારે જાણવા મળ્યું કે હલકામાં હલકું પાન પણ બે આનાથી ઓછે તો નથી જ મળતું, ત્યારે શામજીના મોંમાં છૂટેલા બધા જ સ્વાદરસ ઘડીભર તો સુકાઈ ગયા. પણ બીજી જ ક્ષણથી એ બમણા આવેગે ફૂટી નીકળ્યા, અને શામજીએ ત્યાં રેતી ઉપર તિલકના બાવલાની સાક્ષીએ જ જાણે કે સોગંદ લીધા કે બે આના ખરચીને ય પણ એનો સ્વાદ તો માણવો જ.

પાન ખાવા માટે વળતે દિવસે શામજીએ એક સિફત અજમાવી. માટુંગાના અગ્રવાલ-નગરમાં તેને ઉઘરાણીએ જવાનું હતું. આમાં તો શામજીના ભરાઉ, કાઠિયાવાડી પગની પીંડીઓમાં શેઠને સારી શ્રદ્ધા હોવાથી ટ્રામ કે બસનો આનો એને ભાગ્યે જ પરખાવતા. પણ આજે એમને માટુંગાના અંતરનો ખ્યાલ આવ્યો, ને સાથે એમ પણ થયું કે ચાલતો જશે તો અર્ધો દિવસ બગાડશે; એટલે મ્યૂઝિયમની ટ્રામના બે આના આપ્યા ને સમજાવ્યું કે પાયધૂની જઇને ટ્રામમાં બેસજે એટલે બે પૈસા ઓછા પડશે, અને દાદર ઊતરી જઇને ચાલતો માટુંગે પહોંચી જજે, એટલે બેને સાટે એક જ આનામાં કામ પતી જશે.

પણ શામજીને એ કામ પતાવવામાં એક આનાની પણ જરૂર ન પડી. શેઠે પાયધૂની સુધી ચાલતા જવાનું કહ્યું હતું, તેને બદલે શામજીએ તો મોટીમોટી ડાંફો ભરીને ટ્રામને પાટેપાટે સીધો દાદરનો જ રસ્તો કાપવા માંડ્યા.

શેઠે આપેલું બે આના ટ્રામભાડું એણે કેડે ચડાવીને ધોતિયાની કરચલી વાળી માથે કંદોરો ગોઠવી દીધો, અને સાંજે ચોપાટી ઉપર જઇને મસાલાવાળું પાન ખાવાની ધગશમાં જ માટુંગે પહોંચી ગયો. અને પાછા વળતાં તો શી વાર ? કહે છે કે ગાડાંના બળદ ઘર ભણી પાછા વળતા હોય ત્યારે વધારે ઝડપે ચાલે છે. શામજીનું પણ એવું જ બન્યું. સાંજે ચોપાટીએ પહોંચવાની તાલાવેલીમાં, આરસપહાણ ઉપર સોપારી રડતી જાય એમ એ રડતો ગયો, તે ઠેઠ ચોપાટીના બૅન્ડ સ્ટૅન્ડે જઈ થોભ્યો.

શેઠે શામજીને બેએક કલાકમાં પાછો આવવાનું ધારીને બીજી ઉઘરાણીઓના આંકડા તૈયાર કરી રાખેલા. પણ સાંજે દુકાન વધાવવા ટાણા સુધી શામજીએ દર્શન ન દીધાં, એટલે તે કંટાળીને દુકાન વધાવી પડોશી વેપારીઓ સાથે ટહેલવા નીકળી પડ્યા મનમાં ગોઠવી રાખ્યું કે આજે સાલા શામજીની વાત છે !

પાનવાળાની દુકાને બધા લાલાઓ પાન ખાતા હતા તેમનીવચ્ચે બે હાથ વડે જગ્યા કરીને શામજી અંદર ધુસ્યો અને કેડે ચડાવેલા આના આનાના બે સિક્કાઓના કરકરિયા ઉપર આંગળી ફેરવીને સુંવાળો સ્પર્શ અનુભવતાં વટથી બોલ્યો:

'એક દો આને વાલા લાવ !'

જુદીજુદી બાટલીઓ ને ડબ્બાઓમાંથી મશાલાઓ નાખવામાં પાનવાળાને જે સમય લાગ્યો એ સમય દરમ્યાન—એ થોડી ક્ષણો દરમ્યાન પણ શામજી જીવનની ધન્યતા અનુભવી રહ્યો. અડબેપડબે ઊભરાતા મનખામાં હું પણ કાંઈ કમ નથી, બે આનાવાળું મશાલાનું પાન ખાઇ શકું એમ છું, એમ [અનુસંધાન પૃ. ૨૦૯ ઉપર]

કચ્છનાં કીર્તિમંદિરો

ગુજરાતના એ ઓછા ઓળખાએલા અંગની સાંસ્કૃતિક સમૃદ્ધિનો પ્રાચીન પરિચય આપતી લેખમાળા

[૩] કંથકોટ

જૂની તવારીખોમાં સૌ પ્રથમ કંથકોટના આ કિલ્લાનો નિર્દેશ ટૉલેમી (Ptolemy-150 A. D.)માં મળે છે[3] અને રણની દક્ષિણ કંઠારે એ સ્થળે એ દુર્ગનો ઉલ્લેખ એમાં છે. આઠમી સદીમાં કંથકોટ કાઠીઓની રાજધાનીનું મથક હતું. તેમણે સર્વ પ્રાણીઓના હિતમાં તત્પર એવા પોતાના ઇષ્ટદેવ ભગવાન આદિત્યના મંદિરની અહીં સ્થાપના કરી તેમણે કંથકોટની સમૃદ્ધિને જે રીતે વિકસાવેલી તેના અવશેષો આજે પણ કંથકોટ પર રડ્યાખડ્યા જોવા મળે છે. તે પછી કાઠીઓને નસાડી ચાવડાઓએ કંથકોટ હાથ કર્યો. લોકોક્તિ મુજબ હાલનો કિલ્લો સં. ૯૦૦ (ઇ. સ. ૮૪૩) લગભગથી ચણવાના પ્રયાસો શરૂ થયા ગણાય છે. દરમ્યાનમાં કચ્છમાં 'સમા'ઓનું આગમન થયું. સિંધથી આવેલા મોડ સમાએ વાગડ જઈ ત્યાં ગેડીના ધરણ વાઘેલા સાથે મિત્રાચારી જમાવી ફરતાં ફરતાં તેઓ કંથકોટના ડુંગર પર આવી લાગ્યા અને મોડને આ સ્થળ મનમાં વસી ગયું. તેણે કચ્છને બીજા પરદેશીઓથી રક્ષવા અહીં કિલ્લો ચણાવવાનો નિશ્ચય કરી તેને લગતી સામગ્રી એકઠી કરવા માંડી. પણ કિલ્લાના પાયાની જ્યાંથી શરુઆત થઇ શકે તેમ હતું ત્યાં કંથડનાથ નામે એક યોગી ધૂણી નાખી બેઠો હતો. તેને ઉઠાડ્યા વિના કિલ્લાનું કાર્ય આગળ વધી શકે તેમ ન હોવાથી મોડે તેને ત્યાંથી ઊઠી જવા સૂચવ્યું. દાદા કંથડને અહીં ધૂણી નાખી તપશ્ચર્યા કરતાં સાત વર્ષ થયાં હતાં. બાર વર્ષનું તેનું વ્રત હતું. તેને બીજાં પાંચ વર્ષ પણ અહીં બેઠે જ પૂરાં કરવાનાં હતાં. યોગીની ત્યાંથી ઊઠવાની અનિચ્છા જોઈ મોડે યોગીની સિદ્ધાઈ સમેટી લઈ તેને ત્યાંથી ભગાડી દેવાનો દમ માર્યો. યોગીનો ન ઊઠવાનો જેટલો દૃઢ નિશ્ચય હતો તેટલા જ જુસ્સાથી મોડે તેને ઉઠાડી કિલ્લો ચણાવવાનું નક્કી કર્યું. મોડની જુસ્સા અને ગુસ્સા ભરી બળજબરાઈ જોઈ યોગી ક્રોધાવેશમાં આવી ત્યાંથી આસન છોડી ઊઠી ગયા, અને પોતાના બે શિષ્યો ભસ્મનાથ અને ગોદડનાથ સહિત માંમુધારમાંની ગુફામાં ભરાઈ ત્યાં અપ્રગટ રહેવા લાગ્યા. મોડે કિલ્લાનું કામ શરુ કર્યું. કિલ્લાનો થોડો ભાગ ચણાઇ ગયા પછી એક વિચિત્ર ઘટના રોજિંદી બનવા લાગી. પ્રતિદિન કિલ્લો જેટલો ચણાય તેટલો દર રાત્રે પડી જવા લાગ્યો. પડી ગયેલો ભાગ દિવસે ફરી ચણી લેવામાં આવે પણ રાત્રે પેલી ક્રિયાનું પુનરાવર્તન થવા લાગે. મોડે રાત્રે ચોકીદારો ગોઠવ્યા, પણ કુદરતી પડતા કિલ્લાને કોણ અટકાવી શકે ? ઘણા દિવસ આમ ચાલ્યા પછી સમજાયું કે યોગી કંથડની યોગક્રિયાથી આ પ્રમાણે બનવા પામે છે. જુદીજુદી અનેક રીતે મોડે પાંચેક વખત કિલ્લો ચણાવવાના યત્નો જારી રાખવા પ્રયત્ન કર્યો, પણ હઠે ચડેલો યોગી કોઈ રીતે હવે માને તેમ ન હોવાથી મોડે કિલ્લાનું કામ પડતું મૂક્યું અને ત્યાં એક વાસ વસાવી નિવાસ કરવા લાગ્યો.

ઇ. સ. ૮૯૮ માં મોડ સ્વર્ગે સીધાવ્યો. તેનો કુંવર સાડ વ્યવહારુ અને કાર્યકુશળ હતો. તેનું સગપણ ધરણની બેન સાથે થયું હતું. પિતાના અધૂરા કાર્યને પૂરું કરવાની ઉમેદથી સાડે એ કિલ્લો ચણવાનું શરૂ કર્યું. પણ તેના યે એ જ હાલ થયા. એથી હતાશ ન થતાં યોગી કંથડના શિષ્ય ભસ્મનાથનું સાડે શરણ લીધું અને યોગીને ખુશ કરી પોતાનું કાર્ય પાર પડે તેવી યુક્તિ બતાવવા વિનતિ કરી. ભસ્મનાથને દયા આવી. તેણે સાડને માર્ગદર્શન આપ્યું. તેની સૂચના

'જગડૂચરિત્ર'ના ૧લા સર્ગના ૨૩મા શ્લોકમાં જગડૂશાહના વડદાદા 'વરણાગ'ની જન્મભૂમિ તરીકે કંથકોટનું જે વર્ણન નીચેના શ્લોકમાં આપ્યું છે તે પરથી તે એક મહાસમૃદ્ધવાન ને વિશાળ નગર હશે એમ જણાય છેઃ

भोगावती परिजितात्वमरावती वा-
न ध्यालका किल चया शतशो दधत्या।
भोंगीश्वरान् विबुधपान् धनदान् स कन्था
ता मध्युवास नगरीमथ मन्मथामः ॥

જે કંથા (કંથકોટ) નગરીએ સેંકડો ભોગીશ્વરો—રાજ્યઅધિપતિને ધારણ કરવાથી (એક ભોગીશ્વર-શેષનાગને ધારણ કરનારી) ભોગાવતીનો, તથા સેંકડો વિદ્વાનોના પોષકને ધારણ કરવાથી (એક દેવાધિપતિ ઈંદ્રને ધારણ કરનારી) અમરાવતીનો, તથા સેંકડો દાતારોને ધારણ કરવાથી (એક ધનદ-કુબેરને ધારણ કરનારી) અમૂલ્ય અલકાપુરીનો પરાજય કર્યો છે, તે કંથાનગરીમાં કામદેવના સરખી કાંતિવાળો એ વરણાગ રહેતો હતો.

અનુસાર સાડે ઉચ્ચ જાતિના સાત તોતા (પોપટ) પાળી ભણાવવા માંડ્યા. તોતા તેમના શિક્ષણમાં તૈયાર થઈ જતાં સાડ તેમને યોગી કંથડની ગુફા પાસે લાવ્યો અને એક પોપટને બોલવાની આજ્ઞા આપી.

'દાદા કંથડ, આદેશ !' પોપટ બોલ્યો.

'કૌ . ઓ . ન ?' બહારથી આદેશ મંગાતો સાંભળી યોગી બોલ્યો.

'નાથજી, ગુરુજી, મૈં જામ સાડ.' પઢાવેલો પોપટ બોલ્યો.

'સાડીઆ, ભસ્મ હો જા !' ગુફામાંથી ક્રોધાવેશપૂર્ણ અવાજ આવ્યો. પોપટ બળીને ભસ્મ થઇ ગયો.

એ રીતે સાડે બીજા પોપટને આજ્ઞા આપી અને તેના પણ એ જ હાલ થયા. આમ સાતે પોપટ ભસ્મીભૂત થયા.

હવે ધડકતે હૈયે અને ઢીલા પગે સાડ આગળ આવ્યો. હમણાં ભસ્મ થઈ જઇશ એવા ધાસ્તીભર્યા થરથરતા અવાજે એ બોલ્યો.

'નાથજી, આદેશ !'

'કૌ. ઓ. ન ?' જુસ્સાભર્યો અવાજ આવ્યો.

'વો હી જામ સાડ !'

'સાત વખત જલાયા તો ભી સાડ . . . . . ?' યોગીના આવેશભર્યા શબ્દો પૂરા બોલાય તે પહેલાં તેનો શિષ્ય ભસ્મનાથ વચ્ચે પડ્યો અને યોગીને શાંત થવા પ્રાર્થવા લાગ્યો. યોગીને પણ વિચાર તો થયો. પોતાનાં સાત સાત વચનો નિષ્ફળ ગએલાં જોઈ તેને નવાઈ લાગી અને કારણ કળી શક્યો નહિ. ભસ્મનાથની આરજૂભરી વીનવણીથી શાંત થએલા યોગીએ સાડને અંદર બોલાવવા આજ્ઞા આપી. માંહે પ્રવેશતાં જ સાડ યોગીના પગોમાં આળોટી પડ્યો. શિષ્ય ભસ્મનાથ અને જામ સાડની અતિ નમ્રતાભરી ક્ષમાયાચના અને આર્જવભરી આજીજીથી યોગીને દયા આવી અને સાડને પોતાની હૃદયેચ્છા વ્યક્ત કરવા આદેશ આપ્યો. સાડે કંથકોટનો કિલ્લો [illegible] કરીને આબાદ કરવાની પોતાની મરજી બતાવી. યોગીએ [illegible] સદ્ભાવથી કિલ્લો ચણાવવાની આજ્ઞા આપી કહ્યું 'ગાંમ [illegible]

3 Bertius' Ptolemy અને Bom. Gaz. Ch. 7, P. 130.

પણ કિલ્લાને નામ મારું; અને તારાં તથા મારાં એક કરીને પાળજે.' સાડે કિલ્લાનું કાર્ય સંપૂર્ણ કરી દાદા કંથડનાથના નામ પરથી તેને કંથકોટ નામ આપ્યું અને કિલ્લામાંની એક કોશિકાં-બારીને સાડ ખડકી નામ આપ્યું. કિલ્લામાં વાળી લેવામાં આવેલી ત્રરમાં એગે એક મોટો કૂવો ચણાવી પોતાના પિતાના સ્મરણાર્થે તેનું નામ મોડ કૂવો રાખ્યું. પછી કંથકોટમાં પોતાની સર્વ શક્તિઓને કેન્દ્રિત કરી સાડે પોતાના રાજ્યને આબાદ કર્યું.

સાડની જાહોજલાલી, સત્તા અને સમૃદ્ધિની વૃદ્ધિથી ધરણ વાઘેલાને તેની ઈર્ષા થઈ, કે જેગને પોતે આશ્રય આપ્યો તે પોતાથી વધુ શક્તિશાળી થઈ બેઠો ! ભવિષ્યમાં આ વધતી જતી શક્તિથી સાડ પોતાને પણ ક્યાંક દબાવશે એમ ધારી ધરણે સાડને પોતાને ત્યાં જમવા બોલાવી દગાથી મારી નંખાવ્યો, અને તેની આટખાલી મૂળમાંથી દૂર કરવા, પોતાની બેનથી થએલ સાડના છ માસના કુંવર ફૂલને મારી નાખવા ગેડીથી તે કંથકોટ આવ્યો. પણ વાઘેલી રાણીને પોતાના પતિના વધની જાણ થતાં તેણે સમયસૂચકતાથી કુંવર ફૂલને પોતાની દાસી ફરાક સાથે અન્યત્ર નસાડી મૂક્યો. ધરણ તેમની પૂંઠે પડ્યાં અને શણગારેલા દાસીપુત્રને કુંવર સમજી મારી નાખ્યો. સ્વામીભક્ત દાસી બચી ગએલા કુંવરને લઈ બાંભણાસર આવી. મોટા થતાં ફૂલે બાંભણાસરના પાદશાહ ધલુરાની મદદથી, કંથકોટ દબાવી બેઠેલા ધરણને યુદ્ધનું કહેણ મોકલાવ્યું. ફૂલના બળની વાઘેલાને માહિતી હોતાં, તેણે કંથકોટનો કબજો ફૂલને સોંપ્યો અને પોતે પોતાને મૂળ ગામ ગેડી જઇ રહ્યો. પછી તો ધરણે પોતાની પુત્રી ફૂલને પરણાવી. આમ દેખાતે તેમનું વેર સંધાયું. પણ ફૂલનું અંતર હજી પિતૃવૈરથી ધખતું હતું. શિવભક્ત ધરણ ગેડીથી શિકરા, કાગેશ્વર મહાદેવનાં દર્શને પોતાના પાણીપંથા રત્નાકર અશ્વ પર જતો હતો તેને એકદા ફૂલે ઝાડીમાં છુપાઇ, છૂટી મૂકેલ ઘોડીઓથી આકર્ષી અટકાવ્યો અને ત્યાં ધરણને મારી બાપનું વેર લીધું.[4] પિતાના આ પ્રકારના મૃત્યુના સમાચાર વાઘેલી રાણીને કંથકોટમાં પહોંચતાં તેને અસહ્ય આઘાત લાગ્યો અને ક્રોધમાં તેણે પોતાના પેટમાં પૂરા દહાડાનો ગર્ભ હતો તેને કટારીનો ઘા કરી પેટમાંથી બહાર કાઢ્યો અને પોતે મરણ શરણ થઈ. ઘા કરી કઢાએલો ફૂલનો એ કુંવર ઘાઓ તરીકે ઓળખાયો. કંથકોટનો ઈતિહાસ આમ જ્ઞાત ને અજ્ઞાત એવી અતિ રોમાંચક ઘટનાઓથી સભર ભર્યો પડ્યો છે.

દસમી સદીમાં કંથકોટ 'કંથાદુર્ગ' તરીકે જાણીતો હતો. ગુજરાતના સોલંકી વંશના પહેલા રાજા, સમસ્તરાજાવલિસમલંકૃત મહારાજાધિરાજ મૂળરાજદેવ પર સપાદલક્ષ કે અજમેરનો રાજા ચડાઈ લઈ આવી ગુજરાતમાં પ્રવેશ્યો. તે જ વખતે દક્ષિણ તરફથી મૂળરાજના રાજ્યપર તૈલંગણના રાજા તૈલપના સેનાપતિ બારપે ચડાઈ કરી. બંને દેશના રાજાઓનું લશ્કર એકી વખતે ચડી આવવાથી મૂળરાજ પોતાના પ્રધાનો સાથે મંત્રણા કરવા બેઠો, કે જો પોતે કોઈપણ એકની સામે યુદ્ધમાં ઊતરશે તો તે સમયનો લાભ લઈ બીજો ઓચિંતો હુમલો કરી પરાભવ કરશે; માટે હવે કેમ કરવું? અમાત્યોએ સલાહ આપી કે હાલમાં રણસંગ્રામ સળગાવવા કરતાં થોડા દિવસ કંથાદુર્ગમાં નિર્ગમન કરવા એ વધારે યોગ્ય છે, કારણ કે એટલામાં નવરાત્રિના દિવસ આવી પહોંચવાથી એ સપાદલક્ષનો રાજા પોતાની રાજ્યધાની શાકંભરી (સાંબર) માં જઇ સ્વગોત્ર દેવીનું આરાધન કરવામાં ગુંથાશે. તે વખતે આ બારપ સેનાપતિને આપણે નિર્વિઘ્ને હરાવી એકદમ સપાદલક્ષની પણ ખબર લઈશું. પ્રધાનોનું આ કહેવું સાંભળી મૂળરાજ બોલ્યો, 'એ યુક્તિ તો તમે ઠીક શોધી કાઢી, પણ એવા હેતુએ કિલ્લામાં ભરાવાથી આપણે હીચકારા ગણાઇશું અને તેથી લોકોમાં આપણી હાંસી થશે.' ત્યારે મંત્રીએ કહ્યું કે પશુયુદ્ધમાં ઘેટો જે પાછો હઠી ધસે છે, તે વધારે જોરથી સામાવાળાને મારવા સારૂ; અને સિંહ જે તરાપ મારતી વખતે પોતાનું અંગ સંકોચી નાખે છે, તે ઘણી ઊંચી તરાપથી શિકારને એકદમ પકડવા સારૂ; તે જ રીતે હૃદયમાં ગુપ્ત મંત્રવિચાર રાખનાર બુદ્ધિવાન પુરુષો, બીજા તુચ્છ અલ્પ બુદ્ધિવાળા માણસોથી થએલી અવગણનાને સહન કરે છે.[5] પોતાના અમાત્યોની આવી સૂચનાનુસાર, અથવા પોતાની નિત્યની પ્રપંચી રાજકીય રીત પ્રમાણે, મૂળરાજ અણહિલવાડ તજીને ઘણે આઘે અને કોઇનો હલ્લો થઈ શકે નહિ એવા કચ્છના નાકા ઉપર કંથાદુર્ગમાં રક્ષણ મેળવી ભરાઈ પેઠો.[6] એ વર્ષા ઋતુ અને તે પછી આવતી નવરાત્ર સુધી ત્યાં રોકાયો. પણ તેણે માનેલું તે પ્રમાણે ન કરતાં સપાદલક્ષ રાજાએ ચોમાસામાં પણ ટકાવ કરી, જ્યારે નવરાત્ર આવ્યા ત્યારે શાકંભરી દેવીનું ત્યાં જ સ્થાપન કર્યું ને નવરાત્રપૂજા સંપૂર્ણ કરી. આથી મૂળરાજ હતાશ થઈ પોતાના સામંતોને ભેળા કરી કંથકોટ મૂકી બીજી યોજના વિચારવા લાગ્યો.[7] પછી સાહસિક વૃત્તિથી મૂળરાજે બારપને હરાવ્યો. એ જોયું એટલે શાકંભરીનો રાજા પાછો ભાગી ગયો. આમ મૂળરાજે ગુર્જર રાજ્યની જે ઘટના કરી તેમાં કંથકોટ પણ મહત્ત્વનો ભાગ ભજવી જાય છે.

અગિયારમી સદીમાં કંથકોટનો નામોલ્લેખ 'ખંદહત'ના કિલ્લા તરીકે[8] મળે છે. ઈ. સ. ૧૦૨૪ માં મહંમદ ગીઝની હિંદ પર ચડી આવ્યો. સોમનાથના વિજય પછી મહંમદે અણહિલ પાટણને ઘેરો ઘાલ્યો. તે કઢાવવા ભીમદેવના પ્રયત્નો નિષ્ફળ ગયા ત્યારે ઇસ્લામી સેનાની વચ્ચેથી સરકી જઇ નાસીને એણે કંથકોટના કિલ્લામાં ભરાઈ જઈ આશ્રય લીધો. મહંમદ એની પૂંઠે પડ્યો રણ ઓળંગી ગઢ લીધો અને દુશ્મનોને ત્યાંથી નસાડી મૂક્યા. ખંદહત (કંથકોટ)થી મહંમદ સિંધ તરફ ગયો અને ત્યાંથી ઇ. સ. ૧૦૨૬ માં પાછો ગીઝની પહોંચ્યો. બારમી સદીના મધ્ય ભાગે (ઇ. સ ૧૧૪૩) અણહિલવાડના

---

૪ ધરણનો આ પાળિયો કંથકોટમાં છે, પણ તે દટાઇ ગએલ છે એમ કહેવાયું; અને તેને પાછળથી જ્યારેજ્યારે ઉખેળવાના પ્રયાસ થયા છે ત્યારેત્યારે કંથકોટમાં દંગલ થયું છે એવી કિંવદતી છે.

૫ પ્રબંધ ચિંતામણિ સર્ગ ૧. પૃ. ૬૬-૬૭

૬ રાસમાળા પૃ. ૬૩; Bom. Gaz, Ch.. 7 P. 130 વિ સં. ૧૦૪૩ ના એના તામ્રપત્રના ત્ર્યમ્બક इव विहिताश्वलाश्रयः શબ્દોમાં ઉપર પ્રમાણે કંથકોટના કિલ્લામાં મૂળરાજે આશ્રય લીધો હોવાનું સૂચન ડૉ. બુલ્હરે કલ્પ્યું છે. Ind. Ant. XII 123.

પ્રબંધ ચિંતામણિ, હમ્મીર કાવ્ય, દ્વયાશ્રય, સુકૃતસંકીર્તન અને કીર્તિકૌમુદીમાં દરેકમાં પરસ્પર ભિન્ન એવી મતભેદવાળી આને લગતી લંબાણ વિગતો આપેલી છે. પણ

त्यक्त तपस्विना (स्वच्छं) यशोंशुक मिती वयः ।
गूजर मूलराजा रव्यं कंथादुर्गमवी विशात् ॥

એમ પૃથ્વીરાજ ચરિતમાં 'મૂળરાજને કંથા દુર્ગમાં નસાડી મૂક્યો' એટલું જે કહ્યું છે તે યથાર્થ છે. પૃથ્વીરાજ વિજય સ. ૫, શ્લો. ૫૧; ગુજરાતનો મધ્યકાલીન રા. ઈતિહાસ પૃ. ૧૫૯.

૭ Bom. Gaz. Vol I, Ch 2, P. 158

૮ અહીં કચ્છનું કંથકોટ ખંદહત કે ખંદબ તરીકે નિર્દેશાયું છે એમ ડૉ. બુલ્હરની માન્યતા વગેરેથી ચોક્કસ થાય છે. Bom. Gaz. I. P. 167

કુમારપાળ સોલંકી (૧૧૪૩–૧૧૭૪) નો સામનો કરતા નાગોરના રાજાને કંથા ગામનો દુર્ગપતિ જઈ મળ્યો હતો.

સાડના સમયથી એક યા બીજી રીતે કંથકોટ પર સ્વામિત્વ તો જામ સમાઓનું જ રહેતું આવ્યું છે. કચ્છાધિપતિ જામ રતા રાયધણને ત્રણ પુત્રો હતા. તેમની વચ્ચેની કચ્છની વહેંચણીમાં તેના પુત્ર દેદા અથવા વીરભદ્રને કંથકોટ સોંપાયું (ઈ. સ. ૧૨૧૪). ત્યારથી દેદા જાડેજા તરીકે ઓળખાતા તેના વંશજો કંથકોટનો કબજો ભોગવે છે. તેરમી સદીમાં વાઘેલાઓની આણ પણ ત્યાં હતી. કંથકોટથી થોડે દૂર ખોખરાં દેરાં પાસે એ અરસાનો એક પાળિયો મળી આવેલો છે, તેના પર સંવત ૧૩૩૨ (ઇ. સ. ૧૨૭૫)ની સાલ છે અને તેમાં સારંગદેવ વાઘેલાને (ઇ. સ. ૧૨૭૫–૧૨૯૬) મહારાજાધિરાજ અને અણહિલપાટકના મહારાજા તરીકે તથા માલદેવને તેના મહામાત્ય તરીકે વર્ણવેલ છે. પંદરમી સદીની શરૂઆતમાં (૧૪૧૦) મુઝફ્ફરશાહે કંથકોટને ઘેરો ઘાલી હરાવ્યું હતું; છતાં યે એ તો સ્વતંત્ર જેવું રહ્યું. પછી ૧૪૭૨માં મહંમદ બેગડાનું વર્ચસ્વ પણ ત્યાં વર્તાયું હતું. આઈન-એ-અકબરીમાં (૧૫૯૩--૧૫૯૦) અબુલફઝલે કચ્છના મુખ્ય કિલ્લા તરીકે કંથકોટનો નિર્દેશ કરેલો છે; તથા તબકાત–ઈ–અકબરીમાં કંથકોટને કચ્છના તાબાનો મુલક કહ્યો છે.

કચ્છના રાઓશ્રી ગોડજી ૧૭૬૦માં ગાદીનશીન થયા ત્યારે પૂંજો શેઠ જૂનાગઢથી દીવાનપદું મેળવવાની આશાએ કચ્છ આવ્યો. તેને જીવણ શેઠે ધમકી આપતાં પૂંજો કંથકોટમાં જઈ ભરાયો હતો. પણ ત્યાંના ગિરાસદાર દેદાઓએ રાઓશ્રીને આથી ખોટું લાગશે એ માન્યતાથી પૂંજાને રક્ષણ આપેલું નહિ. પછી પૂંજો સિંધના મીર ગુલામશાહ કલોરાને લલચાવી કચ્છ પર તેનું આક્રમણ લાવ્યો અને ઝારાનું વિખ્યાત યુદ્ધ કરાવ્યું. અંતે સંધિ થતાં ઝારાના યુદ્ધના ખર્ચની ખોટ પૂરી પાડવા તેણે કંથકોટ પર પણ ચડાઇ કરી દંડની રકમ વસૂલ કરેલી. જમાદાર ફતેહમહમદે પણ કંથકોટને ઘેરો ઘાલેલો અને અમુક દિવસ સુધી તો કોટનો દરવાજો નહિ જડતાં તેણે માંગુધાર પરથી કિલ્લા પર તોપોનો મારો ચલાવેલો ને કિલ્લાના કેટલાક ભાગને નુકસાન પહોંચાડેલું. પણ આ ઘેરામાં તેના લશ્કરને એટલું સહન કરવું પડ્યું કે તેને ભૂજ પાછા વળવાની ફરજ પડી, જ્યાં થોડો વખત રહી ૬૧ વર્ષની વયે તે બીમાર થઇ (૧૮૧૪) તેના અંતિમ દિવસોની યાતના ભોગવતો પડ્યો. તે પછી તેના પુત્ર હુસેનમિયાંને ફરીથી મહારાવશ્રી ભારમલજી બીજા પાસેથી ૧૮૧૫માં કંથકોટના ભોગવટાનો ખત મળેલો. ૧૮૧૬માં કર્નલ ઇસ્ટની સરદારી તળે થએલા હુમલામાં કંથકોટ બ્રિટિશને શરણે આવ્યું. ત્યારથી ત્યાંના દેદાઓ હસ્તક કંથકોટનો કિલ્લો કચ્છ રાજ્યની હકૂમતમાં છે.

કાળની ઘટમાળના આવા તો કેટલા યે ઈતિહાસઆવરેલા થર કંથાદુર્ગ પર જામ્યા હશે. મોડ અને સાડ, મૂળરાજ અને ભીમદેવ, મહંમદ અને મુઝફ્ફર, એવી બહુવિધ કોટિની અનેકાનેક વ્યક્તિઓ અહીં આવી હશે ને તવારીખની તેજછાયામાં ગરક થઇ ગઈ હશે.

અને કંથકોટના કિલ્લાની આજના જમાનામાં હવે લશ્કરી ઉપયોગિતાયે કેટલી? આધુનિક શસ્ત્રો સામે તો એ કાગળનો કોટ જ લાગે. પણ, યંત્રયુગની સાથે અર્વાચીન ઇજનેરીનો વિકાસ થયો તે પહેલાં થએલું ત્યાંનું બાંધકામ જોતાં તો ચકિત થઇ જવાય છે.

રાજ્યોની પક્ષાપક્ષીમાં અને રાજનીતિના ચિત્રવિચિત્ર પલટાઓમાં, ધાર્મિક ઝનૂનની ખેંચતાણ વચ્ચે, ગૌરવભરી કે માનભંગ કરે તેવી, પણ લોકમાનસની ભાવનાઓમાં રમી ગએલી અને રસિક ઊર્મિઓ પ્રેરતી, કેટલી યે સુઘટનાઓ અહીં ભજવાઈ ગઈ હશે. નૈસર્ગિક રમણીયતા વચ્ચે એવા ઇતિહાસના અસ્તવ્યસ્ત પડેલા સમૃદ્ધ અવશેષો અને સ્મૃતિચિહ્નો જોવાથી કંથકોટનું અસ્ત થએલું ગૌરવ આજે પણ નજર સમક્ષ તરી રહે છે. **રામસિંહજી રાઠોડ**

ત્રણ સૉનેટ... પૃથ્વી] સુખવ્યથા [વેણીભાઈ પુરોહિત

મનમાન્યાં સુખની વચ્ચે આળોટતો છતાં, માણસને ખરૂં ચેન લાધતું નથી; તેના આત્માની તરસ તો જુદી જ હોય છે. જેમાં પોતાના ખમીરનું પારખું ન થાય એવી એ નૂરહીન નીરાંતમાં એક પ્રકારની વ્યથા તેનું અંતર કોરી ખાય છે; ને પોતાની આત્મકલા પ્રગટી ઊઠી જગતમંદિરમાં ઉપયોગી અર્પણ બની રહે તે માટે સમય-સલાટને કઠોર ટાંકણાના ઘાની અગર તો પ્રલયદેવને એકાદ ઠોકરની યાચના કરે છે.

[૧]

નથી સ્મરણ કષ્ટનું, નવ અનિષ્ટની કલ્પના;
નથી ઉદય કે નથી તિમિરઝાંય કો અસ્તની.
કરોડ મથનો પછી જ લગરીક સાફલ્યનો
નશો અજબ, તે ય ના; ઝગડતી ખુમારી નથી:
કશું ન મથવું પડે, ન તલસાટનાં સ્પંદનો,
આકાજ વહી જાય આયુ વણવિક્રમી વૈભવે.

અરે, સરકી જાય છે મન તહીં ઘડીક રાચવા,
અને લઇ અજંપ કોઈ, અથડાઈ પાછું ફરે!
ખરી ન પરિતૃપ્તિ હોય, ગમથા હુધામા ચડે,
અતુષ્ટ વલણે, ખરું દરદ પારખી ના શકે.

ચહે મનુજ જે બધાં ય સુખ, તે મને સાંપડ્યાં;
છતાં જીવનદેવ હે! નહિ ખમીરનાં પારખાં.
–અરે, સમયકૂચમાં સમરભોગ પે ઝૂઝવું
ન જીવન મળ્યું, અને સુખવ્યથા મળી કાં મને?

[૨]

અહા સમય! હે સલાટ! તુજ ટાંકણેટાંકણે
નવો જ ઘડ ઘાટ, ફોડ કરચો ભલે ખેરજે:
પડ્યો અણઘડેલ પથ્થર પથે, થશે મૂળના
ચડેલ ચહુઆર,–ક્ષુલ્લક વિલાસની ધૂળના.

નિગાહ કર, એ બધાય થરભીતરે હૂંફની
પ્રભા દમકવા—કલામય થવા કરે તાહરે.
ભલે ગસલતો કરે તુજ હથોડી ને ટાંકણું–
દીદાર પલટાવ આરસ સમાન આયુષ્યના.
સદા અભયપૂર્ણ, દર્દમય, તો ય ઉલ્લાસતું
સુભવ્ય તુજ શિલ્પનું અણુક કાવ્ય કંડારજે.

પછી, સમયદેવ હે! પરમ વિશ્વકર્મા પ્રભો!
વિરાટ તવ વિશ્વઘુમ્મટ તળે–કલામંદિરે
કહીંક ટુકડો કલાત્મક બની ભલે રાચવા
મળે વિપલ એક, તો ય ચિરકાલ જેવી ગણું.

[૩]

અગર પ્રલયદેવ હે! વિલયનોબતો મોજથી
અહીં ગગડાવ, કે ઠમક તાલ તો દે બલા!
અરે લગીર આંચકો દઈ કહી ધરાકંપનો
મને મનુજ સુસ્તને હચમચાવ; દે ઠોકરો.

નિરાંત મુજ નૂરહીન જીવતાં જ થાક્યો, હવે
તને ય સહુ અસ્તવ્યસ્ત કરવા થશે કામના.
ભલે વીફરી જાય...વીજ, વરસાદ, ઝંઝાનિલો–
કરી સકલ છિન્નભિન્ન મુજ પે હસી લે જરા!

નિહાળી સ્મિત તાહરું, સ્મિત કરીશ હું યે તદા,
અને હરખભેર ફેનિલ ઉડાવી દે આપદા
મથીશ નવસર્જને; અજય પૌરુષે પ્રાણના
બહાવીશ બહાર હું નવવસંતની સોડમે.

મને વિઘન દે હજાર, લખ વાર દે હારણું:
ન હો વિભવ જીવને,–મરણ દે મને વૈભવી.

નિશાનીઓ અને ઇશારાની ભાષા

પોતાની પાછલી જિંદગી શાંતિથી વીતાવવાના હેતુથી એક ગૃહસ્થ પોતાના મૂળ વતન ગામડામાં રહેવા ગયા. આજુબાજુમાં ડફેરની રાડ બહુ હતી. ત્યાં તેણે પોતાના ઘરના રક્ષણ માટે એક સારો લાવરો કૂતરો પાળ્યો હતો. એક રાત્રે આંગણામાં કોઈ ડફેર આવેલો માલૂમ પડતાં ઘરધણીએ કૂતરાને સિસકારી મૂક્યો અને તેને પરિણામે પેલા ચોરને એક ઝાડ ઉપર ચડી જવું પડ્યું. ઘરધણી મદદ માટે બૂમ પાડવા જતો હતો, એટલામાં ડફેરે ઘરધણીને કહ્યું કે 'જો તમે બૂમ પાડીને મને ફસાવો નહિ તો એ ઉપકારના બદલામાં તમને હું એક એવી ગોઠવણ કરી આપું કે અમારી કોઇ પણ ભટકતી ટોળીનો માણસ હવે પછી તમારા ઘરમાં ન આવે.' આ વાત પેલા ગૃહસ્થને એટલી બધી નવાઇભરેલી અને આકર્ષક લાગી કે તેણે તે કબૂલ્યું. ચોર તો તરત જતો રહ્યો, પણ બીજે દિવસે સવારના તે ગૃહસ્થના આંગણામાં, સડકની સૌથી નજીક આવેલા ઝાડ ઉપર તરત જ નજર ખેંચે તેવી કેટલીક નિશાનીઓ કરેલી માલૂમ પડી. આ નિશાનીઓમાં એક મોટું ચક્કર, ચોરસ, ચોકડી અને એક ત્રિકોણ હતાં. ત્યાર બાદ ઘણાં અઠવાડિયાં પસાર થયાં, પણ તેવા રખડુ સદ્ગૃહસ્થોમાંના કોઇએ ફરી ત્યાં દેખા દીધી નહિ.

છેવટે ઘણા મહિના પછી એકવાર એક વાઘરી જેવો લાગતો માણસ તે ઝાડ પરની નિશાનીઓ તરફ તાકીને જોતો દેખાયો. આ નિશાનીઓનો ભેદ ઉકેલવા તે ઘરધણીને એટલી તાલાવેલી લાગેલી હતી કે તેણે, જો તે વાઘરીને આ નિશાનીઓનો ભેદ ઉકેલી આપે તો, એક રૂપિયો બક્ષિશ આપવા કહ્યું. તેથી તે વાઘરીએ સમજાવ્યું કે, 'આ નિશાનીઓનો અર્થ એ થાય છે કે આ મકાનમાં એક પાજી બુઢ્ઢો રહે છે તેની પાસે એક દુષ્ટ કૂતરો છે ને ત્યાં જવું સલામત નથી!'

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે દરેક ભટકતી ટોળી પોતાની નિશાનીઓની ભાષા વાપરે છે. જંગલી દેશની ભટકતી ટોળીઓથી માંડીને યુરોપ અમેરિકાની 'જિપ્સી' ટોળીઓ પાસે પણ આવી નિશાનીઓની ભાષાઓ હોય છે. આપણે ત્યાં શિયાળવાંની લાળીની પણ એક ભાષા છે. અમેરિકાની 'હૉબો' (Hobo) ટોળીની પણ આવી એક વિશાળ ભાષા છે. તેમાંની કેટલીક નિશાનીઓના નમૂના જોવા જેવા છે. આ નીચેના ચિત્રમાં તે આપેલા છે.

ઇંગ્લાંડના 'જિપ્સી'ઓ વિષેના જ્ઞાનમાં નિષ્ણાત અને તેમના રીતરીવાજથી વાકેફ ફ્રાન્સીસ ગ્રૂમે તેના 'ઇન જિપ્સી ટેન્ટ્સ' નામના પુસ્તકમાં એક વાર્તામાં લખે છે કે એક ચોરી થયા બાદ લંડનના કેટલાક ડિટેક્ટિવો તપાસ કરવા ભેગા થયા હતા. તેમાંના એક ડિટેક્ટિવની નજરે એક નિશાની પડી. આ નિશાની ઉપરથી ચોરોને પકડી કાઢવાની પોતાની યોજના તેણે પોતાના સાથીદારોને સમજાવી. તેણે કહ્યું 'આ નિશાની જિપ્સીઓની ભાષાની છે. ચોરોએ પોતાની પાછળ આવનારા સાથીદારોને તેમાં પોતાની પાછળ આવવાનું જણાવ્યું છે. એટલે તેમણે પોતાને રસ્તે નિશાનીઓ મૂકી હશે.' ત્યાર બાદ રસ્તે જતાં એક થાંભલા ઉપર એક ડાળખી ભરાઈ ગએલી માલૂમ પડી. આવી ડાળી રસ્તે જનાર બીજાઓનું ધ્યાન ન ખેંચે, પણ તે યે જિપ્સી નિશાની હતી. થોડે દૂર જતાં બૂટના ઘસારાથી રસ્તા ઉપર ધૂળમાં અંગ્રેજીમાં 'વી' જેવી નિશાની કરેલી માલૂમ પડી. ત્યાંથી થોડે દૂર ઘાસની સળીઓની એક નિશાની માલૂમ પડી. આ રીતે નિશાની પકડતાં ચોરો પકડાઇ ગયા.



આ ચોરો તો ઠીક, પણ કુદરતે ય નિશાનીઓ વાપરે છે. મેઘધનુષ્ય સ્વચ્છ વાતાવરણની નિશાની છે, 'ઇશાન વીજળી' વરસાદની નિશાની છે, અને વૃક્ષ ઉપર ઊડતો હજી યે પવનની અમુક દિશા ઉપરથી વરસાદની આગાહી આપે છે. આપણા બિચારા વાયુશાસ્ત્રીઓ પણ કુદરતની નિશાનીઓ ઉપર ટાંપતા બેઠા હોય છે. આપણે પણ નિશાનીઓનો ક્યાં ઓછો ઉપયોગ કરીએ છીએ. 'હા' કે 'ના' કહેતાં આપણે પાંચશેરિયું હલાવીએ છીએ, અને છોકરાને ચૂપ કરવા માસ્તર નાક ઉપર આંગળી મૂકી છિત છિત કરે છે. પાણીપેશાબની રજા માગવા માટે શાળામાં વપરાતી નિશાનીથી કયું બાળક અજાણ્યું હશે?


સ્ટેશનોમાં ગાડી આવવા-જવાની, રીફ્રેશમેન્ટ રૂમની વગેરેની નિશાનીઓનો પાર હોતો નથી. એ રીતે તો રેલ્વેની એક નિશાનીઓની ભાષા બની ગઇ છે. રસ્તા ઉપર વાહનવ્યવહારની સરળતા માટે પણ નિશાનીઓ વપરાય છે. વહાણવટાની અને સ્કાઉટોની પણ એક જુદી જ ભાષા છે દીવાઓ, વાવટાઓ, સિસોટી વગેરે આ નિશાનીની ભાષામાં અગત્યનો ફાળો પૂરે છે. માનવજાતિની ઉત્ક્રાંતિના ઇતિહાસના બે છેડા—પ્રાચીન અર્ધદગ્ધ માનવથી માંડીને અર્વાચીન યુગના સુધરેલા માણસ—સુધીની બધી માનવજાતિઓએ નિશાનીઓનો ઉપયોગ કર્યો છે. જંગલી જાતિઓમાં અમેરિકન ઇન્ડિયનોની નિશાનીની ભાષા ઘણી રસપ્રદ છે. ચીનની ચિત્રલિપિ એ નિશાનીઓની ભાષાનો એક સુંદરમાં સુંદર નમૂનો છે.


આજના જમાનામાં જો કોઇ પણ નિશાનીની ભાષાનો વધુમાં



ચીનની ચિત્રલિપિ પણ મૂળ તો નિશાનીઓ રૂપ ચિત્રો ઉપરથી ઉદ્ભવેલી ભાષા છે. શરૂઆતમાં જેજે પદાર્થ દર્શાવવો હોય તેનાં ઝડપી ચિત્રો આલેખાતાં ને ને પછી તે પીંછી વડે ઝડપથી લખાતાં કેવાં રૂપ પામ્યાં એ ઉપરના પહેલા ને બીજા કોલમમાં દર્શાવ્યું છે. ત્રીજા કોલમમાં અર્થ આપ્યા છે.

— — આવતા અંકમાં





બહેરા-મૂગાની ભાષાના બે નમૂના. (૧) ડાબી બાજુ: એક હાથના ઈશારા વડે અંગ્રેજી મૂળાક્ષરો દર્શાવતી ભાષા; જમણી બાજુ: બે હાથના ઈશારાથી દર્શાવાતા અંગ્રેજી મૂળાક્ષરો

વધુ ઉપયોગ થતો હોય તો તે મોર્સ કોડ છે. એકવાર બે સ્કાઉટો એક બદગાશના હાથમાં સપડાયા હતા. થોડી વાર બાદ એકે પોતાના દોસ્તને આંખો મટમટાવતો જોયો. પણ આંખોનાં મટકાં નિયમસર થવાને બદલે ચોક્કસ રીતે લાંબાંટૂંકાં થતાં હતાં. પછી તો તરત જ મોર્સ કોડનો ઉપયોગ, અને બન્નેએ નાસી જવાની યુક્તિ વિચારી લીધી. કેટલીકવાર વેપારીઓના મંડળમાં પણ ઘોંઘાટ ઓછો કરવા આંગળીઓની નિશાનીથી દલાલોએ સોદા કરવાનો નિયમ રાખેલો હોય છે. પછેડી નીચેની ભાવતાલ ગણવાની એક ભાષા પણ આપણા દેશી વાણિયાઓ પાસે છે. હવે તો કચેરીઓમાં કારકૂનોને લાંચ દેવા માટે પણ ઈશારાની ભાષા થઈ પડી છે!

બહેરામૂગાઓની પણ એક ભાષા છે. તેઓ આંગળાં અને ઈશારાથી વાત કરે છે. સાધારણ નિશાનીથી વાત કરતા મૂગાઓને તો દરેક જગ્યાએ જોયા હશે. પણ મૂગાઓની હાથના ઈશારાની 'એ બી સી ડી' પણ છે. જેના બે પ્રકાર ઉપર આપ્યા છે.

ઈશારાથી થતી વાતચીતમાં બન્ને માણસો નિશાનીઓથી પૂરેપૂરા વાકેફ હોવા જોઈએ; નહિતર કેટલીક વાર એવો સરસ ગોટાળો ઊભો થાય છે કે ન પૂછો વાત. રાજા ભોજના વખતની એક વાત છે કે એક વાર તેના દરબારમાં એક પંડિત આવ્યા. તેણે કહ્યું કે પોતે નિશાનીઓની ભાષામાં પારંગત છે. જો કોઇ પણ પંડિત તેની સાથે ઇશારાથી વાતચીત કરી તેને હરાવી ન શકે તો ભોજ રાજાએ તેને એક સોનાનું પૂતળું કરાવી આપવું, અને જો પોતે હારે તો અનેક રાજાઓ પાસેથી મેળવેલાં પૂતળાં પોતાને હરાવનારને ચરણે મૂકી પોતે ચાલ્યો જાય.

કવિ કાલિદાસે આ બીડું ઝડપ્યું અને કહ્યું કે 'આવતી કાલે મારા ગુરુ આવવાના છે તેની સાથે પંડિતજી ભલે વાદવિવાદ કરે.' બીજે દહાડે કાલિદાસે એક ભરવાડને પંડિતનાં કપડાં પહેરાવી હાજર કર્યો. કાલિદાસે ભરવાડને બરાબર પઢાવી રાખ્યો હતો કે 'તારે બીલકુલ મૂંગા રહેવું અને માત્ર ઈશારાથી જવાબ દેવો.' પંડિતે ચર્ચાની શરૂઆતમાં ભરવાડ સામે એક આંગળી ઊંચી કરી. જવાબમાં ભરવાડે બે આંગળી ઊંચી કરી. પછી પંડિતે સામે પાંચ આંગળી ઊંચી કરી, એટલે ભરવાડે પાંચે આંગળીની મુઠી વાળી બતાવી. આથી પંડિતજી ખુશ થયા અને સભામાં પોતાની હાર કબૂલ કરી.

ભોજરાજાએ પંડિતને વાદવિવાદનો અર્થ સમજાવવા આગ્રહ કર્યો એટલે પંડિતજીએ કહ્યું, 'આ શ્રીમાન્ ઘણા જ વિદ્વાન છે. મેં તેમને એક આંગળી ઊંચી કરી કહ્યું કે ઇશ્વર એક જ છે. ત્યારે તેઓશ્રીએ જવાબ આપ્યો કે પુરુષ અને પ્રકૃતિની જોડી ભૂલવા જેવી નથી. પછી મેં કહ્યું કે આ પંચમહાભૂતના બધા પ્રપંચો છે. ત્યારે તેમણે કહ્યું કે એ પંચમહાભૂતનું કોકડું બહુ જ ગુંચવાયું છે.' આ પછી પંડિતજી રવાના થયા ત્યારે કવિ કાલિદાસે ભોજરાજાને કહ્યું કે 'મારા ગુરુદેવ પાસેથી પણ તમને આ વાદવિવાદ વિષે કાંઈક જાણવા મળશે.' પછી કાલિદાસના કહેવાથી ભરવાડે કહ્યું કે 'માળો બામણ લુચ્ચો લાગ્યો. તેણે મને કીધું કે એક ઘેટું દે. તો મેં'કું, ભઈ એકને બદલે બે લે, જો જતો હો તો. તો માળે પાછાં પાંચ માગ્યાં, એટલે મેં તો મૂઠી દેખાડી કહ્યું કે આ જોઇ છે? છાનોમાનો હાલતો થઈ જા. એટલે પછી ભાગ્યો કાછડી વાળી!'

પીતાંબરદાસ રામજી

જેટલી સ્ત્રીઓનો જેટલો અભ્યાસ શરદ્‌બાબુએ કર્યો છે; તેટલી સ્ત્રીઓએ તેટલો અભ્યાસ શરદ્‌બાબુનો કર્યો હશે?
કોઈ, બ્રાહ્મણ હોય છે માટે જનોઈ પહેરે છે; કોઇ, જનોઈ પહેરે છે માટે બ્રાહ્મણ હોય છે.
ઘણાં માણસો ઘડિયાળ ખરીદે છે; અને ઘડિયાળ પણ ઘણાં માણસોને ખરીદે છે.
કેટલીક વાર માણસ ટેવ પાડે છે; ઘણીવાર ટેવ માણસને પાડે છે.
બધું મોંઘું છે, ત્યારે એક જ ચીજ સસ્તી છે—મોંઘવારી.
જીવીને મરનાર કરતાં મરીને જીવનાર મોટા છે.
નવનીત નિત્ય નવું હોય તો જ મીઠું લાગે.

'मञ्जुल'

કરકસર અને બચાવની રીતો

'કુમાર'ના ૨૩૨મા અંકમાં અમે આ વિષય પર 'કુમાર'ના વાંચનારાઓ અને અનુભવીઓને, અનુભવના મુદ્દાઓ તથા માહિતીઓ મોકલવા આમંત્રણ આપ્યું હતું. પરંતુ આટલો સમય રાહ જોવા છતાં તેનો જવાબ બહુ થોડા સજ્જનોએ જ આપ્યો છે. તેમાં પણ મોટે ભાગે લેખો કે નિબંધ રૂપે લખાણો કર્યાં છે, અથવા નિરર્થક પિષ્ટપેષણ કર્યું છે. આ બાબતની જરૂરિયાત સમજીને ટૂંકાણમાં પોતાના મુદ્દા તો બે જ ગૃહસ્થોએ મોકલ્યા છે: (૧) શ્રી માણેકલાલ મફતલાલ મોદી. અમદાવાદ અને (૨) શ્રી મહીપતરામ હીરજીભાઈ-થાન. અમે તેમનો યથોચિત સત્કાર કરી આ નીચે એમનાં લખાણો એમના મૂળ રૂપમાં પ્રકટ કરીએ છીએ અને બીજાઓને પણ તેમનું અનુકરણ કરી હજુ પણ આ માહિતીઓમાં વિશેષ ઉમેરો કરવા આમંત્રણ આપીએ છીએ. ઉપર્યુક્ત લેખો સિવાયના લેખોમાંથી સારભૂત હકીકત વ્યક્તિવાર નામ સાથે પાછળ સામેલ કરવામાં આવી છે.

માણેકલાલ મફતલાલ મોદી તરફથી

(૧) જ્યાં લોકો લાકડાંથી રાંધતા હોય ત્યાં ચૂલાની બાજુમાં ઑલો રાખવાથી રંધાઈ ચૂકેલી વસ્તુ પણ ગરમાગરમ રહી શકે. (૨) ઘઉંના આટાનું ચળામણ (ભૂસું) બીજી વખતના દળાવવા માટેના ઘઉંની સાથે જ દળવામાં નાખી દેવામાં આવે તો સરેરાશ નુકસાન બહુ જ ઓછું પડે. (૩) રાંધતી વેળાએ દાળના આંધણની સાથે બટાટા, સરગવાની શીંગો અથવા એવી કોઈ બાફીને શાક કરવા જેવી ચીજો નાખી રાખી હોય તો તેટલો વખત અને કોલસાનો બચાવ થઈ શકે. (૪) વળી દાળની તપેલી ઉપર બીજી એક તપેલીમાં પાણી ભરી મૂક્યું હોય તો કાંઈપણ વધારાના ખરચ વગર ભાત માટે આંધણ તૈયાર થઈ શકે છે અથવા કપડાં ધોવા માટેનું ગરમ પાણી પણ મેળવી શકાય. (૫) પાણી ભરવાની ડોલને વપરાશ થઈ રહ્યા બાદ ઊંધી રાખી મૂકવામાં આવે તો ડોલની જિંદગી બેવડી થાય છે; અર્થાત્ કાણી થવાનો સંભવ ઘણો જ ઓછો રહે છે. (૬) આ રીતે છત્રીને પણ સીધી (પલળેલી હાલતમાં) રાખી મૂકવા કરતાં ઊંધી રાખી મૂકવાથી છત્રીનું કાપડ વધુ વખત ચાલે છે. (૭) રદ થઈ ચૂકેલી ડોલની બાજુમાં, હવાની અવરજવર માટે બાકું પાડીને, વચમાં જાળી (સગડીની) મૂકીને, ઉપરનીચેના ભાગમાં માટી છાંદી લેવાથી વરસો સુધી ચાલે અને દરરોજ અબોટ થઈ શકે તેવી સગડી તૈયાર થઈ શકે છે; વધુમાં રંધાઈ ચૂકેલી વસ્તુ પણ વગર કોલસાએ તે પર ગરમાગરમ રહે છે. (૮) ફાટી ગએલાં ધોતિયાંની રજાઈની ખોળ બનાવી શકાય. (૯) ફાટી ગએલા કોટના કાપડમાંથી નાનાં છોકરાંઓની બેથી ત્રણ બંડીઓ બની શકે અલબત્ત કોટનું કપડું વચ્ચેથી ફાટ્યા વગરનું અને તેનાં રંગરૂપ આંખને ગમે તેવાં હોવાં જોઈએ. (૧૦) ભાંગી ગએલી માટલી અથવા ઘડાનો કાંઠલો હોશિયારીથી કાઢી લીધો હોય તો ઢોકળાં કરવા માટે એક સારામાં સારૂં સાધન મળી શકે. (૧૧) અને માટલીનો નીચેનો ભાગ અરધેથી કાઢી લીધો હોય તો સાકરરોટલી અથવા રસરોટલીના જમણમાં ઉપયોગી એવી મોટી બેવડી રોટલી બનાવવાનું સાધન થઈ શકે. (૧૨) કોઈકોઈ વખતે ભાત જેવી વસ્તુ વધી પડે છે. તેવા ભાતમાં જરા મીઠું અને જીરૂં ભેળવી સૂકવી નાખવાથી, એ સુકાઈ ગએલા ભાતને જ્યારેજ્યારે જરૂર પડે ત્યારે તળીને ખાવાના ઉપયોગમાં લઈ શકાય. (૧૩) સળગી ચૂકેલી દીવાસળીને સંઘરી રાખીને ઉપયોગમાં લેવી; જેમકે સ્ટવ સળગતો હોય તો તેની ઉપર સળગી ચૂકેલી સળી સળગાવીને સગડી પેટાવી શકાય. એવી રીતે એક જ સળી લગભગ આખી બળી રહે ત્યાં સુધીમાં ચાર વખત યા તેથી પણ વધુ વખત કામ આવી શકે. (૧૪) દીવાસળીઓનાં ખાલી ખોખાં પણ સંઘરવાં જોઈએ. આ ખોખાં દંતમંજન અથવા સૅમ્પલો વગેરેનાં પૅકિંગ કરવામાં વાપરી શકાય. ખોખાં ઉપર આપણા નામનું છાપેલું લેબલ વગેરે લગાડવું પડે. (૧૫) ભાતનું ઓસામણ કપડાં ઉપર આર ચડાવવાના કામમાં આવી શકે છે.

મહીપતરામ હીરજીભાઈ તરફથી

૧. કાગળનો બચાવ: (अ) દરેક શાળામાં કાગળને બદલે સ્લેટનો ઉપયોગ કરવો. (ब) કાગળની બંને બાજુ વાપરવી. (क) બને તેટલા ઝીણા પણ સુવ્યવસ્થિત અને સ્પષ્ટ અક્ષરોથી લખાણ લખવાની ટેવ પાડવી. (ड) કૅલેન્ડરના દટ્ટાનું દરરોજ ફાડવામાં આવતું પાનું નકામું ગણી ફેંકી ન દેતાં તેની બીજી બાજુ બને તો વપરાશમાં લેવી. (इ) વર્તમાનપત્રો કે માસિકોનાં રેપરો ઉતાવળથી જેમતેમ કાડી ફેંકી ન દેતાં સાચવી ઉખાડી લઈ તેની પાછલી બાજુનો વપરાશ કોરા કાગળ તરીકે કરવો. (फ) વર્તમાનપત્રોની આસપાસની ખાલી જગ્યા નાના વેપારીઓ કે વિદ્યાર્થીઓ હિસાબી આંકડા માટે વાપરી શકે. (ग) સીગારેટનાં ખોખાંની બીજી બાજુ કોરા કાગળ તરીકે લખવાના કામમાં લેવી; (ह) એક વખત ઉપયોગ થઈ ગએલાં કવરોનો સરનામાં સિવાયની બીજી બાજુ સ્થાનિક બિલ કે ચિઠ્ઠી-ચપાટીમાં વાપરવી; (श) કાગળનો ટૂકડો ફેંકી ન દેતાં દેવતા પાડવાના કામમાં લેવો.

૨. ગ્યાસતેલનો બચાવ: (अ) ગ્યાસતેલવાળી કાકડી કે ગ્યાસતેલથી ભીંજવેલ છાણું દેવતા પાડવા માટે વાપરવાં નહિ, પણ જૂનાં

કરકસર

ત્રણેક વરસ પહેલાં ભુવનેશ્વરમાં એક સાહિત્યરસિક બંગાળી વિદ્યાર્થી જોડે દોસ્તી થઈ. અમે તેને 'કવિશ્રી' કહેતા. વિદાય વખતે મને થયું કે કવિશ્રીને મૈત્રીની કંઈક યાદ રહે તેવી ભેટ આપું. પરંતુ કોઈ યોગ્ય વસ્તુ ન મળવાથી સૂટકેસમાંથી સેલમની બનાવટનો હાથવણાટનો ધોતીજોટો કાઢી ભેટ આપ્યો.

એકાદ વરસ પછી મને જગન્નાથપુરીમાં તેમની મુલાકાત થઈ. તે વખતે કવિશ્રી પરણી ચૂકયા હતા હું તેમને માટે એક સુંદર રૂપાનું ગુલાબ લઈ ગએલો. કવિશ્રીએ ચાંદીનું ગુલાબ પાછું આપતાં કહ્યું કે ભેટ આપવી જ હોય તો ધોતિયાનો જોટો જ મોકલાવજો!

ચાંદીની વસ્તુ મૂકીને કવિશ્રી ધોતિયાની પસંદગી શામાટે કરે છે તે મને સમજાયું નહિ.

અમારી વાતચીત કવિપત્નીએ અંદર રહી સાંભળી હતી. હસતાંહસતાં તેમણે એક નાનું સરખું પોટલું લાવીને છોડ્યું, અને 'જુઓ આ રહી તમારી ભેટ' એમ કહી એક પછી એક કપડાનું વર્ણન કરી બતાવવા માંડ્યાં: 'સાડા ત્રણ વારનો બ્લ્યુ રંગનો નાઇટ-સૂટ; પોણા બે વારનો સફેદ લેંઘો; સવા વારની બ્રાઉન રંગની બંડી; પોણા વારનું સફેદ હાફપૅન્ટ; અર્ધા વારની સફેદ લંગોટ; એક તકિયાની ભરતવાળી ખોલ; અને એક નાનો રૂમાલ.

મને કાંઈ સમજાયું નહિ. કવિશ્રીએ સમજાવ્યું: ધોતિયાનો જોટો છએક માસ પછી ફાટ્યો હતો, તેમાંથી તેમનાં શ્રીમતીજીએ આ રંગબેરંગી સર્જન કર્યું હતું

બંગાળી સ્ત્રીઓની ગૃહકાર્ય-નિપુણતાનો પરિચય આ પરથી મળી શકશે. કવિશ્રીની આર્થિક સ્થિતિ એકંદરે બહુ સારી નથી. પરંતુ તેમની ગૃહવ્યવસ્થા પરથી કોઈ તે સમજી શકે જ નહિ. તદન ટૂંકા ખરચે કલાત્મક કરકસરવાળું વ્યવસ્થિત જીવન તેઓ જીવે છે.

હરકાદાસ બારાઈ

કપડાંના ડૂચા કે કાગળના રસ્તામાં ઊડતા નકામા અગર તો જંગલમાં થતા ઝીપટાનાં ડાંખળાંનો ઉપયોગ કરવો. (व) સ્ટવને બદલે દેશી ચૂલો ને પેટ્રોમૅક્સને બદલે ડબ્બો વાપરવો. (क) ગ્યાસતેલને બદલે ઠંડાં દીવેલનો ઉપયોગ કરવો કે જેથી આંખ બગડે નહિ કે દ્રવ્યનો વ્યર્થ વ્યય થાય નહિ. (ड) વાળુ, પથારી વગેરે કામો બને તેટલાં વહેલાં આટોપી લેવાં, જેથી નિરર્થક દીવો બાળવો ન પડે. (इ) હરીકેનને બદલે કોડિયાં કે ડબ્બો વાપરવાં. (फ) ઢોરને નિરૂપયોગી ઘાસ, રાડાં વગેરેનો ઉપયોગ કામચલાઉ પ્રકાશ લેવામાં કરવો. (ग) રાત્રે બને તેટલો ઝીણો દીવો રાખવો. જો બીલકુલ ન રખાય તો વધુ સારૂં જેથી ઘસઘસાટ ઊંઘ લઈ શકાય, તેમજ ચોકખી હવા શ્વાસોચ્છવાસમાં મળી શકે.

૩ દીવાસળીનો બચાવ: (अ) છાણું ભારી રાખવાની પ્રથા દાખલ કરવી. (व) એક જ દીવાસળી વડે ડબ્બો કે ટમટમ સળગાવી લઈ દેવતા પાડવો કે જેથી બીજી દીવાસળી બગડે નહિ. (क) દીવાસળી બાકસની સાથે ઘસતી વેળા જો સહેજ ટોપકું ખરી જાય તો નકામી ગણી ફેંકી ન દેતાં તેનો સંગ્રહ કરી ખાલી બાકસ ભરી રાખવી. તે સળીઓનો ઉપયોગ ભારેલાં છાણાંને અડકાડી કરવો. (ड) ચકમકનો ઉપયોગ કરતાં શીખવું. (इ) ચોમાસાની ઋતુમાં દીવાસળીની પેટી ભેજવાળી જગ્યામાં ખુલ્લી ન રાખતાં કપડાં કે રૂમાં લપેટી રાખવી. (फ) એક દિવસમાં ફકત એક જ દીવાસળી વાપરવાની ટેવ પાડવી.

૪ અનાજ દ્વારા દ્રવ્યનો બચાવ: ઘઉંને બદલે ધીમે ધીમે શરૂઆત કરતાં બાજરી ઉપર આવવાથી સાધારણ સ્થિતિવાળાં કુટુંબને ઘણો ફાયદો થશે. (अ) ઘઉં કરતાં બાજરીના ભાવમાં ઓછામાં ઓછો ૫૦ ટકા ફેર છે. (ब) થોડા ઘી વડે ચલાવી શકાય છે. (क) બીલકુલ ઘી ન હોય તોય ગરમાગરમ ખાઇ લેવાથી નુકસાન થતું નથી. (જો કે સહજ ગરમા બતાવે, પણ ટેવ પડવાથી ગમ્યા રહેશે) (ड) રોટલા બનાવવાથી સમય અને મહેનત સાથે બળતણનો બચાવ થાય છે. (इ) બદહજમી મટાડી પાચનશક્તિ વધારે છે (फ) જલદી પચી જાય છે. (ग) આંતરડાંનાં દર્દો થતાં નથી. (ह) દરેક જાતનાં પોષક તત્વો મોટે ભાગે બાજરીથી મળી રહે છે. (श) દાળ ભાત કે અથાણાની જરૂર રહેતી નથી ફકત રોટલો ને ચટણીથી પણ ચાલી શકે.

ગોરધનભાઈ દા. પટેલ તરફથી

(૧) ખોરાકની આ તંગીના વખતમાં બાવટો, બંટી અને ચેનો ગરીબોનો ખોરાક હોઈ મોટે ભાગે ગામડાંમાં ખૂબ વપરાય છે અને એ જલદીમાં જલદી પાકે એવું ધાન્ય છે. (૨) રૅશનિંગ કાર્ડથી મળેલા અનાજમાંથી પણ મૂઠીમૂઠી અનાજ દરરોજ જુદું કાઢી મૂકવું, જે ભવિષ્યની અડચણોમાં ઉપયોગી થઇ શકે. (૩) બાધાઆખડી, પુણ્ય કે સાંસારિક જમણવારો જેવા પ્રસંગે, અનાજનો નિરર્થક વ્યય કરવાનું માંડી વાળવું અથવા વસ્ત્રોને બદલે જેમ દેવને દોરાનો ધાગો ચડાવીને રીઝવી દેવામાં આવે છે, એવા રૂપમાં કરકસર કરવી. તહેવારોમાં પણ મોંનો બહુ ચટાકો ન રાખવો. (૪) નિત્યના ઉપયોગમાં અનાજ લેતી વખતે, સાફ કરતાં વેરાય નહિ, ધોતાં વ્યય થાય નહિ તેમજ ઓસામણમાં વહિ જાય નહિ એની ખાસ કાળજી લેવી. (૫) કોલસાની આજની તંગીમાં વહેરની સગડી વસાવી લેવી, કે જાતે બનાવી લેવી. એ વિષેનો લેખ 'કુમાર'ની માધુકરીમાં પણ પ્રકટ થઈ ગયો છે, ખોરાક પકવ્યા પછી કોલસાને બુઝાવી નાખવાની ટેવ રાખવી. (૬) દીવાસળીની મોંઘવારીમાં લાઈટર (Lighter)નો પરાધીન શોખ કેળવવા કરતાં, રૂનું શોઈતું બનાવીને, ચકમકપથરીથી અગ્નિ પેદા કરી લેવાની આપણી જૂના જમાનાની રીતને અપનાવવી. (૭) બોયાં (ભીંડી ઉતારી લીધા પછીનાં શણિયાં) ને ફાડી, વેંત વેંત જેટલા તેના ટુકડા કરી, તેની અસંખ્ય સળીઓ બનાવ્યા પછી, માટીના વાસણમાં થોડો ગંધક ગરમ કરીને, ઉપરની તૈયાર કરેલી સળીઓનાં બંને બાજુનાં માથાં બોળી લ્યો અને સુકાયા બાદ તેનો ઉપયોગ કરો. દીવો પેટાવવા માટે પછીથી તો ચકમકથી પાડેલા એક તણખાથી યે કામ સરે છે. અગ્નિના તણખાને ગંધક બોળેલી સળી ચાંપવાથી, ગંધક સળગશે અને પછી સળી સળગશે. આ સળીઓને એક વખત ઉપયોગમાં લીધા પછી ફરીથી બળેલો ભાગ ગંધકમાં બોળીને બીજી વાર ઉપયોગમાં લઈ શકાય છે. (૮) ચહા છોડનારને ચહા, ખાંડ, દૂધ અને ગ્યાસતેલ એમ ચારનો બચાવ થાય છે. (૯) વસ્ત્રને થીગડાં મારીને પણ લાંબો વખત ચલાવવાની કાળજી રાખવી. (૧૦) મોંઘા સાબુને ઠેકાણે, ધોવાનાં કપડાં આગલી રાત્રે મીઠાના સહેજ ઘટ દ્રાવણમાં આખી રાત પલાળી મૂકો અને સવારે (સાબુ વિના) ધોઈ કાઢવાથી કપડાં સ્વચ્છ અને ઊજળાં થશે

'હ' તરફથી

(૧) પાણી પીવાનો કાચનો લાંબો પ્યાલો કે ગોળ કાચનો તૂટેલો સીસો લઇને, પ્યાલામાં બ્લેડનું પાનું ઘસી લઇને વાપરવાથી ઓછામાં ઓછું એ છ મહિના કામ આપશે. (૨) ઘરમાં વાપરવાનાં કપડાં ઓછાં કરવાં હવે તો સરકારી અમલદારો સારૂ પણ અરધું પાટલૂન (નીકર) અને ટેનીસ (અર્ધી બાંયનું ખમીસ) કચેરીમાં આવવાને પૂર્ણ પોશાક મનાયો છે. આ વિગત ધ્યાનમાં લેતાં આપણે ઘરમાં ૨૨–૨૪ કે ૨૬ ઇંચ પહોળી બાંયવાળા લેંઘા, કે બંગાળી ઢબનાં ઢીલાં પહેરણો કે પૂરા નવ વારિયાં ધોતિયાં વગેરે પહેરવાની કશી જ જરૂર નથી. (૩) માથે ટૂંકામાં ટૂંકા વાળ રાખવાથી તેલ કાંસકાનો ખર્ચ ઘણો ઘટે છે, ને તે પાછળ વપરાતો વખત પણ.

કૃષ્ણપ્રસાદ મ. અચાચી તરફથી

(૧) ઘઉંના લોટ કરતાં બાજરીનો લોટ અને ચોખાને બદલે બંટીના હાથે ખાંડેલા તાંદળા જો ખાવામાં આવે તો શરીરને ખૂબ જ પોષણ આપે. (૨) લૂગડાની કાકડી દીવેલમાં બોળી સળગાવવામાં આવે. (૩) કોલસા બુઝાવવામાં આવે તો તેનો બીજીવાર ઉપયોગ કરી શકાય. (૪) કોલસાની ભૂકી પણ નાખી ન દેતાં, છાણ સાથે ભેળવી, ગોળા વાળી, સૂકવી, બાળવાના ઉપયોગમાં લઇ શકાય. (૫) પડીકાંના કાગળો તથા તેના પર વીંટાળેલી દોરીઓ પણ નકામી સમજી ગમે ત્યાં ફેંકી ન દેતા, કાગળને પાણીમાં પલાળી, કૂટી, માવો કરી, સુંદર દોડિયાં બનાવાય અને દોરા શીવવાના કામમાં લઈ શકાય. એકવાર વપરાએલાં પરબીડિયા પર કોરા કાગળ ચોડી ફરીને ઉપયોગમાં લઇ શકાય.

'રવિ' તરફથી

(૧) વર્તમાનપત્રનાં રૅપર વચ્ચેથી ફાડયા સિવાય કાળજીથી ઉકેલી લેવામાં આવે અને સરનામાં તથા છાપવાળો ભાગ કાઢી લેવામાં આવે તો ફુલ્સકેપ ટ્રૅ જેટલા ટુકડા નીકળી રહે છે, જે લેખો, કાગળો, સરકારી કામનાં લખાણ વગેરે લખવામાં ચાલી શકે છે. (૨) ગામડાની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે બાળકો માટેની નોટબુકોનો પ્રશ્ન આ રૅપરો વડે સહેલાઈથી હું ઉકેલી શક્યો. ગામની લાયબ્રેરીમાં આવતાં છાપાંનાં રૅપરોના ઢગલા પર શાળાનાં બાળકોને કાતર, ચપ્પુ ને સોયદોરા સાથે કામે [illegible] અનેક નોટો તૈયાર કરાવી. આ [illegible] સફલ બનાવી ક્ષણજીવી કરવા [illegible] ખર્ચાળ બનાવી ચિન્મય કરી. બધાં [illegible]

પૂછીને બબ્બે પૈસા આપે તે નોટ લઈ જાય, એવું ઠરાવ્યું. બીજે દિવસે તો જોતજોતાંમાં પચાસે નોટો ઊડી ગઈ. ભેગા થએલા દોઢ રૂપિયામાંથી, શિક્ષણમાં રસ લેતા એક વેપારીને ત્યાંથી તદ્દન પડતર ભાવે સીસાપેન, બરૂ ને શાહી આણ્યાં. જે બાળક આ વસ્તુ ઘેરથી લાવવી ભૂલી જાય તેને શાળાસમય પૂરતી તે વસ્તુ આપવા માંડી. સીસાપેન ને બરૂ તો થોડાંજ હતાં, તેથી પહોંચી શકે તેમ નહોતું. પણ અક્કેકના ત્રણત્રણ કકડા કરવાથી બધાનો સમાવેશ સહેલાઈથી થઈ શક્યો છે.

બાળસમિતિએ હવે તો પાઠ્ય પુસ્તકોને ચડાવવાનાં પૂઠાં પણ આ સામયિક પત્રોનાં જ બનાવી, બ્રાઉન પેપરનો ખર્ચ પણ ટાળ્યો છે. તદુપરાંત વધતી જતી મોંઘવારીમાં, વધતો જતો પાઠ્ય પુસ્તકોનો ખર્ચ નિવારવા એવો વિચાર કર્યો છે કે જે બાળક જે વર્ગમાં પાસ થાય તે વર્ગનાં પુસ્તક જો તે શાળાને આપે તો તેને શાળા આગળનાં વર્ગનાં પુસ્તક આપે.

નવાં પુસ્તકો

દી.બ.અંબાલાલભાઈ (જીવન દર્શન) લેખક: નરહરિ દ્વારકાદાસ પરીખ; 'કુમાર'-ના ૨૨૮મા અંકમાં અમે જે ગ્રંથની ભલામણ કરતી નોંધ લખી હતી તે ગ્રંથમાં આપેલા, ગુજરાતના આ પીઢ અને મહાન ગુજરાતીના ચરિત્રને જુદું તારવીને, ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈની પ્રસ્તાવના, થોડાં પરિશિષ્ટ તથા એક નવા જ ફોટોગ્રાફ સાથે ૦-૧૨-૦ ની કિંમતે શ્રી રામકૃષ્ણ સેવા સમિતિએ પ્રકટ કર્યું છે. મળવાનું સ્થળ: શ્રી વિષ્ણુપ્રસાદ રતનરામ ઠાકોર. શ્રી રામકૃષ્ણ મિશન ગુજરાત સોસાયટી, અમદાવાદ.

બાગવાન: કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના 'ગાર્ડનર' ઉપરથી ગદ્યાનુવાદકો-રમેશ આર. ભટ્ટ (હનામદાર) અને દશરથ એમ. ગાંધી; સોલ એજન્ટ, નવચેતન સાહિત્યમંદિર, ભદ્ર અમદાવાદ ૧-૪-૦.

શ્રી નાથચરિતામૃત (દ્વિતીય પ્રવાહ) શ્રીમણ્ણુરામ શર્માનું જીવનચરિત્ર: લેખક-શ્રી માણેકલાલ નાનજી ચંદારાણા, પ્રકાશક-વ્યવસ્થાપક ટ્રસ્ટી મંડળ આનંદાશ્રમ, બીલખા (કાઠિયાવાડ), પડત મૂલ્ય ૧-૧૪-૦; વેચાય છે અરધા મૂલ્યે ૦-૧૫-૦.

दर्शन–चित्रण (सचित्र) હિંદી ભાષામાં: મૂળ લેખક-એલ. એ. ડાઉન્ટ; અનુવાદિકા-શ્રી રત્નકુમારી, એમ. એ., પ્રકાશક-વિજ્ઞાન પરિષદ અલાહાબાદ; કિંમત જણાવી નથી.



પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું [૫]

સળગતા તારાના રૂપમાંથી ઠરીને પૃથ્વીનું બંધારણ ઘટ્ટ થયા બાદ, આજથી ત્રણ કરોડ વર્ષ પર તેના ઉપર પહેલવહેલી જીવસૃષ્ટિ પ્રકટી. ત્યારથી માંડીને તેનો વિકાસ ઉત્તરોત્તર જે રૂપમાં થતો આવ્યો છે તેના ક્રમવાર જુદાજુદા યુગ વૈજ્ઞાનિકોએ પાડ્યા છે. એવા સાત પ્રકારના યુગની સમજણ આપણે ગયા હપતા સુધી જોઈ ગયા.

હવે ઉપલા ચિત્રથી આપણે, આજથી સાઠ લાખ વરસ પર થઈ ગએલા ૮મા જ્યુરાસિક નામના એક ઘણા અગત્યના યુગનો પરિચય કરીએ છીએ. એ યુગમાં પેટે ચાલનારાં તેમજ પગે ચાલતાં કરોડવાળાં રાક્ષસી પ્રાણીઓ (ડીનોસૉર્સ) તેમના પૂર બહારમાં પૃથ્વી પર ફાલતાં હતાં તેમાં 'ડિપ્લોડોકસ' નામનાં પ્રાણીઓ તો એકાદી નાની શેરી જેવડાં લાંબાં હતાં! આ યુગની જીવસૃષ્ટિ જેવા ભયંકર ને વિચિત્ર દેખાવના જીવો પૃથ્વી પર કદિ પ્રકટ્યા નથી. એમાંના કેટલાક વનસ્પતિ-જીવી હતા ને કેટલાક માંસાહારી. દરિયામાં જંગી મગરો થતા, ને 'હવાઇ રાક્ષસો' નામની મહાકાય ઊડતી ગરોળીઓ ઠેરઠેર ઊભરાતી. આ યુગના અંત ભાગમાં 'આર્કીઓપ્ટેરિક્સ' નામનું પહેલવહેલું પંખી પ્રકટ્યું. તે લગભગ કાગડાના કદનું હતું ને તેની પાંખો પર નહોર હતા! વનસ્પતિમાં શંકુ-આકારી ફળોવાળાં ઝાડ, દેવદારૂ અને હંસરાજ ચાલુ હતાં. જુદાજુદા યુગનાં આ બધાં જીવ-પ્રાણી-વનસ્પતિનાં રૂપ, આકાર ને કદની માહિતી, લાખો વરસ પર ખડકો ને કોલસાના થરો વચ્ચે 'ફૉસિલ' રૂપે દટાઇને તેમના જે આકાર છપાઈ રહેલા મળી આવે છે તેના આધારે યોજવામાં તથા આલેખવામાં આવી છે. (ચાલુ)

(COURTESY: WORLD OF WONDER)

[અનુસંધાન પૃ. ૨૦૦થી] એના મોંની રેખાઓ કહી રહી હતી.

પાનનો ડૂચો ઠાંસીને શામજી આસ્તે કદમ આગળ વધ્યો. ડાબી બાજુ દશેક ફૂટ દૂર જ એક ઢોળાવ ઉપર થઈને મુખ્ય રસ્તે ચડાતું હતું, છતાં ઈચ્છાપૂર્વક એ છોડીને શામજીએ રિવર્સિંગબાથ તરફનો લાંબો રસ્તો પસંદ કર્યો. અને એ લાંબુ અંતર કાપવામાં, વચ્ચે બેસીને ભેળ અને પાણી-પુરી ફડાવી રહેલ ટોળાંઓ પાસેથી શામજીને પાનના ડૂચા-ભર્યું મોંએ જે રસ્તો માગવો પડ્યો, એ ક્રિયાઓ દરમ્યાન પોતે પાન ખાધું હોવાની જે બહોળી જાહેરાત થઇ, એને ખાતર તો શામજીએ આથી સાતગણું અંતર પણ કાપી નાખ્યું હોત.

રિવર્સિંગ બાથના પગથિયેથી મુખ્ય રસ્તા ઉપર જઈને શામજીએ એ જ આસ્તે કદમ ગતિએ ચાલવા માંડ્યું.

મોંમાં મૂકેલ મસાલાઓના પડીકાને ઓગળવાની તૈયારી હતી. પણ શામજી ઈચ્છતો હતો કે એ સુખદ ક્ષણો હજી લંબાય તો સારૂં. એલચી અને બીજી સુગંધી વસ્તુઓ વધારે વખત મોંમાં રહે. . . .ને માટુંગાની ગજલમાં ઉતારવી પડેલી પનોતી કૈંક વસૂલ થાય.

ચોપાટીની આખી પાળ અત્યારે એકાએક બબ્બે ત્રણત્રણ ફૂટ ઊંચી થઈ ગઇ હોય એવો આભાસ લાગે એટલાં માણસો અત્યારે એ પાળ ઉપર બેઠાં હતાં. અને જમણી બાજુના ગલોફામાં જ પાનનો ડૂચો ગોઠવવામાં શામજીએ કેટલી આગમમતિ વાપરી હતી ! ડાબી બાજુ તો રેલ-પાટાને રક્ષતી લોઢાની વાડ જ છે કે બીજું કાંઈ?

જમણી બાજુના બધા જ ટ્રાફિકને, એકલપંડે અને બે પંડે બેઠેલા સહેલાણીઓને, સહુને પોતે આ પાન ખાધું હોવાની હકીકત કહેતો-કહેતો શામજી હજી ત્રીશેક ડગલાં માંડ વધ્યો હશે ત્યાં જ સામેથી આવતા શેઠનો અવાજ કાનમાં પડ્યો:

'કાં એલા ? ક્યાં રખડે છ ? પછી ભોઇવાડાના ને લુહાર ચાલના ને ભૂલેશ્વરના બિલનું તો—'


શામજીને તે દરમ્યાન જીભને છૂટી કર્યાં વિના છુટકો જ નહોતો. એણે ડાબી બાજુ જોઈને, કૃપણતાપૂર્વક અણઓગળ્યા અકબંધ રાખેલા મોંઘા મસાલાઓ નિર્દય બનીને થૂંકી નાખ્યા !

અને ભોઈવાડા અને ભૂલેશ્વરના બિલ વિષે અને માટુંગેથી મોડા થવા વિષે શામજીના મશાલા વિહોણા મોંએ જે ખુલાસો આપ્યો એમાં એલચી લવીંગ કે સુગંધી સોપારીના એક્કેય મશાલાની મ્હેક હોય ખરી ?


ચુનીલાલ મડિયા

કસોટીના જવાબ

(૧) ત્રણ જ જણ હતા: દાદો બાપ અને દીકરો. તેમાં બાપ એ બાપ પણ ખરો ને દીકરો પણ ખરો. (૨) જમણી બાજુ બતાવેલી આકૃતિ મુજબ



(૩) એકકેય કાંડમાં નહિ; વાલીને સુગ્રીવે નહિ, પણ રામે માર્યો હતો. (૪) જુલે વર્ને. (૫) નવ. (૬) ડાબી બાજુ બતાવેલી આકૃતિ મુજબ.



(૭) કદિ નહિ. સ્ટીમર અને તેની સાથેની નીસરણી બંને પાણી ઉપર તરતાં જ હોવાથી તે પાણી ભરતીનાં પાણી ચડવા સાથે અદ્ધર જ ચડતાં રહે. એટલે નીસરણીનાં પગથિયાં ડૂબવા પામે જ નહિ.

લ વીં ગિ યા ની લૂ મ

એક માણસની એક ખારેકની અને એક બદામની એમ બે કોથળી ખોવાઇ. તેણે જાહેર કર્યું કે કોથળીઓ જડશે તો પોતે દરેકમાંથી અરધી ખેરાત કરશે. ભાગ્યવશાત્ બંને કોથળીઓ મળી આવી, ત્યારે એણે ખારેકના ઠળિયા અને બદામનાં છોડિયાં દાનમાં આપી દીધાં !

ટ્રેનમાં એક ગામડિયા જેવાએ પાસે બેઠેલા કોઈ ગૃહસ્થ મુસાફરને પોતાની ટિકિટો બતાવી પૂછ્યું: 'આ બેમાંથી રીટર્ન ટિકિટ કઇ?'

પેલાએ એને રીટર્ન ટિકિટ કાઢી બતાવી, એટલે ગામડિયાએ એ લઇને બારીમાંથી બહાર ફેંકી દીધી !

'કેમ ફેંકી દીધી ?' પેલા ગૃહસ્થે પૂછ્યું.

'મારે પાછા તો જવું નથી; એટલે શા કામની ?'

'તો પણ લીધી'તી શા માટે ?'

'ટિકિટ માસ્તરે કહ્યું કે સસ્તી પડશે, તેથી !'

અમેરિકાથી આવેલા પોતાના મિત્રને એક અંગ્રેજ લંડનમાં ટ્રફાલ્ગર સ્કવૅર જોવા લઈ ગયો; ત્યાં ઊંચા સ્તંભ પર નેલ્સનનું બાવલું જોઈ તેણે પૂછ્યું: 'પેલો એટલે ઊંચે તમે કોને ઊભો કર્યો છે ?'

'એ નેલ્સન છે.' અંગ્રેજે કહ્યું.

'એ વળી કોણ ?' અમેરિકને પૂછ્યું.

'કેમ ? એણે તો અમારા ઈંગ્લાંડને આજની સ્થિતિ પર આણ્યું છે.'

'અરેરે; બહુ ખરાબ આ તો. એ એક જ માણસ ઉપર એ આખા દેશનો ટોપલો તમે લોકો ઢોળો છો એ તો ઘણું ખરાબ !'

ચોરીના આરોપસર ખડા કરેલા માણસને મૅજિસ્ટ્રેટે પૂછ્યું: 'આ માણસે પોતાની ઘડિયાળ કળવાળા અછોડા વડે પોતાના કોટમાં જકડી હતી, છતાં તેં એ કેવી રીતે કાઢી લીધી ?'.

'એ શીખવવાના તો હું પચાસ રૂપિયા લઉં છું, સાહેબ.' ચોરે જવાબ દીધો.

એક અમેરિકન ડંફાસ મારતો હતો : 'અમારા દેશમાં એવા એવા ઊંચી કોટિના રેડિયો સેટ થાય છે કે બોલનારના હૃદયના ધબકારા સુદ્ધાં સંભળાય !'

એ સાંભળી એક સ્કૉચમૅને છાંટી: 'પણ મારે ત્યાંનો રેડિયો તો એટલો પાવરફુલ છે કે કાલે મેં ઇજિપ્ત સાંભળવા સ્વિચ ફેરવી, તો ત્યાંના રણના તોફાનની રેતીથી મારો આખો ઓરડો ભરાઈ ગયો !'

નવો પરણેલો (પોતાની સ્ત્રીને)— તેં આ શાક તો આથી ચારગણું કર્યું હોત તો બહુ સારૂં થાત.

નવોઢા (ફુલાઇને)—કેમ, એટલું બધું સરસ થયું છે ?

પતિ—ના રે; હું તો, એમાં તેં જે મીઠું નાખ્યું છે તેના પ્રમાણ પરથી કહું છું.

ભાનભૂલા ભીમજીભાઈએ 'સંદેશ'ના તંત્રીને નીચે મુજબનો પત્ર લખ્યો : 'સાહેબ, મારી ઘડિયાળ ખોવાઈ ગઈ હતી. તેથી તમારા પત્રમાં મેં જાહેરખબર આપેલી. બે દિવસ બાદ મારા બીજા કોટના ગજવામાંથી મારી ઘડિયાળ મળી આવી છે. તમારા પત્રને મારૂં અભિનંદન છે. ખરેખર, જાહેરખબર કરેલી નિષ્ફળ નથી જતી !'

દુકાનમાંથી એક ભાઈ રૂઆબથી નીચે ઊતરતા હતા તેને અટકાવીને બીજાએ નમ્રતાથી પૂછ્યું 'આપનું નામ હીરાચંદ પાનાચંદ છે ?'

'ના, કેમ ?' પેલાએ તોછડાઈથી કહ્યું.

'જી, કાંઇ નહિ; એ નામ તો મારૂં છે, પણ આપ એ નામવાળી છત્રી આપની સાથે લઈ ચાલ્યા છો !'

એમ કહીને એણે ચક્રધરને કહ્યું, 'હે મિત્ર, મને આજ્ઞા દે, જેથી હું ઘેર જાઉં.' ચક્રધર કહે, 'ભદ્ર, સંકટ સારુ થઈને ધન તથા મિત્રનો સંગ્રહ કરાય છે. તો પછી મને આ દશામાં તજીને તું ક્યાં જઇશ?' સુવર્ણસિદ્ધિ કહે, 'સાચું, પણ તને છોડાવવાની મારામાં શક્તિ નથી. બીજું વેદનાને લીધે થયેલો તારો મુખવિકાર જેમ જેમ જોઉં છું, તેમ તેમ એમ થાય છે કે ઝટ જાઉં જેથી મને પણ કાંઈ અનર્થ ન થાય. કહ્યું છે કે,

'જેવી જ વદનચ્છાયા તારી દેખાય વાનર।
વિકાલે છે તને ઝાલ્યો જે ભાગે તે જ જીવશે॥'

ચક્રધર કહે, એ કેમ ? તે બોલ્યો:

કથા ૧૦

ાઇ નગરમાં ભદ્રસેન નામે રાજા વસતો હતો. એને સર્વલક્ષણ-સંપન્ન રત્નવતી નામે કન્યા હતી, તેનું હરણ કરવા એક રાક્ષસ ઇચ્છતો હતો, પણ ચોકીપહેરાને લીધે એનું કાંઇ ચાલતું નહોતું. એક વાર રાક્ષસ ઘરખૂણે ઊભો હતો, ત્યાં રાજકન્યાએ સખીને કહ્યું: 'સખી, જો, આ વિકાલવેળાએ મને નિત્ય પજવે છે. એ દુરાત્માને રોકવાનો કોઇ ઉપાય છે?' આ સાંભળીને રાક્ષસે વિચાર કર્યો: 'જેમ હું તેમ બીજો કોઇ વિકાલ નામનો આનું હરણ કરવા આવે છે; એટલે ઘોડા વચ્ચે ઘોડાનું રૂપ ધરી હું જોઉં કે એનું રૂપ ને પ્રભાવ કેવાં છે.' આમ રાક્ષસ ઘોડો થઈને ઊભો ત્યાં મધરાતે કોઇ ઘોડા-ચોર આવ્યો. એણે બધા ઘોડા જોયા તો રાક્ષસ એને બધા ઘોડામાં ઉત્તમ લાગ્યો; તેથી એ તેના ઉપર ચડ્યો. રાક્ષસને થયું, કે 'આ વિકાલ મને ચોર જાણીને મારવા આવ્યો છે, એટલે હવે કરવું કેમ?' આમ વિચાર કરે છે ત્યાં તો ચોરે એના મોઢ માં લગામ નાખીને ચાબૂક માર્યો, એટલે ભયભીત થઈને એણે દોટ મૂકી. દૂર ગયા પછી ચોરે લગામ ખેંચીને એને ઊભો રાખવા માંડ્યો, તેમ તેમ એણે તો વધારે વેગ કર્યો, ને ઊભો ન રહ્યો, એટલે ચોરે વિચાર્યું: 'ઘોડા આમ ખેંચેલી લગામને ગણકારે નહિ એવા ન હોય. આ કોઈ અશ્વરૂપી રાક્ષસ હશે. એટલે જો ધૂળવાળો પ્રદેશ આવે તો ત્યાં પડતું મૂકું. નકર આજ જીવ જ જાય એમ છે.' આમ વિચારે છે ને ઇષ્ટદેવતાનું સ્મરણ કરે છે ત્યાં ઘોડો એક વડ નીચે આવ્યો, એટલે ચોર ઝાડની ડાળીએ વળગી પડ્યો. આમ છૂટા પડેલા બેયને પરમઆનન્દ થયો. એ વડ ઉપર રાક્ષસનો મિત્ર એક વાનર રહેતો હતો. એણે ત્રાસ પામેલા રાક્ષસને જોઈને કહ્યું, 'મિત્ર, ખોટા ડરથી આમ શું પલાયન કર્યું? આ માણસ તો તારું ખાજ છે.' વાનરનું વચન સાંભળી સ્વરૂપ ધારણ કરી રાક્ષસ લથડતો લથડતો પાછો વળ્યો. વાનરે આને બોલાવ્યો છે એમ જાણી ચોરે વાનરની લટકતી પૂછડી



ત્યાં ઘોડો એક વડ નીચે આવ્યો, એટલે ચોર ઝાડની ડાળીએ વળગી પડ્યો.

મોઢામાં લઈને ચાવવા માંડી. એને રાક્ષસથી પણ બીજો જાણીને વાનર કાંઇ બોલ્યો નહિ, પણ પીડાનો માર્યો આંખ બંધ કરી ગયો. એને એ દશામાં જોઈને રાક્ષસે આ શ્લોકનો પાઠ કર્યો:

'જેવી જ વદનચ્છાયા તારી દેખાય વાનર ।
વિકાસે છે તને ઝાલ્યો જે ભાગે તે જ જીવશે ॥'

તથા નાઠો. એટલે હું જાણું છું, અને તું અહિં રહીને લોભવૃક્ષનું ફળ ખા.' ચક્રધર કહે, 'એમ નથી. માણસનું શુભ અશુભ દૈવને લીધે થાય છે.' એમ કરીને એણે સુવર્ણસિદ્ધિને કેટલીક વાર્તા કીધી તે સાંભળીને સુવર્ણસિદ્ધિ ઘેર આવતો રહ્યો:

(ચાલુ)

દેસાઈ વાલજી ગોવિન્દજી

હાથની લીલા

હાથ એ મનુષ્યદેહમાં આંખ પછીનું કદાચ સૌથી વધુ મહત્ત્વ અને ઉપયોગનું અંગ છે; અને તેથી જ તેને વિષેના તથા તેની ક્રિયાઓને લગતા રૂઢિપ્રયોગો આપણી ભાષામાં વધારેમાં વધારે છે. આ નીચે તેમાંના બન્યા તેટલા શોધીને આપ્યા છે. તેમાં રહી ગયા હોય તે શોધી મોકલવા વાચકોને આમંત્રણ છે.

હાથ આપવો (દેવો)-મદદ કરવી.

હાથ ઉઠાવવો--અધિકાર છોડી દેવો.

હાથ ઉપાડવો-મારવાને યુક્ત થવું, મારવું.

હાથ કાપી આપવા-લેખિત કબૂલત દેવી.

હાથ કાળા કરવા-કલંકિત કામમાં ભળવું.

હાથ ખંખેરવા-આશા છોડવી; ફારગ થવું.

હાથ ખેંચી પકડવો-કરકસર કરવી.

હાથ ઘસવા-પસ્તાવો કરવો.

હાથ ચલાવવો-મારવું; ઝડપથી કામ કરવું.

હાથ ચાટવા-લાલચુ થવું.

હાથ ચોખ્ખો હોવો-પ્રામાણિક હોવું.

હાથ છુટ્ટો હોવો-ઉદાર હોવું; (૨) ખરચાળ હોવું; (૩) મારવાની ટેવ હોવી.

હાથ જામવો (બેસવો)-આવડત આવવી.

હાથ જોડવા-થાકી, કંટાળી કે હારી જવું.

હાથ જોવો-શક્તિ માપવી.

હાથ ઝાલવો-મદદ કરવી.

હાથ ટાઢા કરવા-સુખનો લહાવ લેવો.

હાથ ઠારવા-તૃપ્તિ અનુભવવી.

હાથ દાઝવા-કડવો અનુભવ થવો.

હાથ દાબવો-લાંચ આપવી.

હાથ દેખાડવો (બતાવવો)-બો ભુલાવે તેવી શિક્ષા કરવી; (૨) શક્તિનો પરચો બતાવવો.

હાથ (આડા) દેવા-વચ્ચે પડવું.

હાથ ધોઇ નાખવા-નિરાશ થઇ જવું; (૨) જવાબદારી છોડી દેવી.

હાથ નાખવો(ઘાલવો)-કોઈ બાબતમાં વચ્ચે પડવું;(૨)લૂંટવું(જેમકે આબરૂ પર હાથ નાખવો); (૩) સ્ત્રીઓની કૂટવાની ક્રિયા.

હાથ પહોંચતો હોવો-પૈસાની છૂટ હોવી.

હાથ ફેરવી જવો(હાથફેરો કરવો)-ચોરવું.

હાથ બાંધવા-કામ કરતાં અટકાવી રાખવું.

હાથ બાળવા-આગોતરી કબૂલત આપવી.

હાથ ભારે હોવો—ઇજા પહોંચે કે ખરાબ કામ થાય તેવી ઊણપ હોવી.

હાથ ભરવા-લાંચ આપવી.

હાથ ભીડમાં હોવા-પૈસાની તંગી હોવી.

હાથ મારવો-સારી પેઠે પડાવવું, ખાવું; (૨)ચોરવું; (૩)તરવામાં હાથથી પાણી કાપવું; (૪) પતંગ ચડાવવામાં, સ્ત્રીઓના કૂટવામાં કે સૂપડા વડે ઝાટકવામાં હાથની ક્રિયાઓ કરવી તે;(૫)રંગ-રોગાનનો પટ આપવો.

હાથ લાંબો કરવો-મદદ કરવી.

હાથ લાગવું-મળી આવવું.

હાથ વળવો-ટેવાતા જવું.

હાથ સારો હોવો- પ્રવીણ હોવું.

હાથહલકો હોવો-કોઈ કામમાં લાઘવ હોવું.

હાથ હાંલ્લાં લેવાં-નાસી જવા જેવી વિષમ વેળા આવવી.

હાથ હોવો-સામેલ હોવું.

હાથ હેઠા પડવા-નિષ્ફળ જવું; આધાર ગુમાવવો; હિંમત હારી જવી.

હાથ મૂકવા દેવો-કોઇ બાબતમાં પ્રવેશ થવા દેવો, સમજણ કે પત્તો લાગવા દેવાં.

હાથ ચીકણો કરવો-ખાટવું, ખટાવવું.

હાથ મૂકવો—પોતીકું કરવું.

હાથોહાથ કરવું-સહકારથી કરવું.

હાથચાલાકી કરવી-છેતરવું.

હાથ મોં ભણી વળવો-પોતાનો સ્વાર્થ પહેલો સાધવો.

હાથકંકણ ને આરસી-પ્રત્યક્ષ કે વિખ્યાત વસ્તુને ઓળખાવવા નીકળવું.

હાથવેંતમાં-તદ્દન નજીકમાં; સરળ હોવું.

હાથમાં ચાંદ બતાવવો-ભોળવવું

હાથતાળી દેવી-છટકી જવું, છેતરવું.

હાથ ખેંચી લેવો-મદદ કરતા બંધ થઇ જવું; પ્રવૃત્તિમાંથી મુક્ત થવું.

હાથપગ-મોટા આગત્યના મદદગાર.

હાથપગ ગળી જવા-હોશ જતા રહેવા.

હાથપગ જોડીને બેસવું-મહેનત કર્યા વિના આળસુ બની રહેવું.

હાથપગ ધોઇને પાછળ પડવું-મચ્યા રહેવું.

હાથ ભાંગી જવા-કામ કરવાની દાનત ન હોવી, કંટાળો હોવો.

હાથપગ ભાંગી જવા-આધારહીન થઈ જવું.

હાથપગ હલાવવા-ઉદ્યમ કરવો.

હાથ પર(માં)લેવું-કામ કરવાનું માથે લેવું; (૨) કામ શરૂ કરવું; (૩) કોઇને પોતીકો કરવો.

હાથ રસ ઉતારવો (લેવો)-માર મારીને સંતોષ લેવો.

હાથથી જવું-વંઠી જવું, કાબૂ બહાર જવું,

હાથની ચળ ઉતારવી-વગર કારણે માર મારવો; નિરૂદ્દેશ કામ કરવું.

હાથનું પોલું-ઉડાઉ.

હાથમાં રહેવું-કબજામાં રહેવું.

હાથલાકડી-આધાર, ટેકો.

હાથેપગે લાગવું-આજીજી કરવી.

હાથ છૂટી બલા થઈ જવી-વગર વિચાર્યે કે ક્રોધમાં ઘા કરવો--મારવું.

હાથઘરણું-લગ્ન સમયનો ચાંલ્લો.

હાથધોણું-ચાપચા, મરડા કે કૉલેરાના ઝાડા. (વારંવાર હાથ ધોવા પડે તે પરથી).

હાથમુચરકા-જામીનગીરીનું લખાણ.

હાથનો ખેલ હોવો-અત્યંત સહેલું લાગવું, રમતવાત હોવી, અસાધારણ કાબૂ હોવો

વડોદરામાં સાહિત્ય પરિષદ સંમેલન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનનું પંદરમું અધિવેશન વડોદરા ખાતે આવતા ડિસેમ્બર ૧૯૪૩ માસની તા. ૨૫-૨૬-૨૭(શનિ-રવિ-સોમ) ના દિવસોમાં ભરવાનું નક્કી થયું છે. તે માટેના નિબંધો તા. ૧૫-૧૨-૪૩ સુધીમાં મળી જાય એ રીતે લખી મોકલવાનું પ્રતિનિધિઓને આમંત્રણ છે. ઉપરાંત આ અધિવેશન દરમ્યાન સાહિત્યવિષયક કલાઓનું એક 'ગુજરાત કલા પ્રદર્શન' ભરવાનું પણ યોજવામાં આવ્યું છે. જેની વિગતો 'શ્રી વસંત એલ. દેવકર, મંત્રી, C/o મ્યુઝિયમ કચેરી, કમાટીબાગ, વડોદરા' એ સરનામેથી મંગાવી લેવી.

પારીસથી કરાચી

વીસ દિવસમાં સાત દેશોના કરેલા પ્રવાસનું રોચક વર્ણન

લેખક
ખ્વાજા અહમદ અબ્બાસ

અનુવાદક
ઈમાદુદ્દીન દરગાહવાળા

[`બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રીખાતાના અંગભૂત, નામી હિંદી પત્રકાર, લેખક ને વિવેચક, ખ્વાજા અહમદ અબ્બાસ ની રંગદર્શી કલમે આલેખાએલો આ રસભર પ્રવાસ-અહેવાલ, તેમની રસિક પ્રવાસડાયરીના અંતિમભાગનાં થોડાંક પૃષ્ઠોનો અનુવાદ છે. એમણે એમાં પોતાની વિશિષ્ટ શૈલીએ પારીસથી કરાચી સુધીના ખુશ્કી માર્ગે કરેલા પ્રવાસનું બયાન કર્યું છે.]

પારીસ
૫મી નવેમ્બર ૧૯૩૮

સમુદ્રમાર્ગે તો સૌકોઇ હિન્દ પાછા ફરે છે. હું ખુશ્કીના રસ્તે જઈ રહ્યો છું. સાંજના છ વાગે પારીસથી ટ્રેન રવાના થઈ ભીડ વધારે ન હતી. એક ખૂણમાં સંકોચાઇને સૂઈ ગયો. રાતના બારેક વાગ્યા ત્યાં એક કર્કશ અવાજે જગાડી દીધો : 'હાઇલ હિટલર!'

મેં આંખો ઉઘાડી જોયું તો એક જર્મન ફોજી અફસર ગણવેશ પહેરી મૂછો પર તાવ દેતો ખોફનાક ઊભો છે, અને 'હાઈલ હિટલર', 'હાઈલ હિટલર'ના પોકાર કરી રહ્યો છે. વર્તમાન જર્મનીમાં પ્રત્યેક શખ્સના દિમાગ અને દરેક માણસની જીભ પર હિટલર સવાર છે. સલામ-અલેક, નમસ્તે, કુર્નિશના બદલે સૌને 'હાઈલ હિટલર' જ કહેવું પડે છે: જેનો અર્થ 'હિટલર ઝિન્દાબાદ' સમજો. હું 'હિટલર ઝિન્દાબાદ' શા માટે કહેત? મેં અફસરની સલામનો ઉત્તર 'મહાત્મા ગાંધીજી જય'થી વાળ્યો. તે સમજ્યો કે એ જ મારા દેશની પ્રથા હશે, એટલે કંઈ વાંધો લીધો નહિ અને પાસપોર્ટ જોવા માગ્યો. સામાનની તપાસ લીધી તો તેને ભારે નવાઇ લાગી કે મારી પાસે ઍટેશી કેસ (જેમાં થોડાંક ખમીસ, રાત્રે સૂવા માટેના બે પાયજામા અને લખવા વાંચવાની સામગ્રી હતી) અને ટાઈપ રાઈટર સિવાય કોઇ ચીજ જ નહોતી! મારો બાકીનો સામાન મેં કાર્ગો જહાજથી રવાના કરી દીધો છે, નહિતર આ રેલવે મુસાફરીમાં ભારે હાડમારી પડત.

લગભગ અર્ધાક કલાક પર્યંત ગાડી જર્મનીની સરહદ પર થોભેલી રહી, અને લશ્કરી અમલદારોએ ભારે સખ્તીથી અને અવિનયીપણે પ્રવાસીઓના પાસપોર્ટો તથા સામાનનું નિરીક્ષણ કર્યું. આ મુલ્કમાં પ્રવેશતાં જ જણાઇ ગયું કે અહીં લશ્કરી શાસન છે અને પરદેશીઓને ઘૃણા તથા તિરસ્કારની દૃષ્ટિએ જોવામાં આવે છે.

નાઝી શહેર

મ્યૂનિચ, ૬ઠ્ઠી નવેમ્બર

સવારે સાડા છ વાગ્યે ગાડી અહીં પહોંચી. મેં જર્મન ઇંગ્લિશ ડિક્શનેરીની મદદથી સ્ટેશનની હૉટેલમાં નાશ્તો કર્યો અને સામાન સ્ટેશન પર જ મૂકીને શહેર જોવા નીકળી પડ્યો. દરેક જગ્યાએ ધ્વજો, દરેક જગ્યાએ સ્વસ્તિક ચિહ્ન, દરેક જગ્યાએ હિટલરનાં ચિત્રો!

મ્યૂનિચ શહેર જૂનું પણ સાફસુથરું અને ખૂબસૂરત છે. રવિવાર હોવાના કારણે આજે શહેર પર નિ:શબ્દતા છવાએલી છે. ઠંડી સખત છે, પણ આકાશ સ્વચ્છ છે અને તડકો નીકળેલો છે. હજારો વર્ષોથી આ નગર જર્મન સંસ્કૃતિ અને કલાનું પારણું રહ્યું છે. અહીંની ઐતિહાસિક ઈમારતો, આર્ટ ગૅલેરીઓ અને બગીચાઓ જોવાલાયક છે. પરંતુ મ્યૂનિચ આજે નાઝી બર્બરિયતનું પારણું હોવાની હેસિયતે જાણીતું છે. મેં પેલી ભોંયરામાં આવેલી શરાબ-પીઠ જોઈ, જ્યાં હિટલરે પ્રવચનો કરી પોતાની નાઝી પાર્ટી સ્થાપી હતી. નાઝીઓએ આ શહેરમાં કેટલી યે વાર કત્લેઆમનું બજાર ગરમ કર્યું છે, અને પરમ દિને એવા જ કોઈ 'પરાક્રમ'ની યાદનો પ્રસંગ ઊજવવામાં આવનાર છે, એ જ માટે આખા શહેરને નાઝી ધ્વજો અને ચિહ્નોથી સજાવવામાં આવ્યું છે. પ્રત્યેક સ્થળે ગણવેશ પહેરેલા ફોજી અફસરો અને નાઝી પાર્ટીના સભ્યો અકડતા દૃષ્ટિગોચર થાય છે. હું એક આર્ટ ગૅલેરી જોવા ગયો. તે ચિત્રકલાના નાદર અને અપ્રાપ્ય નમૂનાઓથી ભરપૂર હતી, પરંતુ તેને જોનાર ત્યાં મારા સિવાય માત્ર એક જ બીજો માણસ હતો, જે શિકલથી યહૂદી ચિત્રકાર દેખાતો હતો.



આ વર્ણનમાં આવતા શહેરોમાં થઈને જતો પ્રવાસનો માર્ગ દર્શાવતો નકશો

હિંદી વિદ્યાર્થીઓ

ફરતોફરતો હું વિદ્યાર્થીઓની એક હૉસ્ટેલમાં જઈ ચડ્યો. અહીં તલાશ કરી થોડા હિંદી વિદ્યાર્થીઓને શોધી કાઢ્યા. પ્રથમ તો તેઓ ઉત્સાહથી મળ્યા, પરંતુ થોડાક વારમાં જ્યારે તેમને માલૂમ પડ્યું કે હું 'બૉમ્બે ક્રૉનિકલ'નો પ્રતિનિધિ છું, ત્યારે એ બધાને કોઈ ને કોઇ

કામ યાદ આવી ગયું ! એકે કહ્યું મારે પુસ્તકાલયે જવાનું છે; બીજો બોલ્યો : ક્ષમા કરજો, આપ એવા ખોટા દિવસે આવ્યા છો, જ્યારે મારે મારા પ્રોફેસર પાસે મળવા જવાનું છે, નહિતર આપને અવશ્ય શહેરની સહેલ કરાવત. બેત્રણ છોકરા રહી ગયા તે મારી પાસે હિટલર અને નાઝી શાસનની તારીફ કરવા લાગ્યા. જ્યારે મેં તેમના દૃષ્ટિબિન્દુનું ખંડન કર્યું અને હિટલરના અત્યાચારોનું વર્ણન કર્યું ત્યારે તેઓ ખૂબ ગભરાયા, અને કોઈ ને કોઇ બહાનું કાઢી ઊભા થઇ ગયા. મારા આ હમવતનોએ મને એકલો મૂકયા બાદ મેં કેટલાક અમેરિકન છાત્રો સાથે મેળાપ કર્યો. તેમાંના પણ કેટલાક હિટલરના સમર્થક હતા, પરંતુ એ જ કારણે તેમણે મારો બહિષ્કાર કર્યો નહિ બલ્કે દરેક રીતે મને સહાય કરી, અને સાથે આવી શહેર દેખાડયું.

સાંજે એક મોટર બસમાં પરાંની સહેલ કરવા ગયો. મ્યૂનિચની સમીપ જ એક પર્વત પર Berchtesgaden નામનું નાનું રમ્ય ગામડું છે. અહીં હિટલરનો પેલો બંગલો જોયો જ્યાં ચૅમ્બર્લેઈન સાહેબે જર્મન ખૂનખાર હાકેમ સાથે પેલી નામચીન સંધિ કરી હતી.

વીએના

વીએના, ૭મી નવેમ્બર

રાત્રે મ્યૂનિચથી રવાના થઈ સવારે વીએના પહોંચ્યો. એક જમાનામાં આ શહેર યુરોપની સૌથી મોટી સલ્તનતનું પાટનગર હતું. એ વખતે ઑસ્ટ્રિયાના શહેનશાહ અર્ધા યુરોપ પર શાસન કરતા. આજે ઑસ્ટ્રિયા હિટલરના જર્મનીનો એક પ્રાન્ત માત્ર છે. વીએના પર એ જ રીતે બર્લિનથી હુકુમત કરવામાં આવે છે, જેવી રીતે દિલ્હી પર લંડનથી ! વીએના પ્રાચીન ઐતિહાસિક ઇમારતોથી ભર્યું પડયું છે. કદમે કદમે વિરાટ મહેલો, શાનદાર ઇમારતો, બગીચાઓ, બાવલાંઓ અને બીજાં ઐતિહાસિક સ્મારકો નજરે પડે છે. હજી ગયા વર્ષ લગી દુનિયાના ખૂણેખૂણેથી પ્રવાસીઓ વીએનાને જોવા આવતા હતા. આ શહેરની અર્ધી વસ્તીનો આધાર એ પ્રવાસીઓના આગમન પર હતો. પણ જ્યારથી ઑસ્ટ્રિયા હિટલરે કબજે લીધું છે ત્યારથી પ્રવાસીઓની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી જઈ રહી છે. એ સિવાય દેશના આર્થિક જીવન પર પણ જર્મન મૂડીવાદીઓ અને જર્મન હુકુમતનું વર્ચસ્વ સ્થાપિત થઈ ગયું છે. ઑસ્ટ્રિયાની તે જ હાલત છે, જે યુરોપિયન હુકુમતોની એશિયાઈ અને આફ્રિકી વસાહતો તથા સંસ્થાનોની છે.

યહૂદી

વીએનામાં ઘણી દુકાનો બંધ પડેલી દેખાઈ. એના પર મોટાંમોટાં પોસ્ટર ચોડેલાં હતાં, જે પરથી જણાતું કે રાજસત્તાએ બળજબરીથી એ બંધ કરાવી દીધી હતી, કેમકે એના માલેક યહૂદી હતા. યહૂદીઓની થોડીક નાનીનાની દુકાનો હજી પણ છે, પરંતુ તેના ઉપર પણ પોસ્ટર લાગેલાં જ છે, જેમાં જર્મન નસલના શહેરીઓને તાકીદ કરવામાં આવી છે કે અહીં તેઓ કંઈ ખરીદે કે વેચે નહિ. હું જાણીબૂજીને એક યહૂદીની દુકાનમાં ચિત્રો ખરીદવા પેઠો જ્યારે બહાર નીકળ્યો ત્યારે એક ગણવેશ ધારણ કરેલા નાઝી નવયુવાને મને ઘણા જ કડક લહેજામાં ધમકાવવો શરૂ કર્યો. પરંતુ આપણો તો 'જબાને યાર મન તુર્કી (મારા મિત્રની ભાષા તુર્કી) જેવો ઘાટ હતો, એટલે મેં તો જર્મન શબ્દકોશ કાઢયો, અને તેને 'હું જર્મન ભાષા બોલી શકતો નથી' એવા શબ્દો કહીને છુટકારો મેળવ્યો.

સારાયે શહેરની સડકોને પડખે બન્ને તરફ ચાલનારા-ફરનારાઓના વિરામ માટે વૃક્ષોના છાંયડામાં પાટલીઓ પડેલી હતી આ પાટલીઓ પર પણ મોટામોટા સફેદ અક્ષરોમાં લખેલું હતુઃ 'ફક્ત આર્યન નસલ (લોહી) ના લોકો માટે.' બીજો કોઇ આ પાટલી પર બેસી શકતો નથી. મેં જોયું કે એક ઘરડી યહૂદણ, જે બજારથી શાકભાજી વગેરેનો ભારે થેલો ખભે લટકાવી ચાલી આવતી હતી તે થાકીને એક પાટલી પર બેસી ગઇ. તુરત જ એક સિપાઇએ આવી તેને ઉઠાડી મૂકી અને બૂરીરીતે ધમકાવી. મેં વિચાર્યું 'શું આ સુસંસ્કૃત યુરોપ ? શું આ જ જર્મન સંસ્કૃતિ ? હિંદુસ્તાનમાં અમે સ્પર્શાસ્પર્શ અને જાતપાતનાં બંધનોને દૂર કરવાનો યત્ન કરી રહ્યા છીએ, ત્યારે અહીં જર્મનીમાં નાઝી હુકુમત એ જ છૂતછાતને બીજે રૂપે અખત્યાર કરી રહી છે. એ તો મને ખબર જ છે કે નાઝીઓએ જર્મની અને ઑસ્ટ્રિયાના યહૂદીઓ પર કેવાકેવા જુલ્મો ગુજારેલા છે. એમને કત્લ કર્યા છે; જેલો યહૂદીઓથી ભરી દેવામાં આવી છે; એમને ઘરબાર વિનાના કરી દીધા છે; એમની દુકાનો અને કારોબાર જપ્ત કરી લેવામાં આવ્યા છે. પણ તે છતાંયે આ વૃદ્ધાનું પાટલી પરથી ઉઠાડી મૂકવું મને એક અસહ્ય જુલ્મ સમું લાગ્યું. વીએનામાં મેં ઘણાં નયનરંજક દૃશ્ય જોયાં. (ખાસ કરી શહેરની બહાર બાગોનો દેખાવ અતિ મનોહર છે), પરંતુ મેં નક્કી કરી લીધું કે હવે કદિ વીએના નહિ જાઉં, જ્યાં સુધી વૃદ્ધ યહૂદી સ્ત્રીઓને શહેરના માર્ગોના કિનારે પાટલી પર બેસવાની રજા નહિ મળે.

હંગેરી

બુડાપેસ્ટ, ૮મી નવેમ્બર

વીએનાથી બુડાપેસ્ટનું અંતર વધારે નથી. વીએનાથી સાંજના રવાના થયો અને રાતના નવ વાગ્યે હંગેરીના સૌથી મોટા નગર બુડાપેસ્ટ પહોંચ્યો. માર્ગમાં એક પ્રવાસીએ એક હૉટેલનું નામ બતાવી દીધું હતું. તત્કાળ ટૅક્સી કરી ત્યાં ગયો. પણ દાખલ થયા પછી માલૂમ પડયું કે બંદા તો શહેરના સૌથી મોટા અને મોંઘા હૉટેલમાં પહોંચી ગયા છે ! ત્રણ રાતનો ઉજાગરો હતો, એટલે આટલી મોડી રાતે બીજી કોઈ સસ્તી હૉટેલ શોધવાની હિંમત ન ચાલી. એક નાનો રૂમ (લગભગ રોજના દસ રૂપિયે) ભાડે લીધો અને ભોજન કરી, સ્વચ્છ નરમ બિછાના પર જે સૂતો કે વહેલા વાગે સવારના નવ !

બુડાપેસ્ટ વાસ્તવમાં એક નહિ પણ બે શહેર છે. ડાન્યૂબ નદીના એક તટ પર બુડા વસેલું છે, ને બીજા તટ પર પેસ્ટ. હંગેરીમાં વિશેષતઃ જિપ્સી લોકો આબાદ છે, જેની શીકલ–સૂરત ઘણે અંશે આપણા હિંદીઓને મળતી છે. ભોજન પણ આપણી માફક ચટાકેદાર હોય છે.

આ શહેરનું ચિડિયાઘર (ઝૂ) સમસ્ત વિશ્વમાં પ્રખ્યાત છે. સાંજે નદીના કિનારા પર પણ અતિ રમ્ય વાતાવરણ હોય છે.

હંગેરીનો સૌથી મોટો પ્રશ્ન હિંદની પેઠે જમીનદારીનો છે. દેશ સમસ્તની જમીન પર મોટામોટા જમીનદારોનો કબ્જો છે, જે ગરીબ ખેડૂતો પર તરેહવાર જુલ્મ કરે છે. લક્ષ્મી સંકોચાઇને થોડાક સો ખાનદાનોમાં આવી ગઈ છે, અને બાકીની બધી વસતિ મુફલિસીની જિંદગી ગુજારે છે. રાજકીય પરિસ્થિતિ એ છે કે હિટલર અને મુસૉલિની બન્ને હંગેરીના રાજકીય નેતાઓ પાછળ પુષ્કળ નાણાં ખર્ચી રહ્યા છે, અને નાઝી તથા ફાસીસ્ટ પ્રચારકાર્ય જોરશોરથી થઇ રહ્યું છે. હુકુમત નાઝી ઢબની છે, અને મજૂરો તથા કિસાનો ઉપર પૂરતી સખ્તી યોગ્ય ગણાય છે. પણ તે છતાંયે જર્મની અને ઈટલીથી ભયભિત છે. કદિ એક તરફ નમે છે તો કદિ બીજી તરફ. હંગેરીને શિકાયત છે કે ગત યુદ્ધમાં તેના કેટલાક પ્રાન્તો રૂમાનિયાને હવાલે કરી દેવામાં આવ્યા હતા. એની માગણી આજકાલ પ્રબળતાપૂર્વક થઈ રહી છે, અને હિટલર તથા મુસોલિનીના એજન્ટો બંને એ દ્વારા પૂરો લાભ મેળવી રહ્યા છે.

રૂમાનિયા

બુખારેસ્ટ, ૧૦મી નવેમ્બર

બુડાપેસ્ટમાં બે દિવસ થોભ્યા પછી રાતની ટ્રેનથી રવાના થઈ, આજે સવારના રૂમાનિયાના સૌથી મોટા શહેર બુખારેસ્ટ પહોંચ્યો.

ટ્રેનમાંથી જ તેલના કૂવા નજરે પડ્યા. ક્યાંકક્યાંક જોયું કે ફાલતુ તેલનાં તળાવો પણ છે. રૂમાનિયામાં તેલની વિપુલતા છે. મુલ્ક ગરીબ છે, એ કારણે બ્રિટિશ, ફ્રેન્ચ, અમેરિકન અને જર્મન મૂડીવાદીઓએ તેલના ઇજારા રાખી લીધેલા છે. એ સઘળા દેશોને રૂમાનિયાના આ તેલની પુષ્કળ આવશ્યકતા છે, ખાસ કરી જર્મનીને; એટલા સારૂ કે હિટલરનાં યુદ્ધ યંત્રો માટે તેલ અહીંથી ડાન્યૂબ નદીના રસ્તે જાય છે. જો કોઈક દિવસ રૂમાનિયા યુરોપના આંતર-વિગ્રહમાં સપડાયું તો એનું કારણ એ જ ફાલતુ તેલ હશે. તેલના ઝરાઓને યુદ્ધ-જ્વાળાઓથી આઘા જ રાખવા જોઇએ. ખબર નહિ ક્યારે ભભૂકી ઊઠે!

હંગેરીમાં ય મુફલિસી હતી, પરંતુ રૂમાનિયામાં જે સ્થિતિ જોઈ તે તો તેનાથી યે બદતર. નવેમ્બરની કડકડતી ટાઢમાં કિસાનોનાં ગરીબ બાળકો મેલાં ચીંથરાંઓમાં ઠુઠવાતાં રેલવે સ્ટેશનો પર સફરજન વેચવા આવે છે. તેમના ચહેરાઓ પર ભૂખ અને સંકટની રેખાઓ અંકિત થએલી છે. બુખારેસ્ટ મઝેહનું શહેર છે, પરંતુ અહીં અજ્ઞાન, દારિદ્ર્ય, ગંદકી ને ભીખ માગનારાઓની વિપુલતા છે. હિંદુસ્તાન પછી મેં જો કોઇ દેશમાં એટલી મુફલિસી જોઇ હોય તો તે રૂમાનિયામાં.

હંગેરીની આર્થિક સ્થિતિના જવાબદાર ત્યાંના જમીનદારો છે. રૂમાનિયામાં જમીનદારોથી વધુ રક્ત ચૂસનારી જમાત ફોજી અફસરોની છે, જે પ્રત્યેક સ્થળે ભભકાદાર ગણવેશ પરિધાન કરી અકડતા દૃષ્ટિગોચર થાય છે. દેશની સંપત્તિનો મોટો ભાગ એમના જ એશઆરામ પાછળ ખર્ચાય છે.

નાઝી પ્રચારકાર્યનો રોગ રૂમાનિયામાં પણ પ્રસરેલો છે. બહુધા રાજપુરુષો અને ઉચ્ચ સત્તાધીશો હિટલર તરફથી વેતન મેળવે છે. નાઝી વિચારો ધરાવનારા સંખ્યાબંધ પક્ષો પણ છે, જેના સભ્યો બખેડાઓ કરતા રહે છે. શિક્ષણ નામમાત્ર છે. વર્તમાનપત્રોની સ્વતંત્રતા ખૂંચવી લેવાએલી છે. જાસૂસોના ડરથી કોઈ જીભ ઉપાડી શકતું નથી. મજૂરો અને ખેડૂતો સંગઠિત થઈ શકતા નથી. તાત્પર્ય કે સંપૂર્ણ નાઝી વાતાવરણ છે. પરંતુ રાજા કેરોલ એ ફેંસલો કરી શક્યો નથી કે પોતે બ્રિટનને સાથ આપવો કે જર્મનીને? બન્ને રાજ્યોથી મસલત થઇ રહી છે. જ્યાં સુધી રૂમાનિયામાં તેલના ભંડાર છે, ત્યાં સુધી બધાં ય રાજ્યોની દૃષ્ટિ એના ઉપર જ કેન્દ્રિત બનેલી રહેશે.

પણ આજે એવી ખબર મળી છે કે જેથી હાલ તુરત સમસ્ત દુનિયાનું લક્ષ તુર્કી પ્રતિ દોરવાઇ ગયું છે. આજે સવારના નૂતન તુર્કીનો સર્જક, તુર્કોનો લાડીલો નેતા અને શાસક કમાલ અતા તુર્ક આ દુનિયાથી કૂચ કરી ગયો. હું પહેલી ટ્રેનથી ઇસ્તમ્બુલ જવાને રવાના થઈ રહ્યો છું.

તુર્કી

ઇસ્તમ્બુલ, ૧૧મી નવેમ્બર

જહાજ આસ્તેઆસ્તે ડાર્ડેનલ્સની વચ્ચેથી પસાર થતું બંદરગાહની નિકટ થતું જાય છે. આકાશ ઉપર શ્યામ વાદળાં ઘેરાએલાં છે. જહાજો અને કિનારાની ઇમારતો ઉપર જે ધ્વજો ફરકે છે. તે સઘળા અર્ધી કાઠી પર છે. તુર્કીમાં કમાલ અતા તુર્કનું માતમ થઈ રહ્યું છે.

ઇસ્તમ્બુલ, જેને બાળપણમાં અમે કુસ્તુનતુનિયા કહ્યા કરતા હતા, તદ્દન એશિયાઇ ઢબનું શહેર છે, જે કેટલી યે ટેકરીઓ પર વસેલું છે. સાંકડી પત્થરીલી સડકો, પુરાણાં મકાનો, મસ્જિદોના ગુમ્બદ અને મિનારા, પણ પોશાક તદ્દન પાશ્ચિમાત્ય. તુર્ક અને યુરોપિયન ઓળખવા મુશ્કેલ છે, કેમકે તુર્ક પણ ગોરા હોય છે. ક્યાંક ક્યાંક કોઇ શેરીમાં કોઇ વૃદ્ધ મહિલા કાળો બુરખો પહેરેલી દૃષ્ટિગોચર થઇ જાય છે—અજાયબઘરના અવશેષ સમાન; નહિતર સામાન્યરીતે સ્ત્રીઓ યુરોપ અને અમેરિકાની માફક સ્વતંત્ર ફરે છે. એ વિચાર ખોટો છે કે પરદો કરવો ગુનો છે, પણ હા, જબરદસ્તીથી કોઇ સ્ત્રીને પરદો કરવા માટે વિવશ બનાવવી એ જરૂર ગુનો છે.

ઇસ્તમ્બુલની ઊંચી-નીચી શેરીઓમાં, હૉટેલોમાં, કાવાખાનાંઓમાં, જ્યાં પણ જાઓ, બસ એક જ વાત છે: કમાલ અતા તુર્ક. શાળાની એક વિદ્યાર્થિનીએ મને કહ્યું: 'અફસોસ છે, તમે અમારા દેશમાં એ વખતે આવ્યા, જ્યારે અમે અમારા પિતાનું માતમ કરી રહ્યા છીએ.' પિતાનું માતમ! પ્રત્યેક સ્થળે મેં એ જ શબ્દો સાંભળ્યા! અતા તુર્કનું મોત કેવળ હાકેમ અને વ્હાલસોયા માર્ગદર્શકનું મોત નથી, બલ્કે દરેક તુર્ક મર્દ, ઓરત અને બચ્ચાના માટે અંગત ઘટના છે. સાચે જ અતા તુર્ક તુર્કોનો પિતા હતો!

મસ્જિદો

ઇસ્તમ્બુલમાં ઐતિહાસિક સ્થાનોની કમી નથી. એક જમાનામાં એ ખ્રિસ્તીઓનું મશહૂર યાત્રાધામ હતું. દુનિયાભરમાંથી અહીંનાં દેવળોનાં દર્શનાર્થે ઈસાઈઓ આવતા. પછી મુસલમાનોનું રાજ્ય થયું. દરેક ખલીફાએ મહેલો અને મસ્જિદો ચણાવ્યાં. એ મસ્જિદો ખરેખર જોવાલાયક છે. એના ગુમ્બદો આપણી મસ્જિદોના ગુમ્બદોથી ભિન્ન પ્રકારના છે. આપણે ત્યાં પ્યાજ (કાંદા)ની શીકલના ગુમ્બદ હોય છે અને અહીં બેઠા ઘાટના, અર્ધું કપાએલા સફરજન જેવા. મિનારા પાતળા, છોલેલા; અને બહુધા એક મસ્જિદમાં ફક્ત એક જ મિનારો. મેં જોયું કે આટલા બધા પાશ્ચિમાત્યપણા છતાં હજી પણ ઈસ્તમ્બુલની મસ્જિદોમાં નમાઝીઓની કમી નથી. નમાઝ અરબીમાં થાય છે, પરંતુ ખુત્બો તુર્કી ભાષામાં વાંચવામાં આવે છે. સામાન્યરીતે લૅટિન લિપિનો ઉપયોગ થાય છે. તે એટલે સુધી કે મસ્જિદોમાં નમાઝના સમય પણ એ જ લિપિમાં લખેલા હોય છે.

હિંદુસ્તાની ભાઈ

દુનિયાના કોઇ પણ ખૂણામાં જાઓ, હિંદીઓ ત્યાં મોજૂદ હશે! હું 'અયા સોફિયા' જોવા ગયો. કોઇ જમાનામાં એ ઈસાઈઓનું દેવળ હતું, જેના દર્શન માટે સમગ્ર યુરોપમાંથી લોકો આવતા હતા. જ્યારે મુસલમાનોનું શાસન સ્થપાયું, ત્યારે એને મસ્જિદમાં ફેરવી નાખવામાં આવ્યું; પરંતુ એટલું નોંધપાત્ર છે કે દેવળને મસ્જિદ બનાવવા છતાં યે મુસ્લિમ વિજેતાઓએ ચિત્રકલાના ત્યાંની ભીંતો પરના નાદર નમૂનાઓને નષ્ટ કર્યા નથી, માત્ર તે પર પરદા ચડાવી તેને છુપાવી દેવામાં આવ્યા હતા. આધુનિક તુર્કી હુકુમતનાં હુકમથી આ ઈમારત આજે ન દેવળ છે, ન મસ્જિદ; બલ્કે માત્ર એક ઐતિહાસિક હેસિયત ધરાવે છે. ભીંતો પરથી કપડાંના પરદા ખસેડી દેવામાં આવ્યા છે, અને કેટલા યે સૈકાઓ જૂનાં રંગીન ચિત્રો આજે ય જોવાને પાત્ર છે.

'અયા સોફિયા'ની બહાર લગભગ એક ડઝન ધંધાદારી 'ગાઇડો'એ મને ઘેરી લીધો, જેઓ પરદેશી મુસાફરોને શહેરની ઐતિહાસિક ઈમારતો દેખાડે છે. મારા દેખાવથી તેમને કાંઇ અંદાજ ન આવ્યો કે હું કયા દેશનો રહેવાસી છું. એટલે તેમણે એકી વખતે મારી સાથે ઇંગ્લિશ, ફ્રેન્ચ, સ્પૅનીશ, ઈટાલિયન, ફારસી અને અરબીમાં વાત શરૂ કરી દીધી. મેં મજાકમાં પૂછ્યું: 'કોઇ હિંદુસ્તાની પણ જાણે છે?' અને એક અવાજ સંભળાયો: 'કેમ નહિ? હું દિલ્હીનો રહેવાસી છું!' સાઠેક વર્ષની ઉંમરનો એક દુબળોપાતળો નાનેરો શખ્સ, બીજાઓની માફક યુરોપિયન પોશાક પહેરેલો, સમૂહથી અલગ થઈ મારી પાસે આવ્યો અને ભારે ઉમળકાથી મને મળ્યો. એનું નામ મહમૂદ છે, હિજરત આંદોલનના જમાનામાં એ હિંદુસ્તાન છોડી અફઘાનિસ્તાન, ઇરાન અને સીરિયા થઇ તુર્કી જઈ પહોંચ્યો હતો. ત્યારથી એ અહીં જ રહે છે. લગ્ન પણ એક તુર્કી સ્ત્રી સાથે કરી લીધાં છે. અને કેટલાંય

છોકરાં છે એ ખુ[redacted]ને 'ગાઝી' મહમૂદ કહે છે, કેમકે એનાટોલિયાના યુદ્ધમાં કમાલના સૈન્યમાં એ પણ શામેલ હતો. જો કે એને તુર્કીમાં રહેતાં આટલો બધો વખત વીતી ગયો છે; છતાં યે હિંદુસ્તાન પાછા જવાની તેની ઈચ્છા છે. મને કહેવા લાગ્યો: 'મેં ઈરાદો કર્યો હતો કે જ્યારે મારો દેશ આઝાદ થઈ જશે ત્યારે જ પાછો જઈશ, પરંતુ હવે વિચારૂં છું કે એ પ્રતીક્ષામાં ક્યાંક ઉમર તમામ થઈ ન જાય!'

અંકારા

ઇસ્તમ્બુલથી રાત્રે રવાના થઈ સવારે હું અંકારા (અંગોરા) પહોંચ્યો. ઇસ્તમ્બુલ ઐતિહાસિક સ્થળ છે; ત્યાં દરેક ઈમારત પુરાણી છે; શેરીઓ સંકીર્ણ અને ઊંચી-નીચી છે. એનાથી ઊલટું, અંકારા એટલું નવું છે કે જાણે કાલે જ બનીને તૈયાર થયું છે, બલ્કે હજી મુકમ્મિલ-રીતે તૈયાર પણ થયું નથી. સેંકડો ઈમારતો હજી બંધાઈ રહી છે. ઇસ્તમ્બુલમાં જૂની પૂર્વીય અસર હજી યે નજરે પડે છે, પરંતુ અંકારા તદ્દન પાશ્ચિમાત્ય નગર છે. ઈમારતો, લોકોનો પહેરવેશ, રહેવાની ઢબ બધી જ વાતે અંકારા અને બીજા કોઈ યુરોપીય અથવા અમેરિકી શહેરમાં પરખ કરવી મુશ્કેલ છે.

આજથી પંદર વર્ષ પૂર્વે અંકારા સૂકા રણમાં એક નાનો કસ્બો હતો. આજે એ તુર્કીની રાજધાની છે. સરકારની બધી કચેરીઓ, પાર્લામેન્ટની ઇમારત, પરદેશનાં એલચીખાતાં, બધાં અહીં જ છે. શહેરથી થોડાક માઇલના અંતર પર એક ટેકરીના શિખર પર કમાલ અતા તુર્કનું મકાન છે, જ્યાંથી નૂતન તુર્કીનો એ ઘડવૈયો પોતાના બનાવેલા શહેરને વિકસતું ને સમૃદ્ધ થતું જોયા કરતો હતો. અંકારાને રાજધાની બનાવવામાં કમાલની ભારે મસલત હતી. ઈસ્તમ્બુલમાં પુરાણા ખિલાફત-યુગનો આત્મા પ્રવિષ્ટ હતો. ત્યાંની વસતિ રૂઢિ-ચુસ્ત અને કમાલના સુધારાઓની વિરોધી હતી. ત્યાં એદીઓની વિપુલતાઓ હતી, અને દૃઢ ચિત્તે કામ કરનારાઓની ઊણપ. નૂતન તુર્કીના માટે એક નવા જ શહેરની આવશ્યકતા હતી, અને એ જ માટે અંકારા તૈયાર કરવામાં આવ્યું. શહેરની મધ્યમાં એક ચોકમાં કમાલ અતા તુર્કનું બાવલું છે. ત્યાં ઘોડા પર સવાર થઈ રાત-દિવસ પોતાના નગર અને પોતાના મુલ્કની એ ચોકી કરે છે. એ બાવલાના ચારે ખૂણા પર તુર્કીના 'જંગે આઝાદી'ના સ્મારક રૂપ તુર્ક સૈનિકોના પૂતળાં છે. એમાં એક સ્ત્રીનું પૂતળું છે, જે પોતાની ખાંધપર એક મોટો બૉમ્બ-ગોળો ઉપાડીને જઇ રહી છે. આ તે બહાદુર મહિલાઓનું સ્મારક છે, જેમણે પોતાના ભાઈઓ અને પતિઓની જોડાજોડ પોતાના મુલ્કની આઝાદીની ખાતર જંગમાં ભાગ લીધો અને પ્રાણોની આહુતિ આપી. નૂતન તુર્કીની સ્ત્રીઓને રાજકીય અને સામાજિક ક્ષેત્રોમાં જે સમાનતા અને સ્વાધીનતા પ્રાપ્ત છે, તે તેમણે પોતાનું શોણિત વહાવીને મેળવેલી છે.

તુર્કીમાં સૌથી વિશેષ ઉત્સાહપ્રેરક દૃશ્ય હોય તો તે બાળક-બાળકીઓના સમૂહો છે, જે સવારના શાળાએ જતાં નજરે પડે છે. દરેક શહેર, કસ્બા ને ગામમાં બાળકોની કેળવણી ફરજિયાત અને મુફત છે. પાઠ્ય પુસ્તકો જ નહિ, બલ્કે શાળાના ખાસ ગણવેશ પણ સરકાર આપે છે. જેમ જેમ કેળવણી પ્રસરતી જાય છે, તેમતેમ તુર્કીમાં રાષ્ટ્રીય જીવનની એક નવી લહર દોડી રહી છે. ન કેવળ જનતાની સાંસ્કૃતિક હાલત શ્રેષ્ઠ થતી જાય છે, બલ્કે તેની આર્થિક સ્થિતિમાં પણ નોંધપાત્ર પ્રગતિ દષ્ટિગોચર થાય છે. સરકાર તરફથી દેશના ખૂણેખૂણામાં કારખાનાં ઉઘાડવામાં આવ્યાં છે. ખેતીને નવી વૈજ્ઞાનિક ઢબપર વિકસાવવામાં આવી રહી છે. નહેરોના પ્રબંધથી રણોમાં ફૂલોના બગીચા તૈયાર કરવામાં આવે છે. તાત્પર્ય એ છે કે સ્વતંત્ર તુર્કી પ્રગતિના પંથે છે. કાશ ! મારા દેશબંધુઓ પણ તુર્કીના ઉદાહરણથી બોધ ગ્રહણ કરે.

પ્યારા ઉસ્તાદને

†(સૉનેટ-મંદાક્રાન્તા)

માંહી ફેરો ચપળ મુજને બાજ શીરો બનાવે,
    ધારે આથે અગર મુજને તાજ કેરી મિસાલે;
    ફેંકે આથે ગણિ તવ કીડો, પાસ રાખે મહાલે,
    સ્થાપે તારે હરમ અથવા દ્વારબાગે વસાવે:
મારી સાથે ત્યમ તું વરતે જે તને રીત ફાવે!
    તેજનાથી તર ચલનવા યા નવાજે નવાલે
    સૂકા ખાદે અગર; રંગે ખાંકથી વા ગુલાથે,
    રાખે છાતી ઉપર મુજને શૂલિએ યા ચઢાવે:
મેં તો મારી ખિદમત તને સોંપી શાગિર્દભાવે,
    આખી મારી હવ થઈ ગઈ જિંદગાની હવાલે;
    ફર્માનોથી મુજ જીવન મને છે બહાલી બનીને,
નામી બીજો છિનવી શકશે ના ગમે તે કોઇ કાલે.
    જેવી તારી અનુમતિ, થશે તે બધું ચુસ્તચાલે
    કાં કે મારાં હૃદયપડતી તાહરે હસ્ત હાથે.

પંતીલ.

† આ ધ્વનિતની બાંધણી મૂળ ઇટાલિયન સૉનેટની જ છે, પરંતુ પ્રાસનું ધોરણ એમાં વિશેષ કડક બનાવવામાં આવ્યું છે. આખા કાવ્યમાં માત્ર બે જ જાતના પ્રાસ છે, ને પ્રત્યેકની સાત આવૃત્તિઓ કરી સાથેસાથે મૂળ નિયમ પણ સાંગોપાંગ જાળવી રાખ્યો છે સૉનેટના બીજા ધર્મો તેમજ ખાસિયતોની ઉપેક્ષા કરવાની છૂટને પણ ત્યાજ્ય ગણી છે. બાઝ-શિકારી પક્ષી; નવાઝવું-પોષવું; હરમ-અંતઃપુર; નવાલે (નવાલા વડે)-કોળિયા વડે; ખિદમત-સેવા; શાગિર્દભાવે-શિષ્યપણે; નામી-જાણીતો: કાલે-ભવિષ્યમાં; ચુસ્તચાલે-બરાબરરીતે.

સીરિયા

અંકારાથી રાત્રે રવાના થયા. મારા સહપ્રવાસી એક ઈરાની અને તેમની પત્ની છે, જે ફ્રેન્ચ કે ફારસી સિવાય બીજી કોઈ ભાષા જાણતાં નથી. હું ફારસી નામનું જ જાણું છું ને ફ્રેન્ચના શબ્દ સુદ્ધાંની મને ખબર નથી. છતાં ફારસી, ઉર્દૂ અને અંગ્રેજીને મેળવીને તથા ઈશારાઓથી કામ લઈ, તેમની સાથે ઘણીવાર સુધી વાતો કરતો રહ્યો.

ડાઈનિંગ કારમાં કેટલાક અમેરિકન નવયુવાનોથી મુલાકાત થઈ જેઓ આ રસ્તે અરબસ્તાન જઈ રહ્યા છે. અમેરિકન તેલની કંપનીઓને હાલમાં જ અરબસ્તાનમાં ઇજારા મળ્યા છે અને એ બધા એ જ સિલસિલામાં ત્યાં જઇ રહ્યા છે. ત્રણ અંગ્રેજ પણ છે, જે ઈરાન જઈ રહ્યા છે. એ પણ તેલની કંપનીઓના નોકર છે; પરંતુ તેઓ બીજાઓથી અલગ જ રહે છે. ન અમેરિકનો સાથે વાતો કરે છે, ન તો મારી સાથે. પરંતુ અમેરિકનો સાથે મારે ખૂબ દોસ્તી થઈ ગઇ. મળતાવડા અને રસિક પ્રકૃતિના યુવાન છે. હિંદ સંબંધે પણ ઘણા પ્રશ્ન પૂછતા રહે છે, જે પરથી જ્ઞાત થાય છે કે આપણા દેશ સંબંધી દુનિયામાં કેટલીક અજ્ઞાનતા છે! ઉદાહરણ તરીકે તેમનામાંથી એક પૂછવા લાગ્યો કે 'શું મુંબઈમાં મોટરો હોય છે?' મેં મજાકમાં [illegible] 'ના, અમે હાથી પર સવાર થઈ કામે જઈએ છીએ!'

બીજે દિવસે ત્રીજા પ્રહરે પાંચ વાગ્યે અમે સીરિયાની સરહદ પર પહોંચ્યા. અમારા વર્ગમાં અર્ધો ડઝન શામીઓ (સીરિયનો) ઘૂસી આવ્યા ને છત સુધી સામાન લાદી દીધો. તત્કાળ મને હિંદની યાદ આવી ગઈ. આ સીરિયનોમાં પુરુષો તો યુરોપિયન લેબાશપર તુર્કી ટોપી પહેરેલા હતા, પણ સ્ત્રીઓ તો નખશિખ યુરોપિયન બલ્કે ફ્રેન્ચ વસ્ત્રોમાં મઢાએલી હતી. રંગ ગોરો હોવાના કારણે તેઓ તદ્દન ઇટાલિયન અથવા સ્પૅનિશ દેખાતી હતી. રાત્રે આઠ વાગ્યે ગાડી હલબ (ઍલેપ્પો) પહોંચી. એ સિરિયાનું મોટું શહેર છે, અને એક યુગમાં પોતાના અરીસાઓ માટે જગવિખ્યાત હતું.

સવારે બે નવયુવકો સાથે મુલાકાત થઈ. એક ઇરાકી છે, જે ઈંગ્લાંડથી શિક્ષણ પૂરું કરી આવી રહ્યો છે. બીજો સીરિયન છે, જે ફ્રાન્સમાં હવાઈ જહાજનું કામ શીખી પાછો આવ્યો છે. ઈરાકીએ મને કહ્યું કે જોકે આ મુલક આઝાદ છે, પરંતુ નામમાંજ. હજી લગી બ્રિટનની અસર કાયમ છે. ઇરાકમાં જેટલું તેલ નીકળે છે તેના ઇજારા બ્રિટિશ કંપનીઓને મળેલા છે, અને બસરા, બ્રિટિશ વાયુમાર્ગનું વિરાટ કેન્દ્ર છે. સીરિયન યુવાન પાસેથી માલૂમ પડ્યું કે જોકે ફ્રેન્ચો સ્વયં પોતાને લોકશાસનવાદી પ્રજા કહે છે, પરંતુ સિરિયા ઉપર તેઓ એટલી જ સખ્તાઇપૂર્વક હુકુમત કરે છે, જેટલી બ્રિટાનિયાવાસીઓ પોતાનાં સંસ્થાનો અને અંકુશ હેઠળના દેશોમાં.

સવારે નવ વાગ્યે તીલકુચક પહોંચ્યા. રેલની લાઈન અહીં ખતમ થઈ ગઇ. અહીંથી કર્કુક સુધી મોટરથી જવું પડશે, અને પછી ત્યાંથી બગદાદ માટે રેલ મળશે.

ઈરાકમાં પ્રવેશ

તીલકુચકથી રવાના થયાના એક કલાક બાદ અમે સીરિયાની સરહદ વટાવી ઈરાકમાં દાખલ થયા. સડક તો શું, પણ આ રેગિસ્તાન (રણ) માં મોટરોના અવરજવરથી એક કાચો રસ્તો બની ગયો છે. તે ઉપર જ ઉછળતા–કૂદતા અમે જઇ રહ્યા છીએ. સાંજ પડતાં મોસલ પહોંચ્યા. રાત્રે ડાક બંગલામાં થોભ્યા. મોસલ એક નાનો કસ્બો છે, જ્યાં ઈરાકીઓની અફસોસજનક દરિદ્રતાનાં દર્શન થાય છે.

બીજે દિવસે સવારે એક મોટી લારીમાં રવાના થયા, જે ખાસ રેગિસ્તાનની સફર કરવા માટે જ બનાવવામાં આવી છે. અંદર પીવાના પાણીનો પૂરતો જથ્થો રાખવામાં આવ્યો, કેમકે માર્ગમાં ક્યાંય સારૂં પાણી મળતું નથી. બેચાર ગામડાં નજરે પડ્યાં, જ્યાં મોસલ કરતાં યે વિશેષ મુફલિસી જણાઇ.

સંધ્યા સમયે કર્કુક પહોંચ્યા. અહીં તેલના ઝરા છે અને એ કારણે અંગ્રેજોની સારી વસતિ છે. બ્રિટિશ મૂડીવાદની છાવણીઓ વિશ્વના કયા ખૂણામાં નથી ?

બગદાદ

રાતના કર્કુકથી રવાના થઇ ટ્રેન પરોઢિયે બગદાદ પહોંચી. શહેરને જોઇને તો ભારે નિરાશા સાંપડી. અરેબિયન નાઈટસના કિસ્સાઓ વાંચ્યા બાદ બગદાદની વર્તમાન દશા જોઈ એની ખાતરી થતી નથી કે આ તે જ શહેર છે!

કરબલા

બગદાદથી એક મોટર ભાડે લઈ હું કરબલા જવા રવાના થયો. માર્ગ રણમાંથી પસાર થાય છે. દુનિયાની સૌથી મોટી ટ્રૅજેડી, એટલે કરબલાના બનાવનું દૃશ્ય આંખો સમક્ષ આવી ગયું. આ તે જ મેદાન છે, જેમાં ન્યાય અને અન્યાયની લડાઇ થઈ હતી. અહીં જ બોતેર ખુદાપરસ્તોએ જાલિમ ડિક્ટેટરી અને તેના લશ્કરોનો મુકાબલો કર્યો હતો. કાશ ! દુનિયાના ડિક્ટેટર અને અત્યાચારી શાસકો એ બનાવથી બોધ ગ્રહણ કરતે !

કરબલામાં બહુધા યાત્રાળુઓ હિન્દુસ્તાનીઓ જ નજરે પડ્યા. ઇમામ હુસયન (સ.અ.) ના રોજા પર એટલી ગિરદી હતી કે ખભેથી ખભા અડી જતા હતા. ખુદ્દામ (પુરોહિતો)ની તે જ હાલત જોઇ જે હિન્દુસ્તાનમાં અજમેર વગેરેના મુજાવરોની છે.

બસરા

રાત્રે બગદાદથી રવાના થઇ રેલ વહેલી સવારે બસરા પહોંચી. એ ઈરાકનું સૌથી મોટું બંદર હોવા ઉપરાંત બ્રિટિશ હવાઈ માર્ગનું જબરદસ્ત મથક પણ છે. ઇંગ્લંડથી હિંદ, ઑસ્ટ્રેલિયા વગેરે જે હવાઇ જહાજ જાય છે તે બધાં અહીં થોભે છે. ગઇ લડાઈના જમાનામાં ઘણા હિંદીઓ અંગ્રેજ ફોજોની જોડે અહીં આવ્યા આવ્યા હતા અને તેમાંથી સારી સંખ્યા હજી યે અહીં આબાદ છે. બસરામાં સામાન્યરીતે હિંદુસ્તાની ભાષા બોલી અને સમજી જાય છે અને બંદરગાહ પર બહુધા દુકાનો હિન્દુસ્તાનીઓની જ છે.

ત્રીજા પ્રહરે જહાજ રવાના થયું. આ કરાચી–બસરા લાઇનનું નાનું જહાજ છે. જે મોટાં મોટાં જહાજો પર હું યુરોપ અને અમેરિકામાં પ્રવાસ કરી ચૂક્યો છું તેના મુકાબલામાં બિલકુલ રમકડા જેવું માલૂમ પડે છે. બગદાદ પહોંચતાં પહોંચતાં રૂપિયા તદ્દન ખલાસ થઇ થઈ ગએલા એટલે મેં ડેકની ટિકિટ ખરીદી છે. મારી પાસે એક કામળા સિવાય બીજું કાંઈ બિછાનું નથી. એક થેલો લઇ લીધો છે. પરંતુ ભલું થાય કેટલાક મહેરબાન સહપ્રવાસીઓનું કે તેમણે પોતાની પથારીઓમાંથી તકિયા, ચાદર, શેતરંજી, બધાંની સોઇ કરી આપી. હવે હું મજેહથી પગ પ્રસારી સૂઇ શકું છું.

આ પ્રવાસમાં કોઇ ઉલ્લેખનીય ઘટના બની નથી, સિવાય કે મારા અમેરિકન મિત્રો જેઓ આ જહાજથી બેહરીન જઇ રહ્યાં છે અને પહેલા વર્ગમાં પ્રવાસ કરી રહ્યા છે તે બહુધા મને મળવા આવતા રહે છે. કાલે રાત્રે તેમણે જહાજના કપ્તાન પાસેથી રજા મેળવી પહેલા વર્ગના ભોજનખંડમાં મને ખાણા પર નોતર્યો હતો, જેથી અંગ્રેજ મુસાફરોને ભારે સૂગ ચઢી હતી.

આ જહાજમાં સફર કર્યાથી માલૂમ પડ્યું કે હિંદુસ્તાની હાજીઓ અને યાત્રાળુઓને જહાજની મુસાફરીમાં કેટલી અગવડોનો સામનો કરવો પડે છે. હું જે ડેક પર છું તેની લંબાઇ સાઠ ફીટ અને પહોળાઇ પચારેક ફીટ હશે. આટલી જગ્યામાં લગભગ સાઠ મુસાફરોએ પોતાનાં બિછાનાં પાથરેલાં છે. ત્રણ ઘોડા, પાંચ મેંઢાં અને ડઝનબંધ મરઘાં છે; હૉટેલ ને રાંધણિયું છે; ને એ ઉપરાંત બહુધા મુસાફરોનું ભોજન સગડીઓ પર રંધાતું રહે છે! સ્વિટ્ઝર્લૅન્ડમાં મેં જોયું હતું કે ઢોરોના તબેલા કેટલા સ્વચ્છ ને હવાદાર હોય છે ! અમે હિંદુસ્તાનીઓને ઢોરો કરતાં યે બદતર સમજવામાં આવે છે. અને અફસોસ એ છે કે આપણને ઢોરોની માફક રહેવાની ટેવ પણ પડી ગઈ છે ! એથી જ તો મારા દેશના ઘણાખરા પ્રવાસીઓને આ જગ્યાની સંકીર્ણતા ને ગંદકીનો ખ્યાલ જ નથી. ફરિયાદ તો ક્યાં?

હિંદના કિનારા પર ઊતરવા પૂર્વે જ આ જહાજ પર હિન્દુસ્તાનનો નાનો શો નમૂનો મળી ગયો !

પુનઃ હિંદુસ્તાન

૨૪મી નવેમ્બર

આજે સવારે કરાચીની બંદરગાહ પર જહાજે લંગર નાખ્યું પોલીસવાળાઓએ પાસપોર્ટનું નિરીક્ષણ કર્યું, સામાનની તલાશી લીધી. ઘણા સવાલો કર્યા: નામ ? બાપનું નામ ? ધંધો ? કયા હેતુસર આ પ્રવાસ કર્યો ? કરાચીમાં ભાષણ તો કરશો નહિ ને ?

હવે કશી શંકા છે કે હું હિંદુસ્તાન વાપસ પહોંચી ગયો છું ?



મધુકરી

સંભાળજો ભાઈ . . .

'સંભાળજોભાઈઅચિંત્યથાયના'
એવું કહીને સહુ તો જતા રહ્યા,
આશીષ દીધી નહિ; કંકુની યે
ટીલી કરી નાહિ લલાટની પરે.
સંભાળતો ને તુજ માર્ગ શોધતો
અજાણુને સ્નેહથી જી લેતો
તારે જ માર્ગે પળતો રહ્યો તું તો.

તને યદિ આશીષ અંતરે દીધી,
સંભાળ લીધી યદિ તેં જ તારી,
ને લોહી તારી મહીં હકળે યદિ
તો કંકુની યે ન જરૂર ભાઇ.

ધાર્યું થતું ચોક્કસ : ધાર્યું જો યદિ,
ને ધાર્યું જો હો કરવાની આશથી;
ને ધારણાના તુજ ધ્યેય પાસે
જવા કરે યત્ન તું દોડવાને
અને અકસ્માત તું લક્ષમાં ન લે.

ભગીરથ મહેતા

સાહિત્યાચાર્ય વામન મલ્હાર જોશી

મરાઠી ભાષાના ઉદાત્ત સાહિત્યકાર, તત્ત્વજ્ઞાની, નિપુણ વિવેચક, સાધુચેતા અધ્યાપક, સર્વશ્રેષ્ઠ નવલકથા-લેખક અને ભારતીય મહિલા કૉલેજ (એરંડવન) પૂનાના પ્રાચાર્ય વામનરાવ મલ્હાર જોશી ગઇ તા. ૨૦મી જુલાઇએ અક્ષરધામી થયા છે. એમના તિરોભાવથી મરાઠી વાઙ્મયના એક આદર્શ કૃતિકાર, મનીષી અધ્યાપક અને સાધુવૃત્તિના લોકસેવકનું સ્થાન ખાલી થઇ ગયું છે.

એમનો જન્મ કોંકણ પ્રદેશના કોલાબા જિલ્લાના ગોરેગાંવ નામે ગામમાં ઈ. ૧૮૮૩ના જાન્યુઆરીની ૨૧મી તારીખે અત્યંત ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. એમને બીજા બે ભાઇ અને ચાર બહેનો હતાં; જેમાંના મોટા ભાઈ મહાદેવ મલ્હાર જોશીએ જુનાગઢ બહાઉદ્દીન કૉલેજના સંસ્કૃતના વિદ્વાન અધ્યાપક તરીકે કાઠિયાવાડના આજના અનેક તરુણોમાં સાહિત્ય અને સંસ્કારિતાનાં ઉન્નત બીજ રોપ્યાં હતાં. બીજા ભાઇ નારાયણરાવ આજે મુંબાઈના ખ્યાતનામ કામદાર નેતા (એન. એમ. જોશી) તરીકે સૌને સુપરિચિત છે.

વામનરાવનાં બાળપણના સંસ્કાર અને શિક્ષણ એમના મોટા ભાઇ પ્રોફેસર મહાદેવ મલ્હાર જોશી ઉર્ફે અણ્ણાસાહેબ જોશી (એમ. એ.)ની તત્ત્વાવધાનતામાં, અહમદનગર પૂના વગેરે સ્થળોમાં થઈ. અણ્ણાસાહેબ જોશી સંસ્કૃત સાહિત્યના પારગામી પંડિત હતા. મૅટ્રિકથી તે એમ. એ. સુધીની દરેક પરીક્ષામાં બધાં જ પુરસ્કારો અને શિષ્યવૃત્તિઓ પ્રાપ્ત કરનાર એ બંધુના પ્રોત્સાહન વડે શ્રી વામનરાવે પણ સંસ્કૃત ભાષા અને સાહિત્યમાં સારી પ્રવીણતા મેળવી હતી. પૂનાની ડેક્કન કૉલેજમાં બી. એ. અને એમ. એ.ની પરીક્ષાઓ માટે ઐચ્છિક વિષય તરીકે વામનરાવે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો વિષય લીધો હતો; અને એમાં એમણે એટલું બધું પ્રાવિણ્ય મેળવ્યું હતું કે ફરગ્યુસન કૉલેજના સંચાલકોએ એમને પોતાની કૉલેજમાં તત્ત્વજ્ઞાનના અધ્યાપક માટે આમંત્રણ આપ્યું હતું. પરંતુ એમના ભાગ્યાકાશમાં એના કરતાં પણ ઊજળું રાષ્ટ્રભક્તિનું કાર્ય લખાએલું હતું.

વામનરાવ જ્યારે ડેક્કન કૉલેજમાં જ્ઞાનોપાસના કરી રહ્યા હ ત્યારે જ સદ્‌ગત પ્રોફેસર વિષ્ણુ ગોવિંદ બીજાપુરકર ઉર્ફે આચાર્ય અણ્ણાસાહેબ બીજાપુરકર (મહારાષ્ટ્રમાં રાષ્ટ્રીય કેળવણીના પ્રથમ પુરસ્કર્તા અને 'સમર્થ વિદ્યાલય' નામક રાષ્ટ્રીય સંસ્થાના પ્રતિષ્ઠાતા)ની ગુણદર્શી દૃષ્ટિ એમના ઉપર ગઇ અને અણ્ણાસાહેબે એમને સેવાયજ્ઞમાં દીક્ષિત થવા માટે મનાવી લીધા. ફલતઃ, એમ. એ.ની પરીક્ષા પાસ કરતાં પૂર્વે જ વામનરાવ સમર્થ વિદ્યાલયના અધ્યાપક અને 'સમર્થ' પત્રના તંત્રી બની ગયા. વામનરાવે સ્વીકારેલો આ જીવનપંથ ધ્યેયવાદી હતો અને તેથી જ કંટકમય પણ ખરો જ. સમર્થ વિદ્યાલય જેવી રાષ્ટ્રસેવી સંસ્થાનું ભવિષ્ય કેવું છે અને પોતાની આ જીવનનૌકા આગળ જતાં કેવી ભેખડ સાથે અથડાઈ જશે એ વાતની લેશમાત્ર આશંકા રાખ્યા સિવાય ઉદીયમાન તારુણ્યના એ દિવસોમાં રાષ્ટ્રભક્તિનો માર્ગ એમણે સ્વીકાર્યો. એ ચાહત તો પોતાના આદરણીય જ્યેષ્ઠ બંધુની જેમ કોઇ સરકારી અથવા અર્ધસરકારી કૉલેજમાં તત્ત્વજ્ઞાનના પ્રોફેસર બની સુખી અને સગવડભર્યું જીવન મેળવી શકત. પણ રાષ્ટ્રભક્તિની ધગશથી પ્રેરાઇ સુખાસીન વિદ્યાવિલાસ કરતાં ત્યાગમય



મહારાષ્ટ્રના સત્યશોધક

'મહારાષ્ટ્રના સૉક્રેટીસ' કહેવાતા પત્રકાર તેમજ ગ્રંથકાર શ્રી વામન મલ્હાર જોષીનું થોડા જ સમય પર થએલું અવસાન માત્ર મહારાષ્ટ્રનો જ નહિ પણ દેશસમસ્તનો શોકનો વિષય બનવો જોઈએ એ; કારણ કે મહાન પત્રકાર અથવા મહાન ગ્રંથકારના કરતાં પણ એક મહાન સત્યશોધકનું એ અવસાન હતું. પોતાને હાથે ભવિષ્યમાં સાહિત્યક્ષેત્રમાં અપ્રતિમ કામગીરી થવાની હોવાની તેમણે પોતાના એકસઠમા જન્મદિને આપેલી આશા આમ હતાશરીતે નિષ્ફળ ગઈ છે અને મુંબાઈથી તા. ૧ લી જુલાઈના રોજ પૂના આવતાં આગગાડીમાં જ ચડેલો તાવ તેમને માટે કૃતાંત પુરવાર થયો છે.

ગયાં વીસ બાવીસ વર્ષ થયાં શ્રી વામનરાવ પોતાની શિક્ષણ તેમજ સાહિત્ય વિષયક પ્રવૃત્તિને લઈને પ્રજાની નજર સામે રહ્યા હતા. વિચારપ્રવર્તક અને ધ્યેયનિષ્ઠ લેખન-પ્રવૃત્તિને લઇને પોતાનું વિશિષ્ટ સ્થાન એમણે સ્થાપ્યું હતું. તત્ત્વજ્ઞાનના દરિયામાં ડૂબકી મારીને પોતે મેળવેલાં રત્નોનું જેમ મહારાષ્ટ્રની પ્રજાને તેમણે નજરાણું ધરેલું, તેમ માનવ અંતઃકરણમાં પણ ડૂબકી મારીને નિરનિરાળી ભાવનાની ચમત્કૃતિ તેમણે દર્શાવી આપેલી. શુચિર્ભૂત મનોવૃત્તિ અને પ્રસાદપૂર્ણ શૈલી ધરાવતા શ્રી વામનરાવ શ્રેષ્ઠ સાહિત્યકાર અને પરમચિંતક હોવા ઉપરાંત નિઃસ્વાર્થી સમાજસેવક તથા સ્ત્રીશિક્ષણના એક જ્યોતિર્ધર પણ હતા.

એમની સાહિત્યસેવા બહુ વિશાળ નહિ છતાં તલસ્પર્શી હતી. એમનું સમગ્ર સાહિત્ય જીવનમૂલક દૃષ્ટિનો ઉત્તમ આવિર્ભાવ કરી રહે છે. 'આશ્ચર્યમહરિણી,' 'રાગિણી,' 'નલિની', 'નીતિશાસ્ત્રપ્રવેશ' 'સોક્રેટીસશી સંવાદ', 'ઈંદુ કાળે આણિ સરલા ભોળે', 'સ્મૃતિલહરી' 'વિચારવિલાસ', 'વિસ્તવાશીં ખેળ', નવપુષ્પ કરંડક', 'સુશીલેચા દેવ,' 'જિસ્ટ ઑવ ગીતા રહસ્ય' ઈત્યાદિ તેમની પ્રધાન સાહિત્યકૃતિઓ છે. એકાદ કર્મઠ સનાતનીની માફક એમણે શબ્દબ્રહ્મની ઉપાસના આદરેલી, અને એક વીરની મ ફક પોતાના ધ્યેયને માટે તેઓ એકલા ઝૂઝતા રહેલા. સમાજનાં અંતિમ કલ્યાણસાધક વિચારો જ રજૂ કરીને માનવ પ્રગતિમાં સહાયભૂત થવાનો, એ સત્ત્વગુણી સાહિત્યકારની લેખિની, વાણી અને કૃતિએ જાણે સંકલ્પ કર્યો હતો.

સ્વતંત્ર વાતાવરણ, એ વાતાવરણને પોષક પાત્રરચના, અભિજાત રસિકતા ને કલાત્મક વિલાસ છતાં ઉચિત વિચારગાંભીર્ય સહિતની સંકલનાએ તેમની સઘળી નવલકથાઓને યશસ્વી ઠરાવી છે.

તર્કવાદી મહારાષ્ટ્રીઓ વામનરાવને 'સંશયવાદી' ગણાવે છે; તેમનો આક્ષેપ એ છે કે તેઓ વાચકને પોતાનો અંતિમ મત ક્યાંયે નથી જણાવતા. એવો જ આક્ષેપ આપણે ત્યાં સ્વર્ગીય આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ પર ક્યાં નહોતો આવતો ? પરંતુ Truth is not final, all truth is relative and the palace of truth has many mansions' એ વિધાન સ્વીકારીએ તો પછી અમુક જ પ્રકારનું, પરંપરાનું કે સંપ્રદાયનું મંડન કરવાને બદલે સત્યપ્રાપ્તિના ધોરી માર્ગનું દર્શન એ જ વિશેષ પરોપકારી નથી કરતું ?

તેમાં યે વામનરાવને માટે તો પાસ્કલની આ ઉક્તિ સંપૂર્ણતઃ લાગુ પડે છે કે: 'Truth he searched with sighs'. સત્યની શોધ પાછળ જીવનની અનેક તડકીછાંયડીઓ એમણે અનુભવેલી, પરંતુ એમાંનો કોઈ અનુભવ તેમના ચિત્તની સ્વસ્થતાને જોખમાવી શક્યો નહોતો. 'મહારાષ્ટ્રના 'સોક્રેટીસ' એમને કહેવામાં આવે છે; પરંતુ મહારાષ્ટ્રીઓ એક વસ્તુ ભૂલી જતા હોય તેમ લાગે છે, વામનરાવનું જીવન સોક્રેટીસની માફક 'બંડખોર' નહિ પણ શાંતિપૂર્ણ હતું. વળી સોક્રેટીસની માફક પોતાનાં મંતવ્યો બીજાઓ પર લાદવાનો પણ પ્રયાસ એમણે કર્યો જણાતો નથી

પોતાના એકસઠમા જન્મદિવસના ઉત્સવ પ્રસંગે તેમણે કહેલા આ શબ્દો સૌ કોઈ સાહિત્યકારોએ યાદ રાખવા યોગ્ય છે કે : 'જીવંત અને તેજસ્વી સાહિત્ય માત્ર એ જ વ્યક્તિ સર્જી શકે છે જેનું જીવન પવિત્ર, ઉદાત્ત અને અર્પણરત હોય જગતને કશો ઉદાત્ત, કશો દૈવી સંદેશ આપવાને પ્રેરી રહેતી અંતઃવૃત્તિનો એ સાહિત્ય આવિર્ભાવ હોય છે. હૈદરાબાદના મારા કારાવાસમાં મને સાચા જીવનનો અનુભવ થયો; મારા વિચારોનું પરિવર્તન થઈ ગયું; મારી લાગણીઓ કોમળ બની; મનુષ્યને હું મનુષ્ય તરીકે સમજતો થયો જગતમાં માનવતા એક જ હોવાનો મેં સાક્ષાત્કાર કર્યો.'

—અશોક હર્ષ

રાષ્ટ્રીયભાવનાવાળા વિદ્યામંદિરમાં જ્ઞાનદાનનું પવિત્ર મિશન એમણે સ્વીકાર્યું.

પરંતુ સમર્થ વિદ્યાલય અને એમની એ મૈત્રી ચિરસ્થાયી બની શકી નહિ. આચાર્ય બીજાપુરકરના માલિકીપણા નીચે નીકળતા 'વિશ્વવૃત્ત' માસિકનું તંત્રીપદ શ્રી વામનરાવ પાસે હતું તે અરસામાં 'વિશ્વવૃત્ત'માં વિખ્યાત વૈદિક વિદ્વાન શ્રીપાદ દામોદર સાતવળેકરનું 'વૈદિક મંત્રોની તેજસ્વિતા' એવા મથાળાવાળું એક લખાણ પ્રસિદ્ધ થયું. સરકારે એ લખાણને રાજદ્રોહી ગણ્યું. શ્રી સાતવળેકરને તો છોડી દેવામાં આવ્યા, પરંતુ મુદ્રક અને પ્રકાશક તરીકે શ્રી વામનરાવને [illegible] વર્ષની [illegible] કારાવાસની સજા મળી. જેલમાં એમની તબિયતને ભારે નુકસાન પહોંચ્યું. હૈદરાબાદ (સિંધ)ની તુરંગમાં તો એમને [illegible] કામ સોંપાયું હતું.

[illegible] એમણે જોયું કે આખા દેશ ઉપર નોકરશાહીનો [illegible] એમણે વિદ્યાલયને સરકારે જપ્ત કર્યું એ [illegible] 'વિશ્વવૃત્ત' [illegible] બંધ થઈ ગયું એ. પરંતુ વામનરાવ તો [illegible] હતા, એટલે [illegible] બન્યા વિના એમણે તો ફરી સાચા પત્રકારનો જ ધંધો [illegible] કર્યો.

તે દિવસોમાં શ્રી અચ્યુતરાવ કોલ્હટકર, શ્રી. કાકાસાહેબ તુળજાપુર અને બાળાસાહેબ પટવર્ધનની ત્રિપુટી મુંબાઇથી 'સંદેશ' અને 'શ્રુતિબોધ' નામનાં બે સામયિક પત્રો કાઢતી હતી. આ બંને પત્રોના સહયોગી તરીકે એમણે અંગ્રેજીમાં 'મેસેજ' નામનું પત્ર પણ શરૂ કર્યું. વામનરાવ એ 'મેસેજ'ના તંત્રી નીમાયા અને ટૂંક વખતમાં જ સુંદર અંગ્રેજી લખનાર પત્રકારોમાં એમની ગણના થવા લાગી. પરંતુ 'સંદેશ' વગેરે પત્રો પણ સરકારી કોપદૃષ્ટિથી બચી શક્યાં નહિ. અલ્પ આયુમાં જ એ ત્રણે પત્ર બંધ કરવાં પડ્યાં.

તે દિવસોમાં મરાઠી સાહિત્યમાં નામાંકિત પ્રકાશક અને લેખક સ્વર્ગસ્થ કાશીનાથ રઘુનાથ મિત્રના 'મનોરંજન' માસિકની ખૂબ ખ્યાતિ અને પ્રતિષ્ઠા હતી. વામનરાવ ત્યાં ગયા અને એમાં નવલકથા લખવાનું શરૂ કર્યું. શ્રી કાશીનાથ મિત્રને મરાઠી વાઙ્મયના જે ઉત્કૃષ્ટ લેખકોનો સહયોગ મળ્યો હતો તેમાં વામનરાવનું નામ આગળ પડતું હતું. દૈનિક, અઠવાડિક અને માસિક પત્રો [illegible] સાહિત્ય થઈ તૈયાર [illegible] શ્રી [illegible] શ્રી [illegible] વામન [illegible] 'મનોરંજન' [illegible] વામનરાવ [illegible]

'**रागिणी**' નામક નવલકથા ધારાવાહી રૂપમાં છપાતી હતી. તે દિવસોમાં મરાઠી નવલકથાના ક્ષેત્રમાં શ્રી હરિભાઉ આપટેની આણ વર્તતી હતી. એમની નવલકથાઓ ખૂબ વંચાતી હતી. પણ મરાઠીના સુશિક્ષિત સંસ્કારવાંછુઓ અને વિશ્વવિદ્યાલયમાં ઊંચી કેળવણી લેતા વિદ્યારસિકોને આપટેની રચનાઓ ગમતી ન હતી. ટૂંક મુદતમાં જ **रागिणी** તરફ શિષ્ટ વાચકોનું ધ્યાન ખેંચાયું. મિત્રો આગ્રહ કરવા લાગ્યા કે માસિક **मनोरंजन**માં આખી નવલકથા પૂરી થતાં પૂર્વે જ એને પુસ્તક રૂપમાં પ્રસિદ્ધ કરો. ભાષાના અભિનવત્વ, વિચારોના સમતોલન અને સ્ત્રીસ્વભાવના માર્મિક આલેખનની દૃષ્ટિએ **रागिणी** મરાઠી વાઙ્મયમાં અપ્રતિમ મનાતી. ત્યાર પછીનાં વીસ–બાવીસ વર્ષના ગાળામાં વામનરાવે **आश्रम हरिणी, नलिनी, सुशीले चा देव, इन्दु काले व सरला भोले** આદિ નવલકથાઓ લખી. (આશ્રમ હરિણી અને સુશીલે ચા દેવનો ગુજરાતીમાં તરજુમો થઇ ચૂક્યો છે.) અને પરિણામે મરાઠી સાહિત્યક્ષેત્રમાં વિચારપ્રધાન નવલકથાકારોમાં વામનરાવનો ખૂબ યશોવિસ્તાર થઇ ગયો. કારણ તેઓ સુકુમાર તરુણોની છીછરી પ્રેમગાથા રજૂ કરનારા કલ્પનાવિલાસી વાર્તાકાર ન હતા; તે તો હતા તત્ત્વજ્ઞાની, પ્રૌઢ વિચારક ને ખ્યાતિપ્રાપ્ત વિવેચક.

'મરાઠા' પત્ર બંધ થયા પછી વામનરાવ લોકમાન્ય તિલકના અંગ્રેજી અઠવાડિક 'મરાઠા'ના તંત્રીમંડળમાં જોડાઇ ગયા. સંસારસુધારા વિષે એમના વિચારો ઉગ્ર હતા તેથી '**केसरी**'ની સંસારસુધારા વિષેની સ્થિતિચુસ્ત પ્રણાલિકા એમને ગમતી નહિ. પરન્તુ રાજદ્વારી બાબતોમાં એમને લોકમાન્યના વિચારો પ્રિય હતા. 'મરાઠા'ની સેવા બજાવતાં એમણે લોકમાન્યના યશસ્વી ગ્રંથ **गीतारहस्य**નું મંથન કરી A Gist of the Gita Rahasya નામનું પુસ્તક લખ્યું. એ વખતે એમણે ફરીથી પૂર્વીય અને પશ્ચિમી તત્ત્વજ્ઞાનનું વિશેષ અનુશીલન કર્યું, જેના પરિણામરૂપે મરાઠીના ગંભીર સાહિત્યને '**नीतिशास्त्र**'નો સુંદર ગ્રંથ એમણે આપ્યો. એ ઉત્કૃષ્ટ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર પણ થઈ ચૂક્યું છે. વિદ્વાનોમાં એ ગ્રંથની સારી પ્રતિષ્ઠા જામી. યુનિવર્સિટીના પ્રોફેસરોએ તો મુક્ત કંઠે કહ્યું કે આ ચોપડી તો યુનિવર્સિટીની ઉચ્ચ કક્ષાઓમાં પાઠ્યગ્રંથ તરીકે રાખવા જેવી છે. ત્યાર પછી વામનરાવે પ્લેટોના વિશ્વવિશ્રુત ગ્રંથ 'Dialogues of Socrates' (સૉક્રેટીસના સંવાદો)નું મરાઠી ભાષાંતર કર્યું. મરાઠીના દાર્શનિક સાહિત્યમાં ઉપરના બંને ગ્રંથોની સારી પ્રતિષ્ઠા છે. તાત્ત્વિક વિષયો વામનરાવને ખૂબ ગમતા. તેથી જ એમની રચનાઓમાં પ્રૌઢ વિચારોની સુવાસ સર્વત્ર અનુભવાય છે. એમના છુટક લેખો અને નિબંધો **विचारविलास** નામથી પ્રસિદ્ધ થયા છે.

વામનરાવના સાઠ વર્ષના જીવનકાળને ત્રણ ભાગમાં વહેંચી નાખીએ, તો એ પ્રત્યેક ભાગ ઉપર ત્રણ મનીષી સત્પુરુષોના જીવનની જે સુંદર છાપ પડેલી તે એમના ચારિત્ર્યમાં અંકાએલી જણાય છે. એ ત્રણે સત્પુરુષોના નામ પણ અણ્ણાસાહેબ હતાં! જીવનનાં પહેલાં વીસ વર્ષોમાં એમના જ્યેષ્ઠ બાંધવ પ્રોફેસર અણ્ણાસાહેબ જોશીના સંસ્કૃત પાંડિત્યની છાપ એમની ઉપર પડી; ત્યાર બાદનાં વીસ વર્ષના ગાળામાં વામનરાવે આચાર્ય અણ્ણાસાહેબ બીજાપુરકરના શિષ્યત્વમાં રહી રાષ્ટ્રીય કેળવણીની પવિત્ર સાધના કરી; અને ત્રીજા ભાગમાં જે અણ્ણાસાહેબનાં ચરણોમાં એમણે પોતાની સેવાઓ અર્પણ કરી તે છે, સ્વનામધન્ય ગુરુવર્ય અણ્ણાસાહેબ કર્વે, ઉર્ફે આચાર્ય ધોંડો કેશવ કર્વે.

હિંદમાં સ્ત્રીકેળવણી અને વિધવાવિવાહના મહાન ઉન્નાયક પ્રો૦ ધોંડો કેશવ કર્વેએ ૧૯૧૬માં ભારતીય મહિલા વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. સ્વાધીન રૂપમાં રાષ્ટ્રીય કેળવણી અને માતૃભાષાનાં વાહન વડે ઉચ્ચ શિક્ષણના આ પ્રશંસનીય ઉપક્રમ માટે પ્રોફેસર કર્વેને જે કૃતવિદ્ય, ચારિત્ર્યશીલ અને કર્મઠ સહકર્મીઓ સાંપડ્યા, તે છે ડૉ. હરિ રામચંદ્ર દિવેકર, ડિ. લિટ્. (હાલ ઉજ્જયિનીની માધવ કૉલેજના પ્રિન્સિપાલ) અને બીજા આપણા ચરિત્રનાયક પ્રો. વામન મલ્હાર જોશી. પ્રોફેસર જોશીને પણ તે દિવસોમાં (૧૯૧૮) એક પુરુષાર્થી યુવકનો સહયોગ મળ્યો, જે પહેલાં ૧૯૦૬માં સમર્થ વિદ્યાલયમાં એમના શિષ્ય હતા. તે છે પ્રો. પી. કે. ગોડે, એમ. એ., હાલ તેઓ પૂનાની પ્રખ્યાત સંસ્થા ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરના ક્યૂરેટર છે. આ વિદ્વાનોના સહકારથી જ પ્રો. કર્વે પોતાની વિદ્યાપીઠમાં શિક્ષણના ધોરણને ઉન્નત બનાવી શક્યા હતા અને શિક્ષણના વાહનની સમસ્યાને સારીરીતે ઉકેલી શક્યા હતા. ગુરુવર્ય કર્વેએ એક દિવસ પ્રો. જોશીને કહ્યુ કે તમે ઓછા પગાર પર **अनाथ महिलाश्रम**ના આજીવન સભાસદ બની જાઓ. તરત વામનરાવે આનંદ અને ઉત્સાહ સાથે એ કાર્ય સ્વીકારી લીધું.

મહિલા વિદ્યાપીઠમાં કાર્ય કરતી વખતે વ્યવસ્થા અને શિક્ષણની દૃષ્ટિએ અનેક પ્રકારની ગૂંચો ઊભી થતી હતી; પણ તે સર્વનો વામનરાવ પોતાની ધ્યેયનિષ્ઠા, સત્યતા, નિર્ભયતા અને ખેલદિલીથી નિકાલ લાવતા હતા અને પોતાના અધ્યાપનકાર્યમાં લેશમાત્ર પણ ઊણપ આવવા દેતા નહિ અધ્યાપક અને આચાર્ય બંને દૃષ્ટિએ તેઓ છાત્રોમાં લોકપ્રિય બની ગયા હતા. આજે મહારાષ્ટ્રમાં શતશત શિષ્યો અને શિષ્યાઓ અશ્રુભીનાં નયનો વડે પોતાના એ માનીતા ગુરુવર્યને નિવાપાંજલિ આપી રહ્યાં છે.

સાહિત્યવિધાયક તરીકે એમને સન્માનવાના ઉદ્દેશથી તેર વર્ષ પૂર્વે મરાઠી સાહિત્યકારોએ ગોવામાં ભરાએલા મરાઠી સાહિત્યસંમેલનના પ્રમુખ તરીકે એમની વરણી કરી હતી. પ્રો. જોશીની આકાંક્ષા તો વાનપ્રસ્થાશ્રમમાં શાંતિથી વિદ્યાદેવીની આરાધના કરવાની હતી; પણ એમની એ અભિકાંક્ષા અપૂર્ણ રહી ગઈ. થોડા જ વખત બાદ તેઓ મહિલા કૉલેજના આચાર્યપદેથી નિવૃત્તિ લેવાના હતા, એવામાં મુંબાઈમાં એક નર્સિંગ હોમમાં ટૂંક માંદગી ભોગવી ગઇ તા. ૨૭મી જુલાઇએ એ અવસાન પામ્યા.

આમ એક એવા પુણ્યચરિત્ર, જ્ઞાનયોગી અને કર્મઠ મનીષીની ઇહલીલા સમાપ્ત થઈ, જેને માટે આજે મહારાષ્ટ્ર અને ભારતરાષ્ટ્ર બન્ને અભિમાન લઈ શકે તેમ છે. એમના નિધન પર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં પૂનાની મહારાષ્ટ્ર એજ્યુકેશન સોસાએટીના પ્રધાનાધ્યાપક શ્રી. કિંકરે ઠીક કહ્યું છે કે 'Mr. Joshi was great as a writer, greater as a teacher and greatest as a man in society.'

—શંકરદેવ વિદ્યાલંકાર

સ્કિપિંગ (રજ્જુ-કૂદન)માં નવો રેકૉર્ડ

ગઈ તા. ૨૫મી ઑગસ્ટના રોજ વાંકાનેરના ભાઈ ભગવતપ્રસાદ દુલેરાય જાનીએ, ત્યાંના નામદાર યુવરાજકુમારશ્રી પ્રતાપસિંહ, રાજ્યના અમલદારો તથા શહેરના સંભાવિત ગૃહસ્થો ને વિદ્યાર્થીઓના એક મોટા પ્રમાણભૂત મેળાવડા સમક્ષ ૧૭૬ મિનિટમાં ૧૫૦૦૦ 'સ્કિપ' (દોરી-કૂદકા) કરીને એ કાર્યમાં થએલા દુનિયાના રેકૉર્ડને તોડ્યો છે, એમ વાંકાનેરના શ્રી મીરચંદ જીવરાજ શાહ લખી જણાવે છે. આ હકીકતનો વિશેષ પરિચય તેઓ નીચે મુજબ આપે છે:

'ભાઇ ભગવતપ્રસાદ જાની વાંકાનેરના વતની ૨૫ વરસની વયના બ્રાહ્મણ યુવાન છે. નાનપણથી જ વ્યાયામ તરફ તે રસ ધરાવે છે


ભગવતપ્રસાદ જાની

ને નિયમિતપણે દંડ-બેઠક કરે છે સાઈકલિંગ તથા સ્વિમિંગની હરીફાઇમાં તેણે ઇનામ મેળવેલાં શરીરવિકાસ માટે વ્યાયામની આવશ્યકતા યુવકવર્ગમાં સમજાવતા રહ્યા છે. પોતાના ઘરને આંગણે તેઓ એક નાનોસરખો અખાડો પણ ચલાવે છે.

આજ સુધીમાં વધારેમાં વધારે ૧૫૦૦૦ સ્કિપ કરનાર બે અમેરિકન ભાઇઓની તથા હિંદમાં પોરબંદર સ્ટેટના વિદ્યાધિકારી શ્રી છોટાલાલ લક્ષ્મીશંકર માંકડે કરેલ ૭૦૦૦ સ્કિપ વિષેની વાત સાંભળ્યા પછી તેથી આગળ વધવા તેની ઘણા વખતથી તીવ્ર ઈચ્છા હતી.

સવારના ૯–૧૦ વાગ્યે તેમણે કૂદવાનું શરૂ કરેલું. શરૂઆતની ૧૦ મિનિટમાં તેમણે ૧૦૦૦ સ્કિપ કર્યાં અને પછી કુલ ૧૭૬ મિનિટના અરસામાં ૧૫૦૭૫ સ્કિપ કર્યાં તેમની ઇચ્છા તો હજુ યે આગળ વધવાની હતી, પરંતુ દુનિયાનો રૅકૉર્ડ ૧૫૦૦૦નો હોઇ તે વટાવી જવાની ધારણા પાર પડી જતાં આગળ વધવાની આવશ્યકતા જણાઇ નહિ.

—હીરચંદ જીવરાજ શાહ

ઑગસ્ટ માસ

રોમન બાદશાહ જુલિયસ સીઝર પછી તેનો ભત્રીજો મહાન ઑગસ્ટસ ગાદીએ આવ્યો. તેણે ઘણાં મહાન કામો કર્યાં. આ જ માસમાં પોતે ત્રણ યશસ્વી લડાઈઓ જીત્યો હોવાથી તેણે પોતાના નામ ઉપરથી આ મહિનાનું નામ ઑગસ્ટ પાડ્યું.

ગાયસ ઑક્ટેવીઅન ઑગસ્ટસ ગાદીએ આવ્યો ત્યારે રોમ શહેરની બાંધણીમાં ઈંટો વાપરવામાં આવી હતી તે બદલી તેણે રોમ શહેર આરસના પત્થરથી બંધાવ્યું.

ઑગસ્ટસ બાર વર્ષનો હતો ત્યારે તેની વૃદ્ધ દાદીનું અવસાન થયું તેની અંતિમ ક્રિયા વખતે તેણે સુંદર પ્રવચન કર્યું હતું. ૧૬ની વયે તેને જાગીરદારનો ઈલ્કાબ આપવામાં આવેલો. નાનપણથી જ તે મોટાં કામ કરવા સર્જાયો લાગતો હતો, ને બાદશાહ બન્યા પછી તેણે ખરેખર મહાન કાર્યો કર્યાં રોમન શહેનશાહતને વિસ્તૃત ને મજબૂત તેણે બનાવી. રોમન ઇતિહાસમાં તેનું નામ સુવર્ણાક્ષરે લખાયું છે.

પાટણની પૂર્ણિમા

પાટણની પૂર્ણિમા પ્રગટી હતી સિદ્ધરાજ જયસિંહના રાજયુગમાં. પાટણનગરીની પરમ શોભા ત્હારે હતું સહસ્રલિંગ સરોવર: દેવની હાથેળી સમું, મહાવિશાળ કોટિદળ પદ્મ સમું, નગરીની મધ્યમાં પડેલું. સરોવરની પાળે હતી રોણકદાર સહસ્ર શિવદહેરીઓ ને સહસ્ર શિવઘંટાઓ એક દોરી ખેંચ્યે સહસ્ર ઘંટા શિવઘંટા સામટી વાગી ઊઠે એવી હતી ગુર્જરેશ્વરના શિલ્પીની કલાકરામત. એ અખંડનાદથી પાટણનગરી છ પ્રહરો ગાજી રહેતી: જાણે પાટણની કલ્યાણઘંટાઓ વાગી.

સરોવર વચ્ચે હતું ઘટામંડળનું ઉદ્યાન. નાવડીઓમાં તરતાં-ગાતાં પાટણના રસિકરાજો અને પાટણની રસરસીલીઓ સરોવર જળના જળવિહારે સંચરતાં. શિવરાત્રિએ શિવરાત્રિએ, માસે માસે, જ્હારે સહસ્રલિંગની સહસ્ર દહેરીઓએ સો-સો દેવદીવડાની દીપમાળા ઝળહળતી ત્હારે એ એક લાખ દીવડાઓ ગગનઉતારેલા લાખ-લાખ તારામંડળ સમા, પાટણની અન્ધારી ચૌદશનો દિવસ કરતા. પાટણ ત્હારે અન્ધારાંનાં યે અજવાળાં કરતું.

ઈસ્વી ૧૫૬૦ પર્યન્ત સહસ્રલિંગ સરોવરમાં જળનાવડીઓ ફરતી. મહાસુભટ ખાનખાનાનના યોદ્ધપિતા, અકબરના અતાલિક, પાણીપતના વિજેતા, ઉખડી પડેલી મુગલાઈને દિલ્હીદુર્ગે પુનઃસ્થાપનાર, બાદશાહી વંશના મહાનામ જાગાતૃ મક્કા શરીફની જાત્રાએ જતાં પાટણ આવ્યા હતા. ઘટામંડળેથી પાછા વળતાં, જલવિહારિણીમાંથી ઊતરતાં જ, એ ખાન બહેરામખાનનો એક અફઘાને ઘાત કીધો એ અફઘાનના પિતાને ખાનબાબાએ સરહિન્દના સંગ્રામમાં સંહાર્યો હતો ને પિતાનું વેર પુત્રે પાટણમાં સહસ્રલિંગની પાળે લીધું.

પાટણમાં કેટલો આરસ પથરાયો હતો એ તો ચન્દ્રાવતીની આરસખાણોને પૂછજો.

સરસ્વતી નદીને સિદ્ધરાજ મહારાજે સહસ્રલિંગમાં વહાવી હતી. રોમ પારીસ લંડનની જલસરણીઓની પેરે પાટણની હૈયાસેર સમી સરસ્વતી, નગરી વચ્ચે થઇને વહતી. જયસિંહ માત્ર દેશો જીતતો એમ નહિ; સરોવરો ગાળતો, દુર્ગો સ્થાપતો, લાખ્ખોના કરવેરા રદ કરતો, પર્વતો પાડતો, નદીઓ વાળતો. સહસ્રલિંગ જળજળભરપૂર રહેતું. સરોવરના એક પાર્શ્વે હતો રાજપ્રાસાદ; ને સામે પાર્શ્વે પાટણની હવેલીઓએ ફડફડાટ હતા નગરીના ધનપતિઓના લક્ષ્મીધ્વજો, ને ધર્મમંદિરોએ ઝળહળતા હતા દેવશિખરોના સુવર્ણકળશો. રાજપ્રાસાદ અને રાજનગરીની વચ્ચેની પૂર્વ પાળે ઉદ્યાનોમાં પાટણનાં વિદ્યાપીઠો ને વિહારો હતાં, જે ગુર્જર-મહાપ્રજાને જ્ઞાનામૃત પાઇ મેધાવી કરતાં. પડખે હતું વિશાળું યોધમયદાન. ધનુર્ધરો ત્હાં ધનુર્વિદ્યા સાધતા. અશ્વરાજો ત્હાં અશ્વો ખેલાવતા, રાયકાઓ પવનપંથી સાંઢણીઓ કેળવતા, મહામહાવતો ગજરાજ ને દુર્ગદ્વારો તોડતા શીખવતા સરસ્વતી સિદ્ધપુરેથી વટેશ્વરે આવતી ને સહસ્રલિંગને ભરીને આથમણે વહી જતી. ત્હાં હતું ત્રણ કોસનું પાટણનું મહાવન. એ મહાવનની વનકુંજોના અવશેષ રૂપ આજે યે ત્હાં કુંજેરનું ગામડું છે.

દિશાવિશાળા દેશબાહુ સમી પાટણનગરીમાંથી ચહુદિશે રાજમાર્ગોની ચતુર્ભુજાઓ વિસ્તરતી. ઉનાવા ઈડર દોહદને વટાવી પૂર્વરાજમાર્ગ માળવામાં ધાર ને ઉજ્જયિનીએ જતો. ચન્દ્રાવતી અર્બુદાચળ આરાવલ્લી વીંધીને ઉત્તર-રાજમાર્ગ ચોહાણોના તારાગઢે ને સિન્ધુદેશે સંચરતો. વાઘેલ વીરમગામ વઢવાણ સરધાર થઇ પશ્ચિમરાજમાર્ગ સિદ્ધાચળે ને ગિરિવર ગિરનારે અડકતો. ડભોઇ દુર્ગે નર્મદા ઊતરી, બાગલાણ પ્રસ્થાનપુર દેવગિરિની ઘાટીઓ ઓળંગી, ચોથો દક્ષિણ રાજમાર્ગ દક્ષિણાપથમાં મલયાદ્રિનાં અગરચન્દન વીણવાને તેલંગાણે જતો. પાટણની ભુજાઓ મહાવિશાળ હતી.

(પાટણનું કીર્તિમંદિર) —કવિ નાનાલાલ

સુગંધી શાહી

કાગળની હલકી બનાવટને કારણે કે છાપવાની શાહીના કોઈ હલકા દ્રવ્યને કારણે ઘણીવાર ચોપડી ચોપાનિયાંમાંથી વિચિત્ર ગંધ નથી આવતી? ચોપડીઓની બાબતમાં તો કાગળ અને શાહી ઉપરાંત તે બાંધવામાં વપરાએલો સરેસ પણ એ ગંધ માટે કારણભૂત છે.

પરંતુ મુદ્રણકલાના વિકાસે દૃષ્ટિને આહ્લાદ આપવાને પોતાથી

બનતું કરી છૂટવાની સાથોસાથ હવે આપણી ઘ્રાણેન્દ્રિયને પણ આહ્લાદ આપવાનું બીડું ઝડપ્યું હોય એમ લાગે છે. શિકાગોથી પ્રસિદ્ધ થતા 'ઈન્લૅન્ડ પ્રિન્ટર'માં ડૉ. ડોનાલ્ડ એ. લેઅર્ડ લખે છે:

'છાપાગણી અને બંધાગણીમાં વપરાએલાં દ્રવ્યોમાંથી ઉપજતી દુઃસહ ગંધ ટાળવા માટે સુગંધી રસાયણો (aromatic chemicals) ના થએલા વિકાસનું સૌથી પ્રથમ પગલું તો છાપવાની શાહીમાં સુગંધી દ્રવ્યોના વપરાશનું છે. શાહી અલબત્ત એ ગંધમાં ભાગ ભજવે છે, પરંતુ કાગળ, સરેસ કે ચામડાંનાં પૂઠાં પણ એમાં કંઈ ઓછો ભાગ નથી ભજવતાં જેને આપણે આર્ટ પેપર કહીએ છીએ તે 'કોટેડ પેપર'-ની બનાવટમાં મોટે ભાગે દૂધમાંથી બનતું 'કેસીન' વપરાય છે એ કેસીનની વાસ શરૂઆતમાં દુઃસહ નથી હોતી, પણ જેમ સમય જાય છે તેમ તેની વાસ ખાટી બનતી જાય છે, અને સ્ટોરરૂમમાં પડ્યા રહેલા કાગળોમાંથી ઘણીવાર એવી ખાટી ગંધ આવે છે. કેસીનને એ રીતે ગંધ મારતું અટકાવવું હોય તો તેને લાંબા સમય પર્યંત 'રેફ્રીજરેટર'માં રાખી મૂકવું પડે, જે ક્રિયા બહુ મોંઘી નીવડે. એટલે એના નિકાલને માટે આ બે વસ્તુ ઉપયોગી થઈ પડે: એક તો કેસીન સાથે સુગંધી રસાયણોનો ઉપયોગ; અને બીજું, અમુક જોઇતી સુગંધીવાળા રસાયણમાં કશી વિક્રિયા થવા ન દે એવું અન્ય રસાયણ. આવી રાસાયણિક પ્રક્રિયા વડે હવે પછીનો મુદ્રણવ્યવસાય આંખને અને નાકને બંનેને આહ્લાદ આપી શકશે. --'પ્રકર્ષ'

ઝાડ પર ચડતી માછલી

ઑસ્ટ્રેલિયાના ક્વીન્સલૅન્ડ પ્રાંતના ઉત્તરકાંઠે આવેલા ભેજવાળ પ્રદેશમાં થતી માછલીની એક જાત ઝાડ પર પણ ચડઊતર કરી શકે છે! કેટલાંક વર્ષ પર એવી વાતને જ હસી કાઢવામાં આવતી હતી, પરંતુ હવે ઉપર્યુક્ત સ્થળે તેના જોઇએ તેટલા પુરાવા મળી આવે છે. 'મેનગ્રોવ ફિશ' નામે ઓળખાતી એ માછલીની લંબાઇ આશરે એક ફૂટ જેવડી હોય છે ને તેના તપખીરિયા રંગના શરીર પર આછાં ભીંગડાં હોય છે. દેખાવમાં એ એકાદ વામન 'સીલ' જેવી લાગે. એના શરીરનું સૌથી લક્ષપાત્ર અંગ તે તેના માથા પર, એકબીજીથી તદ્દન નજીક આવેલી, અને એકીસાથે સર્વ દિશામાં જોઇ શકતી તેની વિશાળ અને કાળી ગોળા જેવી આંખો. આંખોના એ ગોળા તે મરજી મુજબ બહાર કે અંદર લાવી લઇ જઇ શકે છે. એની છાતી પરના પંખા મિજાગરાં જેવા હોય છે; એને લઇને તરવાનું કામ ન હોય ત્યારે કાદવ પર કે જમીન પર નીચા ઢાળીને પગ તરીકે પણ તેનો ઉપયોગ તે કરી શકે છે. પોતાનો મોટા ભાગનો સમય પાણીની બહાર જ વીતાવે છે, અને વધુ વખત ફરજિયાત તેને પાણીમાં રાખવામાં આવે તો કદાચ ડૂબી પણ જાય! ઝાડ પર ચડવામાં તેને ખૂબ મઝા આવે છે અને લાંબો વખત તેની ડાળીઓ પર તે તડકામાં પડી રહે છે. પાણી બહાર જીવી શકવાનું કારણ એ કે શ્વાસોચ્છ્વાસની તેની અંગરચના પ્રાથમિક અવસ્થાનાં ફેફસાંને મળતી હોય છે. સામાન્યતઃ નાનાનાના કૂદકાભેર તે કાદવ પર ફરતી હોય છે, પરંતુ ભય ઉપસ્થિત થતાં ત્રણથી ચાર ફૂટનો કૂદકો પણ મારી શકે છે. —'પ્રકર્ષ'

પ્રાણીઓની બલવત્તા

કેટલાંક પ્રાણીઓની બલવત્તાનો આપણે ખ્યાલ કરીએ તો હેરત જ પામી જઈએ. ઘોડા પર અજમાવાએલા એક અખતરામાં તે ૫૫ ટન વજન વૅગનો પાટા પર ૬ કલાકમાં ૨૦ માઈલ સુધી ખેંચી ગયા હતા. બ્રહ્મદેશનાં જંગલોનાં ચાર ટન સુધીનો બોજો તો હાથીઓ ઊચકી શકે છે—ચૈડાંની કશી સહાય વિના જ. એકાદ ટ્રેન સામે હાથી ધસે તો તેને પાટા પરથી ઉથલાવી નાખી પણ શકે છે. એવા અત્યાર સુધીમાં બે બનાવો નોંધાયા છે: ઈ. ૧૯૦૬ માં સિયામ સરકારની રેલવેની કોરાત શાખા પર, અને બીજો આજથી આશરે ત્રીસેક વર્ષ પર બ્રહ્મદેશની એક રેલવે પર. લગભગ ૪૦,૦૦૦ સ્નાયુઓની બનેલી હાથીની સૂંઢને એક ટનનો બોજો ઊચકવો એ તો રમત વાત છે, અને એ સૂંઢ વડે માણસને ઉછાળીને તે ૪૦ વાર દૂર ફેંકી શકે છે.

મગરની તાકાત—ખાસ કરીને તેનાં જડબાંની તાકાત અદ્ભુત હોય છે. ચાહે તેવો મોટો કાચબો પણ જો પકડાયો તો તેની ઢાલ તો જાણે કાગળની બનેલી હોય તેમ મગરના દાંત તેને ભેદી નાખે છે.

હિપોપૉટૅમસ અથવા હિપોકાના માથાનું વજન લગભગ એક ટન જેટલું થાય! એનાં જડબાં વળી મગરથી યે મજબૂત હોય છે. નાના છોકરાના હાથ જેવડી એની શાક્ષીઓ તથા અણીદાર ખીલા દાંત (incisors) વડે એ મગરનું પણ બખ્તર ચીરી નાખે, તો પછી હોડીનાં પડખાં ચીરી નાખે તેમાં શી નવાઈ? માણસના તો એક જ બટકે એ બે કકડા કરી નાખે.

એક પ્રસિદ્ધ શિકારીના કથન મુજબ જિરાફ પોતાની એક જ લાતથી સિંહની ખોપરી ભાંગી નાખી શકે છે. સ્પેનના આખલા-યુદ્ધમાં એક આખલાએ ઘોડા સહિત એક ઘોડેસવારને છ ફૂટ હવામાં ઉછાળી દીધો હોવાનો નજરોનજર જોએલો પુરાવો મળે છે.

પ્રાણીઓનાં સંગ્રહસ્થાનોના રખેવાળોના કહેવા મુજબ, રીંછનું બળ સિંહથી પણ વિશેષ હોય છે. એ ખીજાય ત્યારે પીંજરાનાં લોખંડી તળિયાં એ પોતાના નખ વડે ચીરી નાખે છે અને એક ઇંચના લોખંડી સળીઆને તો નેતરની માફક વાળી નાખે છે. વળી ધ્રુવપ્રદેશમાં થતું રીંછ તો પંજાની એક જ થપાટે સીલ જેવા પ્રાણીને પાણીમાંથી ઉછાળીને બરફ પર ફેંકી દઈ શકે છે. —'પ્રકર્ષ'

નવીન શારદાપૂજન

દીવાળી એ વેપારીઓનું મહાન પર્વ છે અને શારદાપૂજન તેનો મહત્ત્વનો પ્રસંગ હોય છે. અનેક વર્ષોથી ચાલી આવેલી પ્રથા મુજબ ચોપડાપૂજન સમયે સર્વે વેપારી ભાઇઓ પહેલું પાનું લખે છે ને પૂજન કરી દીવાળીનો દિવસ ઊજવે છે. અનેક વખત મને થતું હતું કે જે વસ્તુ આપણે દર વર્ષે નકલ કરી લખ્યા કરીએ છીએ તેમાં સુધારોવધારો ન કરી શકાય? પુખ્ત વિચારને અંતે આ નીચે આપેલાં લખાણ મુજબ અમે અમારે ત્યાં ચોપડાપૂજન સમયે લખવાનું શરૂ કર્યું અને તે અન્ય ભાઇઓને ઉપયોગી નીવડે એમ સમજી જાહેરમાં મૂક્યું છે. અમે છેલ્લા પાંચેક વર્ષથી આ પ્રમાણે શારદાપૂજન સમયે લખવાનો રિવાજ રાખ્યો છે અને તેથી અમને કોઇ જાતનું નુકસાન થયું નથી બલ્કે લાભ જ થયો છે.

શ્રી ૧।

'बन्धुत्व विजयते सदा'

સત્ય સંબંધક છે, સ્વતંત્ર નથી;
ચુસ્ત ફરજ એ જ ધર્મ છે;
દૈવત્વ શક્તિ છે;
પ્રારબ્ધ માન્યતા છે, પુરુષાર્થ જ કર્મયોગ છે;
મૂર્તિ કલ્પના છે, મૂળ નથી;
પૂજા ભાવના છે, જડ સામગ્રી નથી.

માટે વીતી જતા સંવત્સરીને અંતે અમે મૂળનો વિચાર કરી પુરુષાર્થને, દૈવતને, ફરજને અને શિસ્તપાલનને વળગવાની શક્તિ મેળવવા આજે શારદાને પ્રાર્થીએ છીએ, કે જેથી નૂતન વર્ષના પ્રારંભથી અમ વ્યાપારમાં લાભ પ્રાપ્ત કરવાનાં સાધનો સુલભ નીવડે. લખ્યું સંવત.

—જમનાદાસ [illegible]

આ માસ ઈતિહાસમાં

ઑગસ્ટ

રોમન કૅલેન્ડરમાં સુધારો થઇને હાલના શરૂના બે મહિના જાન્યુઆરી અને ફેબ્રુઆરી તેમાં ઉમેરાયા તે પહેલાં જૂના કૅલેન્ડરની ગણત્રી પ્રમાણે વર્ષગણનામાં આ માસનો ક્રમ છઠ્ઠો આવતો હતો તેથી તેનું એ વખતનું નામ પણ એજ અર્થવાળુંહતું:'સેકસટિલિસ'. પાછળથી મહાન રોમન સમ્રાટ ઑગસ્ટસે પોતાના નામ પરથી તેનું આજનું નામ ઑગસ્ટ પાડયું; કેમકે આ મહિનો એના જીવનમાં બહુ શુકનિયાળ નીવડેલો. ત્યારથી નવા કૅલેન્ડરમાં તેનું એ નામ ચાલુ છે.

તા. ૩ અંબરના યુદ્ધમાં ચંદાસાહેબે ફ્રેન્ચોની મદદથી આર્કટના નવાબ અન્વરૂદીનને હરાવી પોતાની ગાદી પાછી મેળવી, ૧૭૪૯.

તા. ૭ હૈદરાબાદના પ્રથમ નિઝામ, નિઝામઅલીનું મૃત્યુ, ૧૮૦૩.

તા. ૧૩ સાહિત્યિક પ્રતિભાવાળા બંગ-પુત્ર અને કુશળ રાજકારણી પુરુષ રમેશચન્દ્ર દત્તનો જન્મ, ૧૮૪૮.

તા. ૧૬ પહેલવહેલો અંગ્રેજ એલચી (જહાંગીરના દરબારમાં આવેલો કૅપ્ટન હૉકિન્સ) હિંદની ભૂમિ પર ઊતર્યો, ૧૬૦૮.

તા. ૨૨ વીર આઇરિશ નેતા અને ત્યાંના સ્વાતંત્ર્ય-યુદ્ધનો સરદાર માઇકેલ કૉલિન્સ ડબ્લિનમાં ઝપાઝપીમાં મરાયો, ૧૯૨૨.

તા. ૨૬ ચીનમાંનું આમૉય શહેર અંગ્રેજોએ કબજે કર્યું ૧૮૪૧; (અને ૧૮૪૨માં થએલી સંધિ મુજબ તે વેપાર માટે ખુલ્લું મૂકાતાં અંગ્રેજોનાં વ્યાપારી હિત ત્યાં મજબૂતથયાં).

તા. ૩૦ બંગાળની કવયિત્રી તરુલતા દત્તનું અવસાન, ૧૮૭૭.



આ બંને માસની વ્યક્તિવિશેષ

મિશેલ ફેરાડે

જન્મ: ૨૨મી સપ્ટેમ્બર ૧૭૯૧

અવસાન: ૨૫મી ઑગસ્ટ ૧૮૬૭

વિજ્ઞાનના ક્ષેત્રમાં પોતે કરેલી શોધો અને સિદ્ધિઓ વડે જગતને તેના પ્રગતિમાર્ગમાં જેમણે લાંબી ફાળો ભરાવી છે એવી મહાન વિભૂતિઓમાં ગણાતા આ નમ્ર વિજ્ઞાનીનું નામ જગતને કદાચ બહુ જાણીતું નહિ હોય. પણ તેણે એવી ધરમૂળની પ્રાથમિક શોધો કરી છે કે જેને લીધે જ આજના વીજળી-યુગની હસ્તી છે. ભયંકર અને દુઃસાધ્ય ગણાતા વીજળી જેવા કુદરતી બળને ઔદ્યોગિક અને ઘરગથુ કાર્યોમાં ગુલામની જેમ જોતરનારી ડાયનેમોની શોધનો પાયો નાખનાર એ. ચુંબકબળોમાંથી વીજળીનો પ્રવાહ ઉત્પન્ન કરવાની તેની શોધ એ વિજ્ઞાનમાં નવા યુગનો ઉદય ગણાય છે. એ શોધને આધારે જ પાછળથી તેના અનુયાયીઓએ વીજળીક પ્રવાહનો અખંડ ઉત્પાદક ડાયનેમો શોધી કાઢ્યો. વીજળીક બળ, વિદ્યુત્-પ્રકાશ, ટેલીફોન, તાર અને બીનતારી પદ્ધતિ, એ સઘળી શોધોનો એ આદિ પિતા. તેની એ સિદ્ધિ જગતના ઇતિહાસમાં માનવજાતે પ્રાપ્ત કરેલી મહાન સિદ્ધિઓમાંની એક ગણાય છે; કેમકે તેનાં સુ-ફળ માનવતા યાવચ્ચંદ્ર દિવાકરો ખાધા જ કરવાની છે.

સપ્ટેમ્બર

આ માસનું નામ મૂળ રોમન કૅલેન્ડરમાં હતું તે જ કાયમ ચાલ્યું આવે છે, અને તેનો અર્થ થાય છે: 'સાતમો'; કેમકે જૂની વર્ષગણના માર્ચથી થતી તે ગણત્રીએ તેનો ક્રમ સાતમો આવતો. યુરોપમાં ખેતરના પાકની લણણી આ માસમાં થતી હોવાથી શાર્લમૅનના કૅલેન્ડરમાં તે 'હાર્વેસ્ટ મન્થ'ના નામથી ઓળખાતો. ઍંગ્લોસૅક્સનો તેને 'ગર્સ્ટ-મૉનાથ' એટલે કે ઉઘાડો મહિનો કહેતા તે પણ એ જ અર્થમાં; કેમકે લણણી થઈ જવાને લીધે આ માસમાં ખેતરો બધાં ખુલ્લાં થઈ જતાં.

તા. ૪ કર્નલ મૅન્સને અલીગઢ ઉપર હલ્લો કર્યો. ૧૮૦૩.

તા. ૬ અરબી સમુદ્રમાં ચાંચીગીરી કરનાર આંગ્રેને જેર કરવા મુંબાઈની કાઉન્સીલે રીતસરનું યુદ્ધ જાહેર કર્યું, ૧૭૨૦. (મુંબાઈ પાસેના નામચીન દરિયાઈ ચાંચીઆ)

તા. ૯ હિંદી સાહિત્યનો ઉત્કર્ષ સાધનાર ભારતેન્દુ હરિશ્ચન્દ્રનો જન્મ, ઈ. ૧૮૫૦.

તા. ૧૪ કલકત્તા અને મુંબાઈ વચ્ચે પહેલવહેલો ટેલીફોન વ્યવહાર શરૂ થયો,ઈ.૧૯૩૪

તા. ૧૮ રીઝાશાહ પહેલવીના ગાદીત્યાગ પછી તેનો શાહજાદો શાહપોર ૨૨ વરસની વયે ઈરાનની ગાદીએ બેઠો, ૧૯૪૧.

તા. ૨૨ મહાન વિદ્યુત્શાસ્ત્રી મિશેલ ફેરાડેનો જન્મ, ૧૭૯૧.

તા. ૨૪ ચીનમાં આંતરવિગ્રહ શરૂ થયો, ૧૯૨૪.

તા. ૩૦ હિંદુ સંસ્કૃતિના પ્રતીક સમા મહા વિદ્વાન અને સંતસમ ચારિત્ર્યવાળા જસ્ટીસ કાશીનાથ ત્ર્યંબક તેલંગનો જન્મ, ૧૮૫૦.

ઇંગ્લંડના એ મહાન રસાયનશાસ્ત્રી અને ભૌતિકશાસ્ત્રી મિશેલ ફેરાડેનો જન્મ ન્યૂઇંગ્ટનમાં ઈ. ૧૭૯૧ના સપ્ટેમ્બરની ૨૨મી તારીખે એક ગરીબ લુહારને ત્યાં થયો હતો. મૂળ યૉર્કશાયરનો વતની તેનો બાપ રોજી રળવા લંડન આવેલો. કપરી ગરીબીમાં ગાળેલા બાળપણમાં મિશેલ માત્ર થોડું લખતાં વાંચતાં ને કામચલાઉ ગણિત માંડ શીખ્યો હશે, ત્યાં તેને કુટુંબની સ્થિતિને કારણે ૧૩ વરસની કૂમળી વયે રોટલો રળવા નીકળવું પડયું, અને એક બુકસેલરને ત્યાં તે નોકરીએ રહ્યો. એક વરસ સુધી ત્યાં દુકાનની સાફસૂફી ને આંટાફેરામાં ગાળ્યા બાદ તેના શેઠે તેને ચોપડીઓ બાંધવાનું કામ સોંપ્યું. અહીં મળતી ફુરસદના વખતમાં તે બંધાવા આવતાં પુસ્તકો વાંચતો. વિજ્ઞાનને લગતાં—ખાસ કરીને રસાયણશાસ્ત્રને લગતાં પુસ્તકોમાં તેને બહુ રસ પડતો. તેનો શેઠ તેના પ્રત્યે માયાળુ ને ઉદાર હતો, અને વિજ્ઞાન ઉપર થતાં 'શિલિંગ લેક્ચર્સ' સાંભળવા તેને રજા આપતો. એવી રીતે, એકવખત કોઈ ઘરાકે તેને પ્રખ્યાત રસાયણશાસ્ત્રી સરહમ્ફ્રી ડેવી (જેણે કોલસાની ખાણના કારીગરોને સ્ફોટક ગૅસથી ચેતવે એવા દીવાની શોધ કરી છે તે)ના ભાષણમાં જવાની ટિકિટો મેળવી આપી. મિશેલે તે ભાષણો ખૂબ ધ્યાનપૂર્વક સાંભળ્યાં, એટલું જ નહિ, પણ તેની અક્ષરશઃનોંધ લીધી,વચ્ચેવચ્ચે તેનેલગતા પ્રયોગોની આકૃતિઓ પણ દોરી ને પછી એ નોંધ સર હમ્ફ્રી ઉપર મોકલીને સાથે, વિજ્ઞાનના ક્ષેત્રમાં કામ કરવાની પોતાની ઇચ્છા દર્શાવતો કાગળ પણ બીડયો. તેની નોંધો જોતાં જ પ્રસન્ન થઇને સર હમ્ફ્રીએ તેને અઠવાડિયાના ૨૫ શિલિંગના પગારે પોતાની સાથે જ, ઇંગ્લંડની મોટામાંમોટી નેવિખ્યાતપ્રયોગશાળા રૉયલ ઈન્સ્ટીટયૂટ ઑવ સાયન્સમાં,

પોતાના મદદનીશ તરીકે નીમ્યો. ફેરાડેની ઉમર એ વખતે ૨૨ વરસની હતી. તે દિવસથી જીવનપર્યંત એણે ત્યાં કામ કર્યું.

૧૮૧૩ના ઑક્ટોબરમાં સર હમ્ફ્રી ફ્રાન્સ, ઈટાલી અને સ્વિટ્ઝર્લૅંડની સફરે ગયા તેમાં ફેરાડેને મદદનીશ તરીકે તે સાથે લઇ ગયા; અને દેશદેશના વૈજ્ઞાનિકો તથા વિદ્વાનોની મુલાકાતથી ભરચક બે વરસની એ સફરમાં ફેરાડેએ રોજરોજની વિસ્તૃત અને ઉપયોગી રોજનીશી રાખી ખૂબ જ્ઞાનસંભાર ભેગો કર્યો.


સફરેથી પાછા આવ્યા બાદ તરત ૧૮૧૫ના મેની ૭મી તારીખથી રૉયલ ઇન્સ્ટીટ્યૂટમાં તેની કામગીરી કાયમ થઇ, અને તે દિવસથી તે લાગટ ચાળીસ વરસ સુધી ત્યાં ક્ષેત્રસ્થ થઈને તેણે જે સ્થિર ને પ્રતિભાવંતું કામ કર્યું તેની સિદ્ધિઓ ને શોધોએ વિજ્ઞાનને લોકભોગ્ય કરી જનહિતકારી કાર્યોમાં યોજવાનું મહદ કાર્ય કર્યું.


ઈન્સ્ટીટ્યૂટમાંની તેની કામગીરીના કાળના બે તબક્કા પડે છે. પહેલામાં તેણે રસાયણશાસ્ત્રમાં શોધો કરી. તેમાં તેણે ક્લોરીનનો ખાસ અભ્યાસ કર્યો. બે નવાં કાર્બનનાં ક્લોરાઈડ તેણે શોધી કાઢ્યાં. પણ આ ક્ષેત્રમાં તેની સૌથી મોટી શોધ તે તો લિક્વીફેક્શન ઑવ ગૅસિઝ—વાયુને પ્રવાહી રૂપ આપવાની શોધ. આ ઉપરાંત પારાની વરાળ બનાવવાની, પોલાદનાં તેમજ બીજાં ધાતુમિશ્રણોનાં પ્રમાણો શોધવાની, ચશ્માના સંખ્યાબંધ પ્રકારના કાચ બનાવવાની, બેન્ઝૉલની શોધની,—એ કામગીરીઓ તેની મુખ્ય છે. પણ બીજા તબક્કામાં થએલી ચુંબકત્વ અને તેના પ્રવાહોમાંથી વીજળી ઉત્પન્ન કરવાની તેની શોધોએ તો તેના રસાયણશાસ્ત્રના કામને ક્યાં યે ઢાંકી દીધું.

પ્રયોગશાળાનાં કામોમાં જેવી અદ્‌ભુત સિદ્ધિઓ તે સાધતો તેવી જ અદ્‌ભુત કામયાબી તેનાં ભાષણોમાં પણ તે મેળવતો. વિજ્ઞાનનાં ગૂઢ રહસ્યો તે એવી તો સરળ, વિશદ ભાષામાં શ્રોતાવર્ગને સમજાવી ગળે ઉતારતો કે સૌ મંત્રમુગ્ધ બની સાંભળી રહેતા.

સ્વભાવે મધુર, કામ કરવામાં અત્યંત ખડતલ અને બુદ્ધિના ઘણા જ નિર્મળ અને તેજસ્વી એ પુરુષે પોતાની શોધોના જે અપ્રતિમ વારસાથી જગતને નવાજ્યું છે તેનાં ફળરૂપ સુખ, સગવડ ને સમૃદ્ધિ આજે આખી દુનિયા માણી રહી છે; પરંતુ તેણે તો તેની આખી જિંદગી સાદાઈ, ને અવિરત કામમાં જ ગાળી હતી. ચાળીસ વરસની તેની એ અખંડ કામગીરીમાં તેણે ૧૬૦૦૦ ઉપરાંત પ્રયોગો કર્યા હતા; ને તેમાંથી નીકળેલા નવનીતે દુનિયાને જે જ્ઞાન અને જે ગિષ્ટફળ આપ્યાં છે તેને લીધે દુનિયા આજે તેને 'પ્રયોગશાળાના ફીલસૂફ'ના બિરદથી નવાજે છે.

એ સતત કામગીરીને અંતે સરકાર તરફથી તેને વાર્ષિક ૩૦૦ પૌંડનું પેન્શન, અને રાણી વિક્ટોરિયા તરફથી હૅમ્પ્ટનનાં લીલાં મેદાનો પર એક નાનકડું ઘર ભેટ મળ્યાં, જ્યાં ૧૮૬૫માં તેણે નિવૃત્તિ લીધી. એ છેલ્લાં વરસોમાં એની સ્મરણશક્તિ ધીમેધીમે નાશ પામતી ગઈ, અને બે વરસ બાદ, ૧૮૬૭ના ઑગસ્ટની ૨૫માએ તે અવસાન પામ્યો.





અવળા અક્ષરે લખેલું કાર્ડ

'કુમાર'ને શુભ ભાવનાઓ પાઠવતું ઉપરનું પોસ્ટકાર્ડ રાજકોટના ભાઈ જગદીશકુમાર ભટ્ટે, જેમ દેખાય છે તેજ રૂપમાં, અવળા અક્ષરે લખીને અમને મોકલ્યું હતું. આ રીતે અવળા અક્ષરે લખવાની એમની ટેવ ઘણા વખતથી છે; અને કેવળ ગુજરાતીમાં જ નહિ, પરંતુ અંગ્રેજી(જેનો નમૂનો પણ ઉપલા કાર્ડમાં છે) હિંદી અને સિંધી લિપિમાં પણ તે રોજની સ્વાભાવિક ગતિથી આમ અવળા અક્ષરે લખી શકે છે. ઉપરાંત, ગમ્મતને ખાતર, પોતાના મિત્રસમૂહમાં અવળી જોડણીથી પત્રવ્યવહાર પણ કરે છે; જેમકે: 'રોમાત ત્રપ ળ્યોમ.'='તમારો પત્ર મળ્યો.' અને તે પણ ચાલુ સ્વાભાવિક ઝડપથી. કુતૂહલ ઉપજાવનારી એમની આ શક્તિનો નમૂનો ઉપર અમે વાચકો આગળ રજૂ કરીએ છીએ. અરીસા સામે ધરીને તેને સવળા રૂપમાં જોવાથી ખાતરી થશે કે એમના અક્ષરોનો મરોડ પણ સુંદર જ છે, અને અવળા લખાએલા છતાં તે કાયમ રહ્યો છે.

અચલની પાતળમાં જરૂર
ભરી જશે ભોજન ભાગ્ય આવી

'સરોદ'

વાગનદાસ વસુ (મેજર બી.ડી.બાસુ) સરકારી લશ્કરી નોકરીમાં હતા તે વખતે એક વેળા શહેનશાહના જન્મદિનની ઉજવણીને દિવસે એમણે દારૂ પીવાની ના પાડી એ પરથી કોઇએ મેણું માર્યું કે સરકારી નોકર થઇને શહેનશાહને બેવફા નીવડો છો? ત્યારે એમણે જવાબ આપેલો કે 'લૂણ તો મારા દેશનું જ ખાઉં છું, ને તેને હું પૂરેપૂરો વફાદાર છું.'

અનેકાર્થી શબ્દ: **પટ**=લુગડું; શેતરંજ વગેરે રમવા માટે ખાનાં ચીતરેલું પાટિયું કે કપડું; પડદો; નદીની પહોળાઇ; વિસ્તાર; જમીનનો સાંકડો લાંબો પટ્ટો; ચીતરવા માટેનું પાટિયું કે કપડું—ફલક.

ગણિતગમ્મત: ૧૪૨૮૫૭ એ એવી રકમ છે કે જેને ૧ થી ૬ સુધીના કોઈ પણ અંકથી ગુણતાં એના એ જ આંકડાઓ ગમે ત્યાંથી શરૂ થઇને એ જ ક્રમમાં આવ્યા કરશે. જુઓ:

૧૪૨૮૫૭ × ૨ = ૨૮૫૭૧૪

૧૪૨૮૫૭ × ૩ = ૪૨૮૫૭૧

૧૪૨૮૫૭ × ૪ = ૫૭૧૪૨૮

૧૪૨૮૫૭ × ૫ = ૭૧૪૨૮૫

૧૪૨૮૫૭ × ૬ = ૮૫૭૧૪૨

પણ જ્યારે ૧૪૨૮૫૭ ને ૭ વડે ગુણશો ત્યારે ૯૯૯૯૯૯ આવશે!

(શીરાઝ ઈ. બીવજી)

કહેવતોના અર્થ: 'માલ ભલે લૂટી ગયા, ભરતિયું પાસે છે ને?'-મુદ્દાની વસ્તુ ગુમાવવા છતાં તેના નકામા અવશેષોને આગ્રહપૂર્વક વળગી રહેવાની મૂર્ખાઈ માટે વપરાતી આ કહેવત વિષે એવી વાત છે કે ગામડાના એક વેપારીએ દેશાવરથી ઊતરેલો માલ લઇ આવવા ગુમાસ્તાને ભરતિયું આપીને મોકલ્યો તે પ્રમાણે માલ બરાબર મેળવી લઇને પાછા વળતાં રસ્તામાં લૂટારાએ માલ લૂટી લીધો. એ વાત જાણતાં શેઠે ગુમાસ્તાને ઠપકો દેવા માંડ્યો કે તેં તરત વચ્ચે આવતા ગામમાં પોલીસને ખબર કેમ ન આપી? તે સાંભળી ગુમાસ્તો બોલ્યો, 'શેઠ, તમે નાહક ચિંતા કરો છો. એ માલ લઇને ચોરને આપણી પાસે પાછા આવ્યા વિના છૂટકો જ નથી; કેમકે માલનું ભરતિયું મારી પાસે છે ને? તેનો ભાવતાલ જાણ્યા વિના એ માલ વેચવાના હતા શી રીતે?' કહેવાની જરૂર નથી કે શેઠે એ અક્કલના પડીકાને તરત રજા આપી.

ઇરાનમાં તમે મોટરમાં મુસાફરી કરો તો તેનું ભાડું માઇલ પર નહિ, પણ ફર્સાંગ પર તમારે ચૂકવવું પડે. ફર્સાંગ એટલે એક કલાકમાં એક ખચ્ચર સામાન્યત: કાપે એટલું અંતર!

દુનિયામાં નાળિયેરોના ઉત્પાદન અને વપરાશમાં હિંદ સૌ પ્રથમ આવે છે.





ચપ્પુને કાટખૂણે ઉઘાડીને ચિત્રમાં દર્શાવેલો કોણ રચે તેમ પેન્સિલમાં ખોસીને પછી તમે એક જ આંગળીના ટેરવા પર પેન્સિલની અણી રાખી પેન્સિલ-ચપ્પુ બંનેને તોળી શકશો.

શેક કરવાની ગરમ પાણીની રબરની કોથળી—હૉટ વૉટર બૅગ—ને બેદરકારીથી એમ ને એમ મૂકી છાંડવાથી તેનાં બંને પડખાં ચોંટી જઇને કોથળી કાણી થઈ જશે. ઉપયોગ થઈ રહ્યે હમેશાં કોથળીમાંથી પાણી કાઢી નાખીને થોડીવાર નીતરવા માટે ઊંધી ટાંગી રાખવી, અને ત્યાર બાદ મોંએથી થોડી હવા અંદર ભરીને તેનો સ્ક્રુ સજ્જડ બંધ કરી દેવો એથી તેનાં પડખાં ચોંટશે નહિ.

કબાટના કાચ તથા અરીસા ઉપર માખીઓ બેસીને જે ડાઘ પડે છે. તે મેથીલેટેડ સ્પિરિટના પોતા વડે તે સાફ કરી કોરા લૂગડે લૂછવાથી ચકચકિત થઈ જશે; અને સ્પિરિટની વાસથી માખીઓ પણ નહિ આવે.

સોડા બાઈ કાર્બ અને વેસેલીનનો મલમ કરીને તૈયાર રાખવાથી દાઝવા ઉપર તરત કામ લાગશે. દઝાયું હોય ત્યાં જાડો જાડો થર તરત લગાડી દેવાથી ફોલ્લો ઉપડશે નહિ.





ચિત્રરમત: ટપાલમાં આવેલા નકામા પોસ્ટકાર્ડ ઉપર આ બંને ચિત્રો ચોડીને પછી તેજ ચપ્પુ કે રેઝરની બ્લેડ વડે મોટા ચિત્રમાં કરકરિયાળી લીટીથી બતાવેલા ગાળા કાપી કાઢો. ત્યારબાદ સસલાવાળા ચિત્રને ગોળાકારે કાપી તેની વચ્ચે તથા મોટા ચિત્ર વચ્ચે બતાવેલાં મીંડાંમાં કાણાં પાડો, હવે બંને કાણાં બરાબર મળી રહે એ રીતે સસલાવાળો ગોળ મોટા ચિત્રની પાછળ ગોઠવીને તેની વચ્ચે ધાતુ કે જાડા કાગળની ચપતરીને રીવેટની માફક બેસાડી દો, એટલે રમકડું તૈયાર થયું. પાછળના ગોળને ઝડપથી ફેરવવાથી તેમાંનાં સસલાં આગલા ચિત્રમાં ગાળામાંથી નીકળીને ભૂંગળામાં પેસનીકળ કરતાં જણાશે.


વિક્રમાદિત્યનાં નવ રત્નો

આલેખક : રવિશંકર રાવળ


મધ્ય ભારતની બે મહાન વિભૂતિઓએ સમસ્ત વિશ્વને શતાબ્દીઓથી જ નહિ, પણ સહસ્રાબ્દીથી આકર્ષ્યું છે. એ બે વિભૂતિઓ તે સમ્રાટ વિક્રમાદિત્ય અને કવિકુલભૂષણ કાલિદાસ. અને એ બંનેની સાથે અવંતી (ઉજ્જૈન) નગરીનું નામ પણ અભિન્ન બન્યું છે. સમ્રાટ વિક્રમાદિત્યના આશ્રયે ઉજ્જૈન અનેક પ્રતિભાઓનું વિકાસસ્થાન અને સરસ્વતીનું લીલામંદિર બન્યું હતું. ज्योतिर्विदाभरण નામના એક (પાછળ)



સમ્રાટ વિક્રમાદિત્ય



કવિકુલાવતંસ કાલિદાસ



જ્યોતિષાચાર્ય વરાહમિહિર



વિદુષી શંકુ



વૈયાકરણી વેતાળ ભટ્ટ

પ્રાચીન ગ્રંથમાં નીચે મુજબનો શ્લોક છે; અને તે પરથી વિક્રમની સભામાં નવ રત્નો ગણવામાં આવે છે. કાલિદાસ એ સર્વમાં શિરોમણિ હતા:

धन्वन्तरी क्षपणकामरसिंह शङ्कु
वेताळ भट्ट घटखर्पर कालिदासः
ख्यातो वराहमिहिरो कपते सभायां
रत्नानि वैवररुचिर्नव विक्रमस्य

(૧) ધન્વન્તરી–વૈદ્યપ્રવર; (૨) ક્ષપણક–બૌદ્ધ સાધુ; (૩) અમરસિંહ–જૈન પંડિત; (૪) શંકુ–સ્ત્રીવિદુષી; (૫) વેતાળ ભટ્ટ –વૈયાકરણી; (૬) ઘટખર્પર–વૈયાકરણી; (૭) કાલિદાસ–કવિકુલાવતંસ; (૮) વરરુચિ–બ્રહ્મર્ષિ નૈયાયિક; (૯) વરાહમિહિર જ્યોતિષ અને ખગોળવેત્તા મહર્ષિ.* જોકે ઇતિહાસનાં પ્રમાણોમાં હવે તો આ સર્વે જુદાજુદા સમયના ઠર્યાં છે; છતાં તેઓ ભારતની અપૂર્વ વિદ્યાવિભૂતિઓ હતી અને તેમનાં નામો ભૂતકાળની પ્રતિભાઓના આકાશમાં નક્ષત્રો સમાન ચમકી રહ્યાં છે એ તો નિર્વિવાદ છે. એ દૃષ્ટિએ પણ આજે વિક્રમની દ્વિસહસ્રાબ્દિ (બે હજાર વર્ષની જયંતી) પ્રસંગે એ નવ રત્નોનું દર્શન–સ્મરણ અનુચિત નહિ લેખાય. ર. મ. રા.

(*હિંદી માસિક 'વિક્રમ'ને આધારે)

(બાકીનાં પાંચ રત્નોનાં આલેખન આવતે અંકે)



જળધોધ [illegible]. ડી. પંચાલ